


# ગુણાતીત જ્યોત

જીવરૂપ દેહ પરબ્રહ્મમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.




વર્ષ ૫૨, અંક : ૧, તા.૨૧મી જાન્યુઆરી, ૨૦૨૨, સંવત - ૨૦૭૮ પોષ વદ - ૩, શુક્રવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામિશ્રીજી ૧૨ ૧/૯૭

ગુણાતીત સમાજના બધા
મુક્તો સુહૃદપુરુષોત્તમનામવાળા

નિરંતર પ્રાર્થના કરે રાખ્યા કરી-
અંતર્દૃષ્ટિ કર્યા કરતાં. ભગવાનનો મહિમા રૂપ
વિચાર ચાલે વર્તન ફરતાં થઈ જાશે. તથા
સ્વભાવ દોષ સહિત મનન પાકી દૃષ્ટિ તે
સાધનાના પ્રગતિની તથા સહાયકારકના
સ્વભાવ પડી જાય ધારણ થઈ જાય તે માટે
નિરંતર ધ્યાનસ્વરૂપ વિચારની જાગૃતિ
નિર્ભયપણું રાખજો. પળેપળ વિચાર ઉપર
ગણતરી મૂકીએ. ને બોલવામાં ને ધ્યાનમાં
ફેર કરશો. પોતપોતાના ગુરુ બની જાજો.
પોતાના માટે આવી રીતે સાધુતા દૃઢ રાખજો
ને બીજા બધાને માટે તેનો ઉપયોગ કરે છે
પૂજન તેને તો વરતાવે છે. નિર્દોષપણામાં જ દૃષ્ટિ
માનો-બીજાનો ભગવાનની દૃઢ રાખી
પળેપળ જાગૃતિ રાખી વરતાય.

પપ્પા.




# ગુણાતીત જ્યોત

જ્ઞાનરૂપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

**સંજીવની મંત્ર : ૧૦**

આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – પપ્પા



### શ્રીજી રસામૃત :–

...જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. ...તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક પરલોકમાં દ્રઢ મેળાપ રહે છે. (વચ.ગ.મ.૩૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

ઈંદ્રિયુ, અંતઃકરણ એ સર્વ કુસંગી છે. તે જે જે વિષયનો જોગ થાય તે તે રૂપ થઈ જાય. એવો જ એનો સ્વભાવ છે. એને ભગવાનના સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના એ સર્વે ગુણ આપે છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૧૦મી વાત)



### દિવ્યામૃત :–

આપણા માનેલા સત્યના માપદંડથી માપીને કોઈનું ય મૂલ્યાંકન કરવા જેવી ભૂલ્ય તમે કદીય ન કરશો. વણમાંગી સામાને સલાહ આપવી તે સામાનું અપમાન છે. આપણો અહમ્‌ભાવ છે. તેમાંથી મુક્ત થવા સંબંધનો મહિમા સમજી પ્રાર્થના કરીએ.

(તા.૨૩.૭.૧૯૮૫)

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| બ્ર.સ્વ.કાકાજીના સાક્ષાત્કારદિને... | ૫ |
| બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજની જયંતીએ... | ૬ |
| બ્ર.સ્વ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૭ |
| બ્ર.સ્વ.અક્ષરવિહારીસ્વામીજીના પ્રાગટ્યદિને... | ૮ |
| સત્સંગ સમાચાર... | ૯ થી... |



## પપ્પાજીની પરાવાણી...

આપણે સૌએ અલ્પ સંબંધવાળાને નિર્દોષ માની બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી છે. જો એકલા બ્રહ્મરૂપ થઈશું તો કૈવલ્યાર્થી થઈ જવાશે. તેમ એકલી ઉપાસના હશે તોય કોક રાગેયુક્ત કશાકમાં જોડાઈ જઈશું ને અક્ષરધામનું સુખ નહીં આવે. એટલે આત્માથી પ્રભુના થઈ ગુરુમુખી, ઠરાવરહિત જીવન જીવીએ. તનથી, મનથી ને આત્માથી એમના અભિપ્રાયની જ ભક્તિ કરવી છે. કારણ આપણે કૈવલ્યાર્થી નથી રહેવું. આપણને જે પ્રાપ્તિ થઈ છે એનો જે જે સબંધવાળા જ્યાં જ્યાં છે ત્યાં તેમને સંદેશો પહોંચાડવો છે કે જોગી જેવી એક દિવ્ય વિભૂતિ હતી. જોગીમહારાજે આપણું જતન કરતા જીવનમંત્ર આપ્યો છે કે, સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લ્યો, પોઝીટીવ વિચારો. નિર્દોષભાવ રાખો. ખમો, નમો ને પ્રભુને તેમજ સૌને ગમો. કોઈની કરણી જોયા વિના સૌને જીવનમુક્ત માની છતીદેહે અક્ષરધામનું સુખ ભોગવતા થઈ જાવ.

પ્રથમ તો આપણે બીજાને ઉપદેશ આપ્યા વિના પોતાનું કરી લઈએ. હા, કોઈ મિત્રભાવ રાખી, ગરજુ થઈને પૂછે તો કહેવું પણ તેમાંય આગ્રહ ના રાખવો. કોઈ આપણી પ્રકૃતિ પ્રમાણે ના વર્તે તો ભગવાનનું કર્તવ્ય માનવું પણ તેમના પર આપણા વિચાર લાદવા નહીં. બસ નિર્દોષબુદ્ધિ રાખીને આપણે પ્રભુની આવી સેવા કરવી છે. દેહથી ગઢ ઉથામી કાઢીએ પણ મનથી કચકચ હોય, 'સ્વ'નો ભાવ હોય તો તેનો કોઈ અર્થ નથી. માટે મોટામાં મોટી સેવા કે સૌમાં નિર્દોષબુદ્ધિ રાખવી તે છે. ઢગલાબંધ એવા ગુણાતીતભાવમાં રહેતાં સ્વરૂપો મળી ગયા. બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબેન, પદુબેન... કોના નામ બોલીએ ને કોના ના બોલીએ ? બધાં પ્રભુને કર્તાહર્તા માની વર્તે છે. ને જે જે સંબંધમાં આવે છે તેને વર્તાવે છે. એ પરબ્રહ્મની ઉપાસના. જ્ઞાનનું જ્ઞાન ને સારનો સાર એટલો જ છે કે, સૌનો મહિમા વિચારો, નિર્દોષબુદ્ધિ રાખો કારણ સંબંધવાળો છે ને ! સૌના ચાર્ટ પ્રભુએ દોર્યા છે તેમ સૌ વર્તે છે. માટે કાર્યકારણમાં પડશો જ નહીં. આવું કરીશું તો અખંડ સુખ આવ્યા જ કરશે.

બસ પ્રાપ્તિનો કેફ રાખવો છે. મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં ટકવું નથી. ને આ સંદેશો બીજાને પહોંચાડવો છે. આપણે જીવીશું તો પામીશું. ને અક્ષરધામનું સુખ આવશે. વાત કોઈ નવી નથી. એકની એક જ છે. પણ કરી કરીને આટલું જ કરવાનું છે. આજ કરો કે કાલ પણ કર્યે જ છૂટકો છે. તો અત્યારે સમો છે કરી લઈએ. ત્યાગી–ગૃહીનો કોઈ મેળ નથી. તો ડોબુ ખાઈને ડફોળ ના બનીએ. સરસ આચારસંહિતા આપી છે. ગુરુઓ સરસ માર્ગદર્શન આપે છે. તો તે ઝીલીને વર્તન બનાવીશું તો સુખ આપણને જ આવવાનું છે. બધા જ ગુરુઓને એક જ તાન છે કે સૌ સુખિયા થાય તે માટે આટલો દાખડો કરે છે. તો સૌને સંબંધ જોઈ મહિમાથી સ્વધર્મેયુકત જીવવાનું બળ મળે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

(તા.૨૩.૯.૧૯૮૫)



## ૩જી ફેબ્રુઆરી : બ્ર.સ્વ.કાકાજીના સાક્ષાત્કારદિને...

સ્વામિનારાયણ ભગવાને જીવને બ્રહ્મરૂપ કરવા પોતાની સર્વોપરિતાને ઓળખાવી તેમના દિવ્ય કાર્યનું દર્શન કરાવ્યું. તેમ સાધુતાનું સ્વરૂપ એવા શ્રી યોગીજીમહારાજને શ્રી કાકાજીએ શૂરવીરતાથી, છતરાયા કર્યા કે, આ જોગી સામાન્ય સાધુ નથી. આ તો પ્રગટ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ છે. એ ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૨નો આધ્યાત્મિક સુવર્ણદિન. કાકાજીને એ દિને યોગીજીમહારાજે સાક્ષાત્કાર કરાવ્યો અને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું... એ યોગીજીમહારાજનો બ્રહ્મપ્રકાશ કાકાજીએ ઝીલ્યો ને પોતાના રોમરોમમાં ઉતાર્યો. એ પ્રારંભની ઘડીથી જ જોરશોરથી પ્રસારણ કર્યું કે – 'જોગી ભગવાન છે... જોગી ભગવાન છે...'


કાકાજીને થયું કે, 'અહોહો ! આ પ્રાપ્તિ !' એ પ્રાપ્તિની સભરતાની સમાધિમાં 'મૈં કિસકી ઘરવાલી હૂં ?' એનો કેફ અખંડિત રહ્યો. જે એમના વિચાર, વાણી, વર્તનમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી રહ્યો ને સંબંધમાં આવેલા સૌને તેવા કેફમાં જીવતા કર્યા. જે એમનું પ્રત્યેક પળનું જીવન બની ગયું. કાકાજીને પારખીને પોતાના ભવ્ય સંકલ્પમાં, અગ્રીમ સ્થાન આપી, પાયામાં પૂરનાર જોગી કેવા આર્ષદ્રષ્ટા !

કાકાજીએ આખા સત્સંગ સમાજમાં ઉપાસનાના ઢાંચાને બદલી નાખ્યો. પોતાની સમગ્ર તાકાત પ્રભુના કાર્યમાં લગાડી. બ્રહ્મનિયંત્રિત આ સમાજ છે. ને એના સંચાલક આ બાપા જ છે. એવું એમણે બધાને મનાવ્યું. સુહૃદભાવ ને નિર્દોષબુદ્ધિ એ યોગીબાપાની જ્ઞાનગંગાના નીરને પચાવ્યું. વર્તનમાં ઉતારી પ્રસંગે એ અનુસાર વર્તીને કાકાજીએ આપણને ઘણું શીખવ્યું છે.

એમણે માહાત્મ્યભરી કથાવાર્તાના પ્રચંડ પ્રવાહમાં આપણા દેહભાવ ધોઈ નાખી, બાપાને યથાર્થ ઓળખાવ્યા. ને માહાત્મ્યેયુક્ત સેવાના રાહે ચડાવી, બાપાનો રાજીપો લેતા શીખવ્યું. કાકાજીના જીવન પ્રસંગો પરથી ખ્યાલ આવે છે કે તેઓ પોતાના 'સ્વ'નો સદંતર પ્રલય કરી જોગીમાં સંપૂર્ણ લય થઈ ગયા. ને વચ.ગ.મ.૨૧ પ્રમાણે પ્રત્યક્ષ સ્વરૂપને માનીને, મન–કર્મ–વચને સેવી લેવાની વાત પ્રવર્તાવી.

આમ કાકાજીને જે સ્વરૂપ અનુભૂતિ થઈ ને અક્ષરધામના સુખને અનુભવ્યું તે સુખના કેવળ પોતે એકલા જ ભોક્તા ના રહ્યા, અપાર ભીડો વેઠીને, સૌને પ્રેમમાં તરબોળ કરીને સંબંધમાં જે–જે આવ્યા તે સૌને તે સનાતન સુખની લ્હાણી કરી. આમ જોગી મહારાજની આત્યંતિક કલ્યાણ યોજનાના ભાગીદાર બની, અનંતને પણ એ માર્ગે પ્રયાણ કરાવી સુખિયા કર્યા છે.

કાકાજી કહેતા કે, સાક્ષાત્કાર એટલે સમગ્ર સત્સંગ દિવ્ય ને ચૈતન્યસ્વરૂપ દેખાય તે. દ્રષ્ટા, દ્રશ્ય ને દર્શન એકરૂપ થઈ જાય તે. મહિમાથી સેવા કરીએ ને ગુણગાન ગાઈએ તે. તો આપણા સૌનું આવું દિવ્ય જીવન બની રહે એ જ કાકાજીના સાક્ષાત્કાર દિને ગુરુહરિ પપ્પાજી–કાકાજી અને સ્વરૂપોના ચરણે પ્રાર્થના.



## બ્ર.સ્વ. શાસ્ત્રીજીમહારાજની જન્મજયંતીએ...

શ્રીજીમહારાજે પૃથ્વી પર અવતરણ કરી, જીવોના આત્યંતિક કલ્યાણ માટે એકાંતિક ધર્મ સ્થાપિત કર્યો. અને એવા એકાંતિક ૫૦૦ પરમહંસો પણ પોતાની સાથે લાવ્યા ને પોતાના સાક્ષાત્ સંબંધવાળા એકાંતિક સત્પુરુષોને, આશ્રિતોના કલ્યાણને અર્થે પૃથ્વી પર મૂકતા ગયા છે. ને તેવા સત્પુરુષોનો આપણને યોગ મળી ગયો છે.

વસંત પંચમીએ જે સત્પુરુષે આ ધરાને પાવન કરી એવા બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનું યુગકાર્ય કરી, અનેક મુમુક્ષુ ભક્તોના હૃદયમાં યુગલ ઉપાસનાની વસંત ખીલવી, અક્ષરધામનાં સુખ, શાંતિ, આનંદ બક્ષ્યા છે એવા બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજને હૃદયથી અનંત વંદના. સ્વામીશ્રીએ ઉપાસના અને સંત મહિમાની વાતો સમજાવી છે તેનું મનન-ચિંતન કરીએ.

★ આપણું શ્રેય તો સહજાનંદસ્વામી પૂર્ણ પુરુષોત્તમ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ એ સમજવામાં છે. ઉપાસના ચોખ્ખી સમજાશે ત્યારે જ બ્રહ્મની સ્થિતિનો દેહ બંધાશે. જે આજ્ઞા-વચનમાં દ્રઢ વર્તે છે તે જ સાચો ઉપાસક અને નિષ્ઠાવાળો છે. મહારાજ પુરુષોત્તમ અને સ્વામી અક્ષર એટલી વાત જેને સમજાણી તેને સર્વ સાધનનો અંત આવી ગયો જાણવો. મહારાજે વચનામૃતમાં ઠેર-ઠેર કહ્યું છે કે, ભગવાન અને ભગવાનના સંતની પ્રાપ્તિ એ જ પરમ કલ્યાણ છે.

★ ભગવાનના પ્રગટ સ્વરૂપનું ધ્યાન, ભજન કરવાથી આત્મા દેખાય છે ને સ્વરૂપને વિશે દિવ્યભાવ દ્રઢ થાય છે.

★ જ્યારે પ્રગટ સ્વરૂપ પૃથ્વી પર હોય ત્યારે તેમને ઓળખીને, તેમની મન, કર્મ, વચને સેવા કરી લેવી એમાં જ જીવનું પરમ કલ્યાણ છે.

★ મહારાજે મોક્ષનું દ્વાર સંતને કહ્યા છે. માટે પ્રગટને વિશે પ્રતીતિ આવે તો દોડાદોડી કરવાની મટી જાય.

★ મોટા પુરુષનો સંગ નિરંતર કરવો. તેમની વાતોથી કારણ શરીરનો નાશ થાય છે. તેમના સમાગમથી અવયવ ફરી જાય છે.

★ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યેસહિત ભક્તિ જે સંતમાં છે તેમને અને ભગવાનને અણુ જેટલું પણ છેટું નથી.

માટે આવા સંતને ઓળખી તેમનું શરણું લેવાથી ભગવાનનું સ્વરૂપ ઓળખાય છે ને માયાનું આવરણ ટળી જાય છે. માટે આવા સંતનો સમાગમ અહોનિશ કરવો.

★ જ્ઞાન શું ? તો પોતાના કલ્યાણને અર્થે ઉપાય કરવો તે. પોતે પોતાના ગુરુ થઈ, ઈન્દ્રિયો, અંતઃકરણને પોતાને વશ વર્તાવે ને કલ્યાણની ઈચ્છા રાખી સત્પુરુષનો સમાગમ નિરંતર રાખે તેનું કલ્યાણ જરૂર થાય જ.

અક્ષરધામના સુખનો આવો સરળ રાહ બતાવનાર શ્રી શાસ્ત્રીજીમહારાજને તેમના પ્રાગટ્યદિન વસંત પંચમીએ અનંત વંદન છે.




## બ્ર.સ્વ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિને...

શ્રીજી સંકલ્પને ઝીલનાર યોગીજી મહારાજ અને એ સંકલ્પને સાકાર કરનાર પપ્પાજીનું અજોડ ને અદ્વિતીય પાત્ર એટલે જ તારાબેન. તારાબેનનો ૬૯મો સ્વરૂપાનુભૂતિદિન આવી રહ્યો છે તો આજે એમના જીવનમાં ડોકિયું કરીએ.

તારાબેનના સમગ્ર જીવનમાં 'હાજી ભલા સાધુ...' એ ભજન વણાયેલું હોય તેવું દ્રશ્યમાન થાય છે. નાનપણથી જ તારાબેનમાં ત્યાગની ભાવના જોવા મળતી. સારું ખાવાનું, સારાં વસ્ત્રો કે સારી ચીજવસ્તુ નાની બહેન જ્યોતિ વાપરે તેમાં તે રાજી થાય. તો નાનપણમાં બહેનપણીઓ સાથે મોજમજા કરવાનો સમય હતો ત્યારે બા શાસ્ત્રીજીમહારાજની વાત કરે તેમાં રસ પડે. શાળામાં શિક્ષાપત્રી ને સ્વામીની વાતુ લઈ જાય ને રીસેસમાં તેનું વાંચન કરે. ઠાકોરજીની આરતી, પૂજા કરવામાં જ આનંદ આવે. આમ નાનપણથી જ મન પ્રભુમાં જ રહેતું હતું. એ જ રીતે અક્ષરધામમાંથી કાકાશ્રીએ લખેલા પત્રમાં પોતાનું નામ ન આવતા, ઘરમાં બધા સાથે રહેવા છતાં પણ અંતરથી જોગી મહારાજની મૂર્તિમાં તાર જોડ્યો ને પ્રાર્થના-ભજનથી તેમના સ્વરૂપ બાબુભાઈને આફ્રિકામાં હલાવ્યા ને બાબુભાઈ જોગી કાર્યનો દોર સંભાળવા ભારત આવવા તૈયાર થયા. તો આવી પ્રાર્થના કરવાનું કોણે સૂઝાડ્યું? આ તો તારાબેનની અંતઃસ્ફુરણા જ હતી ને ! એટલે જ કહેવાય કે તારાબેન અનાદિનું સ્વરૂપ જ છે. એ જ રીતે દીદી તારદેવ પધાર્યા ને અંતરથી તારાબેને ભજન કર્યું ને અંતરમાં સૂઝ પડી ગઈ કે હંસા સાથે એકતા કરી લે ! ત્યારે કોનો સમાગમ ? કોની કથાવાર્તા ? આ પણ તારાબેનની અંતઃસ્ફુરણા જ હતી ને !

પપ્પાજીનું સૌ પ્રથમ ચૈતન્ય ને તેમનો સૌ પ્રથમ દ્રષ્ટા પણ સ્થપાયો હતો. અલખની વાટ ખોલનાર તારાબેને સૌ સાધકોને પોતામાં સમાવ્યા, સૌને પપ્પાજીનો મહિમા સમજાવ્યો. આધ્યાત્મિક માર્ગે આંગળી પકડીને ચલાવ્યા. ગુણગ્રાહી દ્રષ્ટિ આપી. પ્રાર્થના ભજનથી સૌનું જતન કર્યું. હરેક સાધકને પપ્પાજીનું જ સ્વરૂપ છે તેવું માન્યું. તો નાનામાં નાની સેવામાં પરમપદ માન્યું. ડેકોરેશનમાં ટાંકણી આપવાની ય સેવા કરી. ખરેખર એ જ સેવા કરી હશે કે ડેકોરેશન કરનાર બહેનો માટે પ્રાર્થનાનો પ્રવાહ વહેવડાવ્યો હશે? એ જ રીતે કેરીનો રસ કાઢવાનો હોય તે વખતે બધી જ કેરી તારાબેન ચાખે. ત્યારે તેમના અંતરની પ્રાર્થના વહેતી જ હશે ને કે જે રસ જમે તે નિઃસ્વાદી થાય. સાથે માખી ઉડાડવાની સેવા પણ કરતા ને સાધકોના મનના અવળા વિચારોને પણ પ્રાર્થના દ્વારા ઊડાડતા હશે ને ! 'હેં ! શું ? ખરું ને !' એમ કરીને સાધકોના મોળા ને અવળા વિચારોને ખોટા કરી દિવ્યભાવ દ્રઢ કરાવતા જ હશે ને ! તારાબેન પોતાના ખડખડાટ હાસ્યથી સાધકોના દેવતાનો અવાજ બંધ કરી દેતા હશે ને ! આમ તેમની પ્રાર્થનાથી જ સાધકો સાધન કર્યા વગર પ્રગતિને પંથે દોડી રહ્યા છે તેમ દોડતાં જ રહે તેવી તારાબેનના ચરણે પ્રાર્થના.



## બ્ર.સ્વ.અક્ષરવિહારી સ્વામીજીના પ્રાગટ્યદિને...

૧૫મી ફેબ્રુઆરી એટલે બ્ર.સ્વ.અક્ષરવિહારી સ્વામીજીનો પ્રાગટ્યદિન. શ્રી યોગીજીમહારાજના રુચિ રહસ્ય સમજીને વર્ત્યા ને યોગમાં આવનાર સૌને એ માર્ગે વાળી, સંબંધનો મહિમા પ્રસરાવ્યો છે. ચૈતન્યોને પ્રગતિના પંથે આગળ વધારી, અક્ષરધામના સુખ, શાંતિ લેતા કર્યા છે એવા સ્વામીજીની પરાવાણીનું મનન ચિંતન કરીએ

બ્રહ્મનો ગુણ છે આનંદ. અખંડ આનંદમાં નથી રહેતા ત્યાં સુધી આપણે બ્રહ્મરૂપ નથી. સમતા રહે નહીં, સાચા-ખોટામાં પડી જવાય તે નોંધવું. કંઈપણ અજુગતું લાગે તો તટસ્થ થઈ ભજન કરીએ ને પ્રભુની લીલા છે તેમ મનાય ત્યાં સુધી ભજન ચાલુ રાખીએ. પ્રભુનું કામ જ છે કે, આપણને સમતામાં રહેતા કરવા. તે માટે તે પ્રસંગો યોજી પરીક્ષા લેશે જ. આપણે જાગ્રત રહીશું તો નોંધાશે કે, મારો ફ્યુઝ ઉડે છે કે નહીં તે જોવા જ પ્રભુ પરીક્ષારૂપે પ્રસંગ મૂકે છે. એટલે નોંધવું કે ક્યાં દેહભાવ નડે છે ? આળસ, પ્રમાદ કે ગાફલાઈ રહે છે ? જો તેમ રહેતું હોય તો ત્યાં લડાઈ લઈએ. પ્રભુ પાસે બળ માંગીએ કે, મને આમાંથી ઉગારો, ખૂબ બળ આપજો. પ્રભુ ને ગુરુ ખૂબ દયાળુ છે. સૂર્ય ઉગે ને અંધારું જતું રહે તેમ એમની દ્રષ્ટિ પડતાં દોષ ટળી જશે. જાણપણું હશે તો જ ભજન થશે. પ્રસંગ લાગે કે તરત જ મહારાજ, મહારાજ... સ્વામી સ્વામી... એમ અંતરથી રટણ શરૂ કરી દેવું. જે કંઈ થાય છે તે બધું ભગવાન કરે છે. મારો આનંદ ના રહ્યો એ મારો દોષ. માટે મારે જે-તે પ્રકારે આનંદમાં આવી જવું છે. તે દ્રઢતાથી મંડીશું તો પાર પડી જવાશે.

ખરેખર આપણાથી કશું જ થઈ શકે તેમ નથી. ક્યાં જીવ ને ક્યાં જગદીશ ! ને ક્યાં બ્રહ્મરૂપ થવાની વાત! તેમાં મહારાજની, સ્વરૂપોની કૃપા થાય તો જ થાય. એટલે આપણે તેમનું બળ લઈને મંડવું છે.

એકવાર પપ્પાજીએ કહ્યું હતું કે, 'આપણે કોઈ દિવસ નારાયણ ના બનવું. નારાયણને નારાયણનું કામ કરવા દેવું. આપણે તો સેવક બની જેમ કહે તેમ કર્યા કરવું એટલે કોઈ પ્રશ્ન જ ના રહે. બાકી બધું જ જોવાનું, વિચારવાનું કામ ગુરુહરિનું છે. એમાં આપણે ના પડીએ. કોઈનું જોઈએ નહીં. કાર્યકારણમાં પડીએ નહીં. આપણે સંબંધવાળાને જેવા માનીશું તેવા થઈશું. એટલે સત્પુરુષોના વચન છે કે કોઈના આકાર ના જુઓ, કેવળ સંબંધ જ જુઓ. તે પ્રમાણે આપણે જીવવું જ છે. કંઈ બને તો પ્રભુને ઉપાયભૂત કરીએ. બસ આપણે આપણું પોતાનું જ કરી લેવું છે. એવું દ્રષ્ટિબિંદુ રાખીને જીવીએ. આપણે અબુધ ભૂલકું બનીને જીવવું. આમ જીવીશું તો વહેલામાં વહેલી તકે પૂર્ણાહુતિ થઈ જશે. બસ કેવળ તુંહી તુંહી કર્યા કરીએ. તે સિવાય બીજું કંઈ જ કરવું નથી. દેવતાઓની મહોબત રાખ્યા વિના, પ્રકૃતિ પુરુષ, સ્વભાવથી પર જઈને આજ્ઞા પાળી લઈએ તો સુખ સુખ ને સુખ જ છે. તો પ્રાપ્તિના કેફમાં રહી તેમનું બળ લઈ સુખ, શાંતિ, આનંદથી ધ્યેય સિદ્ધ કરીએ એ જ સ્વામીજીના પ્રાગટ્યદિને પ્રાર્થના.




## સત્સંગ સમાચાર

### તા.૨૫.૧૨.૨૦૨૧ :
### ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યદિન :
### પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની ઉજવણી
### સંતો અને વ્રતધારી ભાઈઓની સભામાં...



શ્રીજી મહારાજના એકાંતિક ધર્મની પરંપરાના પાંચમા વારસદાર ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૦૫મા પ્રાગટ્યપર્વે, ભક્તોના હૃદયભાવોની અનેક કસોટી પછી પણ કોઈના ભાવો કોરા ના રહ્યા. લોકડાઉનના સમય દરમ્યાન ઓનલાઈન ઉજવણીઓ થતી રહી ને કરૂણાનિધાનની કિરપાએ ઘરોઘર સ્વયમ્ પ્રભુ પ્રત્યક્ષ હાજરી આપી રહ્યા હોય તેમ સહુએ ઘરમંદિરોમાં પ્રભુના સ્વાગતભાવ અને માહાત્મ્યના ભાવો વહેતા મૂકેલા.



એકવીસની સાલમાં જે એક વીશ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ ઉજવવાની ધખણા ધરી હતી તે સામે પ્રભુએ જોયું. પ્રથમ પ્રભુ પછી પગલું ભરતા સૌએ ધૂન કરી. હાલના સંજોગો અનુસાર ગુણાતીત જ્યોતમાં પ.પૂ.દીદી અને આયોજકોની મિટીંગમાં પ્રભુએ પ્રેરણા કરી કે ૪૦૦થી વધુ ભેગા ન થવું તે સરકારશ્રીના કોવીડ-૧૯ના નિયમ અનુસાર નક્કી કર્યું કે, આ વખતે ગુણાતીત સમાજના સર્વ કેન્દ્રોના ત્યાગી સંતો, વ્રતધારી યુવકો, સહિષ્ણુ સાધકો અને વ્રતધારી સર્વ સાધક બહેનોને આમંત્રણ આપી આપણે ગુરુહરિ પપ્પાજી મહારાજનો આ ઉત્સવ ઉજવીએ ને સૌ સ્વરૂપોના આશિષ પ્રાપ્ત કરીએ. ઠંડી, વરસાદ, વાવાઝોડાની આગાહીઓ સામે એક દિવ્ય પ્રેરણા સ્ત્રોત સમો શક્તિનો સંકલ્પ વહાવતા નક્કી થયું જે કંઈ વિઘ્ન છે તેના કર્તાહર્તા મહારાજ છે. જે કંઈ થવાનું હશે તે આગળપાછળ થશે પણ આપણે આ રીતે ઉજવવાની તૈયારીના ગણેશ માંડો. પ્રભુ ભળશે જ ને બધું કરાવી જશે. ને ખરેખર એવું જ કુદરતી વાતાવરણમાં બન્યું. ઉત્સવ ઉજવતાં પહેલા અને પછી ઠંડી ને વરસાદ પડ્યા. ખૂબ જ ઓછા સમયમાં સ્થાન પસંદ થયું 'પપ્પાજી તીર્થ'. આ પ્રેરણા આશિષ ઝીલી સેવાયજ્ઞનો દિવ્ય જોશથી આરંભ કર્યો અને મોટેરાં સ્વરૂપોએ મહાપૂજા, ભજનની ધૂણી ધખાવી. જેના ભાગે જે સેવા આવી તે સેવામાં સૌ ઓતપ્રોત હતા. સૌ ગુણાતીત સૌરભના તેમજ સંબંધવાળા હરિભક્તોએ પણ આ નિર્ણયને મહિમાથી સ્વીકાર્યો. દિવ્યભાવે આવકાર્યો ને ગરજુ થઈ જ્યાં જેવી મદદ કરવાની થઈ તે કરી તે બદલ અમે સૌ એમના આભારી છીએ. સૌ કેન્દ્રોના ગુણાતીત સ્વરૂપોને આમંત્રણ અપાયા. અને એ સર્વ સ્વરૂપોએ સ્વીકાર કર્યો. અને અંતરમાં અનુભવાયું કે આ સર્વ સ્વરૂપોમાં રહી પપ્પાજી જ આપણો ભાવ ઝીલી રહ્યા છે. અને સર્વ તૈયારીઓમાં સૌ મંડી પડ્યા.

પ.પૂ.દીદીએ એક આદેશ આપ્યો કે આપણે માહાત્મ્યસભર આનંદ કરવો ને કરાવવો છે. સાથે એક ધ્યેય રાખવું છે કે, આ ઉત્સવ ઉજવણી માટેનો જ નથી પણ મારું કર્તવ્ય હવે શું છે ? એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનું છે. એનું જાણપણું રહે તેના આશીર્વાદ લેવાનો છે. ને તે લક્ષમાં રાખીને સર્વ તૈયારીઓ થઈ ને આ સંકલ્પના પ્રકાશે આવી ગયો તા. ૨૫.૧૨.૨૧ અને તા.૨૬.૧૨.૨૧નો ગુરુહરિ પપ્પાજી સ્મૃતિ સૌરભનો

સાકાર ઉત્સવ. તો ચાલો આ ઉત્સવ ઉજવણીની સ્મૃતિઓને માણીએ.

પ્રભુકૃપા તીર્થ આંગણે ઉત્સવચિહ્નનું બેનર અને રંગોળી સાથે પ્રવેશદ્વારે ચિદાકાશની રોશની ઝળહળતી હોય તેવા આવકાર સાથે મધ્યસ્થ હોલમાં ગુરુહરિ પપ્પાજી મહારાજના રવિરાજના તેજભર્યા દર્શન થઈ રહ્યા હતા. નિત્ય આસને ટમકતા તારલાઓના સુશોભનમાં સૌને દર્શનદાન દેતાં હતાં ને મંદિરના સ્વરૂપો સૌને એ તરફ પ્રીતિ વધારી રહ્યા હતા. નિજ નિવાસસ્થાનમાં અક્ષરધામની કેબીનેટ – સૌ ગુણાતીત સ્વરૂપો દર્શનદાન દઈ, ગુરુહરિ પપ્પાજીના આશિષ દેતી મૂર્તિમાં લય થવા પ્રેરણા આપી રહ્યા હતા. ત્યાંથી આગળ ગુણાતીત જ્યોતના યુગકાર્યના સ્વરૂપો સૌને બળ આપી રહ્યા હતા. પ્રભુકૃપા તીર્થની પરિક્રમા કરતા સૌ ગુણાતીત તીર્થધામે પધાર્યા. ત્યાં ગુણાતીત સમાજના સર્જકોના અસ્થિપુષ્પના દર્શન, પ્રદક્ષિણાએ સ્મૃતિ સૌરભને માણતા સૌ પ્રાર્થનાભાવ ધરી રહ્યા.





સેવા, સ્મૃતિ, નામરટણ સાથે 'પપ્પાજી તીર્થ'માં તા.૨૫મીના સમૈયાને સફળ કરવા ગુણાતીત પ્રકાશના સાધક ભાઈઓ ને ભક્તો ખૂબ જવાબદારીથી મંડી પડ્યા. બહેનો જ્યોતમાં ઓનલાઈન દર્શન માણવા તત્પર હતાં. ત્યાં પહોંચી ગયેલા ભક્તો તેમજ આમંત્રિત સ્વરૂપો સૌ પોતાના યથાસ્થાનેથી પપ્પાજી તીર્થ પર પધાર્યા. જ્યાં સૌનું પૂજન કરી ગુલાબનું પુષ્પ અર્પી સ્વાગતભાવ ધર્યો. ત્યારબાદ સૌએ શાશ્વત તીર્થ પર દર્શન, પ્રાર્થના, પ્રદક્ષિણા કરી ભક્તિભાવ ધર્યા. જ્યાં પથ પર પુષ્પોની સ્મૃતિ સૌરભમાં હૃદયભાવોની હારમાળા પગલે પગલે શોભી રહી હતી. એ ગુરુહરિ પપ્પાજીની શાશ્વતમૂર્તિના સાંનિધ્યે ગુણાતીત પ્રકાશના ભાઈઓએ ગુણાતીત સ્વરૂપો, સંત સ્વરૂપોને સત્કાર્યા.

ત્યારબાદ સૌ પપ્પાજીકુટિરમાં પધાર્યા અને અલ્પ પ્રસાદભાવ લઈ ભાવગોષ્ટિ કરતાં બિરાજ્યા.

આ સમય દરમ્યાન વિડિયો માધ્યમથી યોગીજીના સંકલ્પે કાકાજી, પપ્પાજી દિવ્ય બંધુઓના અપરિમિત પરિશ્રમે બહેનોના દિવ્ય કાર્ય સમી ગુણાતીત જ્યોત પ્રગટી. ને એ માતૃસંસ્થા વતી કાકાજી, પપ્પાજી અને સોનાબાના આધ્યાત્મિક યુગકાર્યના પરિણામે અનેક દીપ પ્રગટ્યા અને ઉદ્‌ભવ પામ્યો ગુણાતીત સમાજ. આ માતૃસંસ્થાનું ખાતમુહૂર્ત બ્ર.સ્વ.યોગીજીમહારાજે બ્ર.સ્વ.પ્રમુખસ્વામીજી તથા વડિલ હરિભક્તોની પ્રત્યક્ષ હાજરીમાં કરેલું. તે સમયે મળેલા આશીર્વાદ 'ગુણાતીત જ્ઞાનના સંદેશા દુનિયામાં અહીંથી ફેલાશે.' એ સ્મૃતિદર્શન સાથે હૈયું અનુભવી રહ્યું હતું કે આવા દિવ્ય કાર્ય માટે જ આ ગુરુહરિ પપ્પાજી મહારાજ આ પૃથ્વી પર પ્રગટ્યા !



ને તેમના ૧૦૫મા પ્રાગટ્યે ગુણાતીત સમાજના સર્વ કેન્દ્રોના સ્વરૂપો તથા સાધક સમૂહના માહાત્મ્યદર્શન માણવાનો ઉમંગ છલકાયો હતો.

ત્યારબાદ મિલનઘડી આવી ને ઉત્સવમંડપના આંગણે સ્વાગતયાત્રામાં પ્રથમ ગુરુહરિ પપ્પાજી બે અશ્વના, સુવર્ણ અને શ્વેત રંગી રથમાં ઠાકોરજી સાથે બિરાજમાન હતા. ૧૯૨૭માં ૧૧ વર્ષની ઉંમરે ધર્મજ ગામમાં લગ્નના વરઘોડામાં આવી બે ઘોડાની બગીમાં પપ્પાજી બિરાજ્યા હતા તેની સ્મૃતિ ૯૪ વર્ષે પાછી મળી. ત્યારબાદ ગુણાતીત સ્વરૂપોને





સુશોભિત ગાડીઓમાં બિરાજમાન કર્યા ને સ્વાગત યાત્રા શરૂ થઈ. આ સ્વાગતયાત્રાને સૌ અનિમેષ નયને નિહાળી રહ્યા હતા. સ્વાગતમાં ભજનના સૂર વહી રહ્યા કે **'હે આવ્યા આવ્યા તમે અહીં આજ, માનુ પધાર્યા સ્વયમ મહારાજ...'** પ.પૂ.હંસાદીદી રચિત ભાવવાહી રચનાએ સાક્ષાત અક્ષરધામનું દશ્ય ખડુ કરી દીધું. એ આનંદની રમઝટમાં અમદાવાદ, સુરત, વિદ્યાનગરના કલાકાર ભાઈઓએ મન મૂકી નાચીકૂદી સ્વાગત કર્યા. સ્વરૂપોની સ્વાગત ગાડીની આજુબાજુ સેવક ભાઈઓ ગુણાતીત સમાજના સર્વ કેન્દ્રોના ચિહ્ન ધારી પુષ્પવૃષ્ટિ કરતા સત્કારી રહ્યા હતા. અને દર્શકો કરતાલીઓથી વધાવી રહ્યા હતા. મંચ પાસે સ્વરૂપોએ શ્રોતાગણ સાથે આસન લીધા અને સભા સંચાલક પૂ.હેમંતભાઈએ કાર્યક્રમનો શુભારંભ કર્યો. ને સાથે સાથે નાની નાની સ્મૃતિ સૌરભને સાંસ્કૃતિક કાર્યક્રમની રીતે પ્રસ્તુત કરી તે માણીએ.



આજના આ ઉત્સવમાં ગુણાતીત સમાજના માત્ર ત્યાગી સંતો, વ્રતધારી સંત ભાઈઓ, વ્રતધારી સહિષ્ણુ ભાઈઓ, ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ, સેવક ભાઈઓના અદ્‌ભુત દર્શન થયાં. આવું 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવે' ગોઠવાય એ પ્રભુનું જ અદ્‌ભુત આયોજન તેવું અનુભવાયું. અંતરથી પ્રણામ છે પ્રભુને, ગુરુહરિ પપ્પાજીને, સ્વરૂપોને તેમ જ મોદી સરકારને !

આ ઉત્સવે અનેક સ્મૃતિઓની સૌરભને માણતાં શ્વેતલ બગીમાં ગુરુહરિ પપ્પાજી મહારાજને બિરાજમાન કરી સ્વાગત ભાવ ધર્યો. પપ્પાજી કહેતા કે, મારે તો આ યોગીસ્વરૂપોની સેવા જન્મોજન્મ જોઈએ છે. તે સ્મૃતિ સાથે પ્રત્યક્ષ યોગી સ્વરૂપોને પપ્પાજી સ્વરૂપો માનીને સદાય સત્કારતા રહીએ તે ભાવે સ્વરૂપોને સ્વાગત ભાવ ધરી ધન્યતા અનુભવી. આ સર્વ સ્મૃતિઓ અક્ષરધામનો આનંદ બની અમારા જીવનની પળેપળ ઉત્સવ બને. જન્મોજન્મ પ્રભુના કાર્યમાં ભળી રહીએ. તેમની વાસના એ જ ઉપાસના બને એવો અંતરનો ઉમંગ વધી રહ્યો છે ત્યારે આ લોકડાઉનના સમયમાં ભક્તોએ મહિમાની, વચનની સ્મૃતિઓ કરી હતી તે ભાવના સભા સંચાલક સમક્ષ રજુ કરવાની મંજૂરી માગી અને સંમતી મળતા.

સૌ પ્રથમ મંગલાચરણમાં ગુરુહરિ પપ્પાજીનો મહિમા દીદીએ જેમાં ગૂંથ્યો છે તે 'P.K.વાલા પરમાર્થી...' ભજનના સૂર સાથે વિદ્યાનગરના કલાકાર પૂ.અમીતભાઈ માવાણીએ અભિનય રજૂ કર્યો.

ભજન

હે... P.K.વાલા પરમાર્થી (૨)
પણ છે બહુ એ સ્વાર્થી
સ્થિતિ કરવા ગાયે ગુણ એને ઓળખી શકે કુણ
હે... કમળાબેન કહેશે મારો ધણી, (૨)
સોનાબા કહેશે મારો પુત્ર મણી
કમળાબા કહેશે મારો ભાઈ
પણ એને નથી કોઈની સગાઈ (૨)
હે છોકરા છોકરી કહેશે મારા પપ્પા (૨)
પણ એ માને છે ગપ્પે ગપ્પા
હે મારો થઈ જે જીવે એ મારો
એના લઉં યોગક્ષેમના ભારો (૩)
હસતો રમતો સૌ સંગાથે, પણ રહેતો હું હરિવર સાથે
અરે ઓળખવો જો હોય મને
તો પોકાર પહોંચાડ શ્રીજી કને (૨)
ઓર્ડર મળતા કાઢું હડી, પછી કોઈ મને શકે ન નડી
હે જીવમાં બેસુ ધગધગાટ,
પછી થાય નહીં કોઈ ડગમગાટ (૨)
પછી રહેવું પડે એક મારા થઈ (૨)
પછી રહો ગમે ત્યાં તમે જઈ
એની સાથે મને નથી નિસ્બત,
મારા હાથમાં તમારું છે કિસ્મત (૩)
હે... એ માટે બેફીકર થઈને ફરો (૨)
ખાલી પપ્પાજીનું સમરણ કરો.
હે... યોગીનું આપેલું છે એની પાસે
એ સૌને આપશે એ ખૂબ ઉલ્લાસે
એ સૌને આપશે એ ખુલ્લા હાથે
એ સૌને આપશે એ છૂટ્ટે હાથે
હે... P.K.વાલા પરમાર્થી
ઓ P.K.વાલા પરમાર્થી
એ છે ખરેખર નિઃસ્વાર્થી
હે... એને નહીં ગમે આ ગાણું, (૨)
પણ ટાણું જોઈ ગાયું છાનુંમાનું

ત્યારબાદ સુરતના કલાકારો પૂ.પરાગભાઈ પૂ.જીજ્ઞેશભાઈ અને ગ્રુપના ભાઈઓએ શ્રીજી મહારાજના સિદ્ધાંતની સંવાદનાટિકા ‘કોઈનું ય જોવું નહીં.’ એ મહારાજના વખતના ભક્તોની કસોટીમાં મહારાજે કેવી રક્ષા કરી તેનું દર્શન કરાવ્યું.

આજે ગુણાતીત સમાજમાં આ જ સિદ્ધાંતના સૂત્રધાર સ્વરૂપો પ.પૂ.કાકાજી, પ.પૂ.પપ્પાજીને પ.પૂ. સોનાબાએ સૌ ચૈતન્યોને માહાત્મ્યની ખેંચાખેંચમાં મૂકી દીધા. એવા સૌ સ્વરૂપોના મહિમાગાનમાં અમદાવાદ









મંડળના પૂ.ચિન્મયભાઈ, પૂ.ક્રિશભાઈના ગ્રુપે પ.પૂ.હંસાદીદી રચિત ભજન 'હે આવ્યા આવ્યા તમે અહીં આજ, માનુ પધાર્યા સ્વયમ મહારાજ...' પર રાસ કર્યો. અને એજ થનગનાટમાં નાના કિશોરમંડળના ભૂલકાઓએ



પૂ.હૃદયભાઈ, પૂ.જૈમિનભાઈના ગ્રુપના કલાકારોએ પ.પૂ.હંસાદીદી રચિત 'અરે ભવ્ય દિવ્ય પપ્પાજી...' ભજન પર આનંદનૃત્ય રજુ કર્યું. અને આનંદના ભાવોનો સ્વીકાર કરી સૌ સ્વરૂપો મંચસ્થ થયા.





સ્ટેજના સુશોભનમાં અંતરમાં વહી રહેલ ભાવરંગોની ઝલક તેઓને સ્વાગતી રહી હતી. એ જ ઉમંગમાં સ્વરૂપોને તેમજ વડીલ સંત સ્વરૂપોને ઉત્સવના બેજ અર્પણ થયા. બેજને ચાર પાંખાળા સમાજના પુષ્પોથી સજાવ્યો છે. એ પુષ્પોની પ્રાર્થના છે કે અમે ગુણાતીત બાગના પુષ્પો બની વર્તનથી સુવાસ પ્રસરાવીએ. સાથે સાથે







માળા છે જે સ્વરૂપોના પ્રાર્થના, જતનથી અમે ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્ય બની રહીએ તેવી પ્રાર્થનાના ભાવ સમાયેલા. ત્યારબાદ સ્વરૂપોને સ્વાગત પુષ્પહાર અર્પણ કર્યા. એમાં વિશેષપણે આપણા સાતેય પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોમાં અત્યારે પૃથ્વી પર સાહેબજી પ્રત્યક્ષ છે તેમજ આ સર્વ સ્વરૂપો પણ આપણી મોટી મૂડી છે. તેઓ નિરામય દીર્ઘાયુ બની શ્રીજી મહારાજનું, કાકાજી, પપ્પાજીનું કાર્ય કરે તે માટે જપયજ્ઞ કરી સ્મૃતિ સૌરભના મહિમાગાનનો પ્રારંભ થયો તે સંક્ષિપ્તમાં માણીએ.




**પ.પૂ.વિરેનભાઈ :** કોરોના કાળમાં આ ઉત્સવ કરવો કે નહીં તેમાં ખૂબ સરસ નિર્ણય લેવાયો કે, સાધકગણ ભેળા મળીને આ ઉત્સવ કરીએ ને આજે આપણે સૌ ભેગા મળીને માણી રહ્યા છીએ.



૧૯૬૬માં વિમુખ પ્રકરણ વખતે બાપાએ જે જબરજસ્ત પરીક્ષા મૂકી તેમાં પપ્પાજીએ કહ્યું કે, 'આપણને બાપાએ સ્વતંત્રતા આપી.' ને આ પ્રસંગના ચોથા જ દિવસે પપ્પાજીએ ૫૧ બહેનોને વ્રત આપ્યું એ તેમનું કેટલું બોલ્ડ સ્ટેપ હતું તેનું દર્શન થયું.

એકવાર પપ્પાજીને પૂછ્યું કે, 'પપ્પાજી ! તમે કોને વારસદાર બનાવશો ?' તો પપ્પાજી કહે, 'જે આશ્રિતનાં પ્રારબ્ધ પોતાને માથે લઈ, તેના દોષ વગેરે જોયા વિના કંઈપણ અપેક્ષા રાખ્યા વિના, એકપક્ષીય શ્રમ કરી તેને સુખિયો કરે એ મારો વારસદાર.'

તેવું જ એકવાર પ.પૂ.બેને પપ્પાજીને પ્રશ્ન પૂછ્યો કે, 'પપ્પાજી ! અમે કેવી રીતે તમારું ઋણ અદા કરી શકીએ?' તો પપ્પાજીએ કહ્યું કે, 'તમારી દ્રષ્ટિમાં આવેલાને તમે ગુણાતીત ભાવ પમાડો. ને તેમના થકી તે પણ તેના આશ્રિતને ગુણાતીતભાવ પમાડે તે ઋણ ચૂકવ્યું કહેવાય.'

તો અત્યારે આપણે જોઈએ તો જ્યોતમાં બહેનોમાં એવી પાંચ પાંચ પેઢી તૈયાર થઈ ગઈ. ને તે સૌ પપ્પાજીનું કાર્ય કરી, ઋણ અદા કરી રહ્યાં છે. ખરેખર પપ્પાજીની કૃપાથી આશ્રિત જીવો ફાવી ગયા. કારણ કાંઈ નહીં કરવાનું. બસ આશરો પકડી રાખવાનો. બધું તે તેમના સંકલ્પે જ કરવાના છે.

પપ્પાજી દેહે કરીને ૧૫ વર્ષથી આપણી પાસે નથી. પણ આખા સમાજમાંથી કોઈને એવું ફીલ થવા દીધું નથી કે પપ્પાજી નથી. પપ્પાજી દેહત્યાગ કર્યા પછી પૂર્ણ પ્રકાશે ખીલ્યા હોય તેવું દેખાય છે. પપ્પાજી જેવા લાડ-કોડ પૂરાં કરતા તેવું આ સ્વરૂપો થકી કાર્ય થઈ રહ્યું છે.

પપ્પાજીએ અમને ગુણાતીત પ્રકાશનું વ્રત આપ્યું. ખૂબ પ્રેમ કર્યો. બાહ્ય રીતે દેખાયું નહીં પણ અંતરમાં એટલા ઊંડા બેઠા કે અવિરત અંદરથી સુખિયા કરતા રહ્યા છે. અત્યારે આ બધા સ્વરૂપો થકી અદ્ભુત કાર્ય ચાલી રહ્યું છે. તેવું જ ભાઈઓમાં પણ.. પપ્પાજીએ અમને એક કાગળમાં લખેલું કે, તમે મારા સાચા વારસદાર છો. તો સાચા અર્થમાં તેમના વારસદાર થઈ ઋણ અદા કરીએ એ જ પ્રાર્થના.

ગુરુહરિ પપ્પાજી મહારાજને ગુણાતીત સમાજના કેન્દ્રો તરફથી હાર અર્પણ થયા.








**પ.પૂ.શાંતિભાઈ :** પપ્પાજીનો આજે સ્મૃતિ પર્વ ઉજવાય છે. આ બ્રહ્માંડમાં આ દિવ્ય પુરુષ પધાર્યા ને અનેક જીવોને ઉપાસના સમજાવી. સાચા દાસ બનાવ્યા. એવા દિવ્ય પુરુષની સ્મૃતિ કરીએ તો જીવ સાથે, આત્મા સાથે તે સંબંધ બાંધતા હતા.




કાકાજી-પપ્પાજી કહેતા કે જે સ્વરૂપ સાથે જોડાયા છીએ તે સ્વરૂપને વિશે સંપૂર્ણપણે પરમભાવ, દિવ્યભાવથી જોડાવ, રંચમાત્ર મનુષ્યભાવ નહીં, તો સમગ્ર તંત્ર દિવ્ય બને, નિર્દોષ બને, સર્વના દાસ બને, સેવક બને અને પ્રભુ અખંડ આત્મામાં ને રોમરોમમાં વસી જાય. આ જ્ઞાનનો પ્રસાર જીવનભર પપ્પાજીએ કર્યો છે.

પપ્પાજીએ કેટલું બધું લખ્યું છે. લખ્યા પછી તે આપણા સૌના આચરણમાં આવે એટલા માટે સતત પરિશ્રમ કર્યો છે. મૂર્તિ સંભારતા સંભારતા એ દિવ્ય પુરુષ પ્રગટ ને પ્રત્યક્ષ છે એમ માનીએ. એ પંચતત્ત્વ કદી વિલીન થતું નથી, જતું નથી. એ સનાતન ઉપાસનાની આ વાત છે. ને આજે પણ છે.

હમણાં શ્રીજી ઉપદેશામૃતની એક વાત ધ્યાનમાં આવી 'જે અમારા ભક્તને દિવ્ય માને છે, તેની સેવા કરે છે, તેને નિર્દોષ માની તેના સેવક ને દાસ બને છે તેને અમે અમારો વ્હાલો ગણીએ છીએ.' મહારાજના આ સિદ્ધાંતનો સ્વરૂપો, બહેનો, ભાઈઓ, સંતો

પણ સર્વના હૃદયમાં તેનો પ્રકાશ પાથરે છે. આજે તો પપ્પાજીની સ્મૃતિને હૃદયસ્થ કરવાનો દિવસ છે. હૃદયસ્થ એટલે સર્વ ભક્તોને વિશે મહિમાના ભાવથી જીવીને તેમ જ તે શીખવાડી ગયા છે તે આપણા રોમરોમમાં સદાય રહે. એ ભાવે આપ સૌને વંદન કરીએ છીએ. ને પપ્પાજી પ્રસન્ન થાય તેવા ભાવે કરીને સર્વને જય સ્વામિનારાયણ.

**પ.પૂ.દિલીપભાઈ ભોજાણી :** સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી પર પ્રભુ સ્વરૂપે આવ્યા ને યોગીજીમહારાજ, પપ્પાજી મહારાજ ભેટમાં મળ્યા. પપ્પાજી કહે છે કે, તમે મહામાનવની પદવી પામી શકો. આ પળ ધામરૂપ રહી શકો. આ વાત ભગવાન ન ભજતા હોય તેને સમજ જ ન પડે. સત્પુરુષમાં હેત



ન હોય તો ઘણું બધું કઠણ છે. અમે ઈંગ્લેંડવાળા તો ખૂબ નસીબદાર છીએ કે પપ્પાજીએ પહેલા ભાઈઓ, બહેનો, સ્વરૂપોને મોકલીને બેકગ્રાઉન્ડ તૈયાર કર્યું.

૧૯૮૦માં પપ્પાજી પોતાનો સોફો છોડીને ઈંગ્લેંન્ડ પધાર્યા. ખૂબ સૂઝ આપી. સંબંધ વધારે ગાઢ કરતા ગયા. સાથે સાથે સત્શાસ્ત્ર લખ્યાં, બ્રહ્મસૂત્રો આપ્યાં. કંઈ બાકી નથી રાખ્યું. આપણને નોધારા ના રાખ્યા. આપણા પર કાંઈ લાદ્યું નહીં પણ તેમના જીવનકાળ દરમ્યાન કહ્યું કે, આવું કરશો તો આવું સુખ આવશે. પોતે ૧૬ વખત ઈંગ્લેંન્ડ પધાર્યા. બધાને તેમનું સ્વરૂપ ઓળખવાનો, તેમની વાત સાંભળવાનો, તેમની પાસે બેસવાનો ઉમંગ જાગ્યો. ને મહામાનવનો સમાજ ઉભો કરી દીધો. ખૂબ દાખડો વેઠી પધરામણી કરીને જે મુક્તને જેવું જોઈતું હતું તે કરી આપ્યું. ૧૯૬૬માં પપ્પાજીને ખ્યાલ હતો કે બહેનો સ્વતંત્ર રીતે ભગવાન ભજે. આજે આપણે એ કાર્ય જોઈ રહ્યાં છીએ. બહેનો સ્વતંત્ર છે. સેલ્ફ સફિસ્ટિન્ટ છે. બહેનો દ્વારા કાર્ય ચાલુ જ છે. બહેનો, સંતો, વ્રતધારી ભાઈઓ દ્વારા તેમનું કાર્ય ચાલુ જ છે ને ગુણાતીત પ્રકાશના ભાઈઓને છેલ્લા ૨૫ વર્ષમાં તૈયાર કર્યા. પોતે આવું ભગવાનનું સુખ ભોગવે અને બધાંને આપે એવા એકાંતિક ગૃહસ્થો તૈયાર કર્યા જે પપ્પાજીનું કાર્ય આગળ ધપાવે છે. આમ ચાર પાંખાળો સમાજ અસ્તિત્વમાં આવ્યો. પપ્પાજીએ ખૂબ મહેનત કરી, ખૂબ દાખડો કર્યો. હું તેનો સાક્ષી છું. પપ્પાજી સાથે ખૂબ વિચરણ કર્યું છે. તેમની સેવામાં હતો. પપ્પાજીને દેહની પડી જ ન હતી. કારમાં કેટલાય કલાકો લાંબી મુસાફરી હોય તો બેસવું પડે, હોટલમાં રહેવું, કોઈ સત્સંગીના ઘરે રહેવું, બધું સમ વર્તે. આ બધું વર્તનથી શીખવાડ્યું. અત્યારે એ બધું આપણને કામ લાગે છે.

ખરેખર પપ્પાજીનો મહિમા ગાવા, સમજવાની આપણી કોશિષ આપણે પૃથ્વી પર છીએ ત્યાં સુધી ચાલુ જ રહેશે. આવા સમર્થ પ્રભુ ! His life lives long, His memory lives long. એટલી જ પ્રાર્થના છે કે, તમારું માહાત્મ્ય સમજવા ને સમજાવવામાં ચૂક ના થઈ જાય. તમારી લીટી લાંબી



કરીશું તો જ અમારા સ્વભાવ ઓગળશે. વ્યાપક સ્વરૂપે તમે હાજર છો જ. અમે બધા તમારા હતા એટલે તમે અમારી રખિયા ઉડાડી દીધી. તમારા માર્ગે ચાલતા કરી દીધા. તમારું કાર્ય તમે જ ચાલુ રાખજો. અમારા તરફથી અમે હાં હાં ગડથલ કર્યા જ કરીશું.

આપણને પપ્પાજી મહારાજ મળ્યા છે તો હવે મંડીએ જ. બસ જેવું છે તેવું સ્વરૂપ ઓળખવું છે. પપ્પાજીએ કહ્યું છે તે પ્રમાણે ગરજુ થઈ સેવા કરીએ ને દિવ્યભાવ રાખી ખમવું જ છે. ને એવું ખૂબ બળ આપે એ જ પપ્પાજીના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ.નિર્મળસ્વામીજી :** મોજમાં હોય તો જ ભગવાન મળે. બાકી ન મળે. વર્ષો પહેલા દાદુભાઈ, બાબુભાઈ, પ્રભુદાસભાઈ, જસુભાઈના દર્શન યોગીજીમહારાજે કરાવેલાં. અને કહેતા કે, 'આ બધાનો સમાગમ કરજો.' કાકાજી, પપ્પાજી, સ્વામીજી, સાહેબજી આ બધા સ્વરૂપો સેવા, સમાગમ, નિર્દોષબુદ્ધિના, સમર્પણના યોગીજીમહારાજના હપ્તા ભરીને, આપીને પછી ગાદીએ બેઠા છે. ને યોગીજી મહારાજનો રાજીપો લીધેલો છે. શરદપૂનમના સમૈયામાં પપ્પાજી ગોંડલમાં રૂમે રૂમે ગાંઠિયા ને ચા આપવા જાય. મેં કહ્યું કે પપ્પાજી કેટલાક હરિભક્તો ઘરે લઈ જાય છે. પપ્પાજી કહે, 'અહીંયા ખાશે કે ઘરે જઈને ખાશે પણ અક્ષરડેરીનો કણીકો તેના પેટમાં જશે તો કૂકડો થઈને બોલશે.' આ તેમની વિશાળ દ્રષ્ટિ.



પપ્પાજીએ બહુ સેવા કરી છે. ગોંડલમાં શરદપૂનમના સમૈયામાં રાત્રે યોગીબાપા બધું કામ થઈ જાય પછી જ સૂવા જાય. એક વખત અમે બાપાને રાત્રે કહ્યું કે, 'બાપા, આજે વાસણ ઉટકાયા નથી.' બાપા કહે, 'બાબુભાઈને બોલાવો.' પપ્પાજી આવ્યા. બાપા કહે, 'બાબુભાઈ આ વાસણ ઉટકવાના છે.' ને પપ્પાજીએ રાતના બારથી સવારના પાંચ વાગ્યા સુધી સમાજને ભેગો કરી વાસણ ઉટકાવ્યા. આ પપ્પાજી !

ગોંડલમાં એક શંભુ ભગત હતા. અમે તેની સેવા કરતા. પપ્પાજી કહે, અમે તેની સેવા કરીશું. તે રોજ કપડાં બગાડે, પથારી બગાડે. પપ્પાજી કહે, આપણે તે કપડાં ફેંકી દઈએ. સોનાબા કહે, 'હું ધોઈશ.' ને તેવા ગંદા, વાસ મારતા કપડાં બાએ ધોયાં છે. ને ભગતને સ્નાન પણ પપ્પાજી કરાવતા. આપણે તો આવું કાંઈ કરવાનું નથી. કાંઈ કર્યું પણ નથી ને કરી પણ ન શકત. પણ આપણે જે કરવાનું છે તે કરવા મંડીએ. આપણે લાઈન ચૂકી ગયા છીએ. તો આપણી પાસે ટાવર છે, કવરેજ છે તેનો ઉપયોગ કરી લઈએ.

એકવાર પપ્પાજી સમઢિયાળા પધાર્યા હતા. એક પાગલ માણસ હતો. મેં એને અંદર આવવાની ના પાડી. તો પપ્પાજી કહે, એને બોલાવો. પપ્પાજીએ તેને પૂછયું કે, 'તું ગાંડો છો ?' તો તે મને બતાવીને કહે કે, 'આ (નિર્મળસ્વામી) ગાંડો છે.' પપ્પાજીએ એને પ્રસાદી આપીને મને કહ્યું કે, 'આને બેસાડો ને જમાડો.' તો તે ખુશ થઈ ગયો, આપણને લાગે જ નહીં કે આ ગાંડો છે. ને તેણે કહ્યું કે મને કંઠી પહેરાવો. આ મોટા પુરુષની કરુણા ! એમનું ઘડતર, એમનું વીઝન જુઓ. આપણને પાકી સ્વરૂપનિષ્ઠા નથી તો આપણે પાગલ જ છીએ. ફરી એકવાર પપ્પાજી સમઢિયાળા પધાર્યા ત્યારે બધા મજૂરો બધું કામ છોડીને બેસી ગયા. મને થાય કે આ બધા દર્શન કરીને કામે વળગી જાય તો સારું. પણ પપ્પાજીની હાજરીમાં કંઈ બોલાય નહીં. પણ પપ્પાજી જાય એટલે એમનો વારો કાઢું. ત્યાં તો અડધા કલાક પછી પપ્પાજી કહે, 'આ યોગીધામના દરવાજામાં જે કોઈ આવે તે મહામુક્ત જ હોય.' એટલે પછી તો મારે કાંઈ કહેવાનું રહ્યું જ નહીં.

જ્યારે હું ને જ્ઞાનસ્વરૂપ સ્વામી પપ્પાજીને મળ્યા ત્યારે તેમણે અંતર્યામી પણે ૧૧ મુદ્દા લખી આપ્યા હતા કે, તમારે આટલા વખતમાં આમાંથી પસાર થવું પડશે. તમારા માટે યોગીજીમહારાજ પ્રસંગો લાવશે. ત્યારે મેં પૂછયું કે પ્રસંગો આવે ત્યારે અમારે શું કરવાનું? પપ્પાજી કહે, તમારે પ્રસંગોને ઝીલી લેવાના, ડરવાનું નહીં. જેટલું આવે એટલું આવવા દો. ને પપ્પાજી

સરસ બોલ્યા કે, મારા તો સંપૂર્ણ આશીર્વાદ છે કે તમારો વાળ વાંકો નહીં થાય. એ પપ્પાજીની કૃપા. પપ્પાજીને આપણે કઈ દ્રષ્ટિથી જોઈએ છીએ. આપણે ભેગા જ રહીએ છીએ. આપણે તેમનું કપડું, ચાલ જોઈએ છીએ પણ આપણે તેમનું સેવન કરવાનું છે. પપ્પાજીએ યોગીજીમહારાજને રાજી કરવામાં કેટલો ભીડો વેઠ્યો છે તેનું દર્શન આજે થાય છે.

યોગીજીમહારાજે બહેનોના મકાનના બાંધકામમાં પણ ખૂબ રસ લીધેલો. બહેનોના વસ્ત્રોનો ભગવો રંગ પણ પોતે પસંદ કર્યો છે. બહેનો વાળ નહીં ઉતારે તે નિર્ણય પણ પોતે આપેલો જેનો હું સાક્ષી છું. આપણા સમાજમાં બહેનોનું કામ કર્યું હોય તો યોગીજીમહારાજે કર્યું છે. અંતમાં પોતે બનાવેલું ભજન પોતે ગાઈને પોતાના પપ્પાજી પ્રત્યેના હૃદયભાવો ધર્યા.

ગુરુહરિ પપ્પાજીને કેક અર્પણ થઈ જેમાં ૧૧ કેક હતી. સર્વ સ્વરૂપોને એક એક કેક અર્પણ કરી જેમાં–

'પ''પ્પા''જી''સ્મૃ''તિ''સૌ''ર''ભ''ઉ''ત્સ''વ'

આ અક્ષરો દરેક કેકની કેન્ડલ પાસે મૂકેલા. એક સાથે કેન્ડલ પ્રગટાવી, સાથોસાથ સ્ટેજ પર પણ પ્રભુપ્રાગટ્યની ખુશાલીમાં ફુવારા (Cold fire)થી



રોશની કરી ત્યારબાદ સ્વરૂપોએ કેકકર્તન કર્યું. સાથે મીઠાસૂર વહ્યા કે –

હૃદયાકાશે અખંડ ચિદાકાશી આનંદ,<br>
ગુરુહરિ પપ્પાજી પ્રગટ્યા.<br>
ઉજવીએ આ ઉત્સવ જ્યાં લગી ચંદ્ર, સૂરજ,<br>
થઈને પરમ ભાગવત સંત.<br>
હેપી પ્રાગટ્યદિન પપ્પાજી પરમ,<br>
જન્મોજન્મ તમે મળજો પરમ...



'પ' • 'પ્પા' • 'જી' • 'સ્મૃ' • 'તિ' • 'સૌ' • 'ર' • 'ભ' • 'ઉ' • 'ત્સ' • 'વ'

આ પર્વે વિશેષમાં ગુરુહરિ પપ્પાજી મહારાજે ભજનના નિરૂપણ કર્યા છે એ પરાવાણીની 'સૂર સૌરભ ભાગ ૨'ની પેન ડ્રાઈવનું અનાવરણ પૂ.રાકેશભાઈએ પ.પૂ.સાહેબજીના હસ્તે કરાવ્યું.



**આશીર્વાદ પ.પૂ.સાહેબજી :** પપ્પાજી અને આવા દિવ્ય પુરુષોની સ્મૃતિમાં રહીએ એ ગુણાતીતભાવને પામવાનો શ્રેષ્ઠ ઉપાય છે. તેઓએ આવો આનંદદાયક માર્ગ બતાવ્યો. આ ઉપાસનાની રીયલી સમજણ આવા સ્વરૂપોનું જેને જેને સાંનિધ્ય મળ્યું તેને સરળ થઈ ગયું.



આજે સાંસ્કૃતિક પ્રોગ્રામમાં સરસ વાત મૂકી કે 'કોઈનુંય જોવું નહીં...' એનું ખરેખર દર્શન કાકાજી–પપ્પાજી–સ્વામીજી વગેરેએ પોતાના જીવનથી કરાવ્યું.

ને અત્યારે આ બધા સ્વરૂપો કરાવી રહ્યા છે.

૧૯૬૬થી પપ્પાજીના સાંનિધ્યમાં રહ્યા છીએ. તેમના સાંનિધ્યમાં ઉછરીએ ત્યારે લાગે કે આ તો અલૌકિક પુરુષ છે, સામાન્ય નથી. પપ્પાજી એટલા બધા પ્રેમાળ હતા ને હૂંફ આપતા હતા. તેમનો પ્રેમ અકલ્પનીય હતો. પપ્પાજી કહેતા કે, 'મને બહેનોનું ને કાકાને સંતોનું કામ બાપાએ સોંપ્યું છે.' ખરેખર આ બંને ભાઈઓએ આપણા સૌનું હાથમાં લીધું હતું.

કોઈનું ન જોવાનો જે પ્રીન્સીપલ છે તે ખરેખર તેમના જીવનમાં હતો જ. પપ્પાજીએ અમને એક પ્રસંગ કહેલો. મુંબઈ કાંદિવલીમાં સત્સંગ સભા થાય. તેમાં એક ભાઈ કથા કરતા હશે તેને ગીતા કે સંસ્કૃતના શ્લોક આવડતા નહીં હોય. પણ બાપાની, મહંતસ્વામીની આજ્ઞાથી સભા કરતા. તેમાં એક ફડિયામામા તે સભામાં ગયા. ને પછી રાત્રે તારદેવ ફોન કર્યો. તો તે પપ્પાજીએ લીધો. તેમણે પપ્પાજીને વાત કરી કે, ....તમે આવાને કથા કરવાનું સોંપીને શું કરવા કથા કરાવો છો? એટલે પપ્પાજીએ તેમને ખખડાવ્યા, ધૂળ કાઢી નાંખી કે તે બાપાની, મહંતસ્વામીની આજ્ઞાથી કથા કરે છે તેની વિરુદ્ધ બોલનાર તમે કોણ ? એમ પપ્પાજી ચાલવા ના દે...

આજે આ પ્રોગ્રામમાં જોયું ને કે મહારાજે વસ્તાખાચરને કહ્યું કે 'કોઈના અભાવનું સાંભળવું તો નહીં જ.' એ પપ્પાજીએ પોતાના વર્તનથી અમને વાતો કરીને શીખવાડ્યું છે કે ગમે તેવી પરિસ્થિતિમાં, સંજોગોમાં ભગવાનના સંબંધવાળા બધા દિવ્ય છે, નિર્દોષ છે. તેમ માનવું જ.

પપ્પાજી જ્યારે ફર્સ્ટ ટાઈમ ઈંગ્લેન્ડ પધાર્યા અને એરપોર્ટ પર ઉતર્યા ત્યારે અમને કહે કે, 'જુઓ, આ બહેનો પાસેથી કંઠી લીધી તે પહેરી છે, કોઠારીસ્વામી પાસેથી માળા લીધી તે આ રાખી છે, શાંતિભાઈનો બેઝ લીધો હતો તે પહેર્યો છે. ને મારો આ ગૃહસ્થનો ડ્રેસ છે.' પછી કહે, 'સંત બહેનો, સંત ભાઈઓ, સંતો ને ગૃહસ્થોનું ચારેયનું મારામાં દર્શન કરો.' આ પપ્પાજી હતા. આપણા સૌનો તેમણે તેમનામાં સમાવેશ કર્યો છે. એટલે આપણે ફાવી ગયા છીએ.

હવે સ્મૃતિ સૌરભ સાચી રીતે ઉજવી ક્યારે કહેવાય? ...આપણી બધી ગ્રંથિઓ ઓગળી જાય ત્યારે. પપ્પાજી આમાં શું કહેવા માંગે છે કે, તમે ચારેય પાંખ એક થઈને હૃદયથી જીવો. કાકાજી ઘણીવાર



કહેતાં કે ઈલેક્ટ્રીક કરંટ પોઝીટીવ ને નેગેટીવ બંને ભેગા થાય ને તેની સર્કિટ કમ્પલીટ થાય તો જ લાઈટ થાય. તેમ આપણી સંપ, સુહૃદભાવ, એકતાની સર્કિટ કમ્પલીટ થશે તો પ્રભુનો પ્રકાશ થશે. આપણે ખરેખર ખૂબ આગળ ગયા છીએ. પણ પપ્પારૂપ, કાકારૂપ, યોગીરૂપ થવામાં ઘણું અંતર બાકી છે એ અંતર શું? તો આપણી ગ્રંથિઓ છે. તે કઈ ગ્રંથિઓ ? તો સંસ્થાની, માન્યતાની, નિયમ-ધર્મની... આવી અનંત પ્રકારની ગ્રંથિઓ લઈને આપણે ફરતા હોઈએ ને તેનાથી બધાને માપતા હોઈએ છીએ. તેના બદલે પ્રભુનો સંબંધ જોઈને મહિમા ને ગુણગાન ગાઈએ તો બધી જ ગ્રંથિઓ ઓગળી જાય. આવો સરળ રાહ કાકાજી-પપ્પાજી-સ્વામીજી દ્વારા આપણા માટે કંડારાયો છે. તેમને આ કરાવવું છે કે કોઈ પ્રકારની ગ્રંથિઓ ના રહે.

પપ્પાજીએ જે આપણા પર એકધારી કૃપા વરસાવીને આપણા સૌનું સંકલ્પથી ખૂબ જતન કર્યું છે ને સૌને પ્રભુ તરફ ગતિ કરાવી છે. બસ તેમના થઈને જીવીએ. આપણે મહારાજને, બાપાને, કાકાજી-પપ્પાજીને અંતરથી રાજી કરવા છે. તેનો એક જ ઉપાય છે અત્યારે જે એમના આ બધા દિવ્ય સ્વરૂપો છે. એ સાધુઓનાં દર્શન કરો. તેમના દ્વારા પ્રભુ છે જ તેવું માનીને જીવીએ તો પપ્પાજીનો સંકલ્પ આપણા માટે શાશ્વત છે જ. તેમના સંબંધવાળા સૌ નિર્દોષ ને દિવ્ય છે. એમની સેવા કરીએ તો તેમની પ્રસન્નતા મળવાની જ છે.

૧૯૫૧માં જ્યારે શાસ્ત્રીજીમહારાજે દેહ છોડ્યો ત્યારે યોગીજીમહારાજ ગાદીપતિ બન્યા. બધાને ચિંતા થઈ કે કેમનું બધું ચાલશે ? યોગીબાપા સામાન્ય સાધુ લાગે ... આવા સમયમાં કાકાજી-પપ્પાજીએ યોગીબાપાને પ્રભુનું સ્વરૂપ માન્યા. આ જ બતાવે છે કે તે ગુણાતીત પુરુષ હતા જ, થયા નથી.

૧૯૫૨ની ૧લી જૂને પપ્પાજીને યોગીજીમહારાજ પોતાના આત્માના પ્રકાશક મનાયા પછી મમ્મી કોણ? રમેશ કોણ ? તમે વિચાર કરો કે બાપાને સામાન્ય ને સારા સાધુ માનવામાં મુશ્કેલી પડતી હતી એ સમયમાં પપ્પાજીએ બાપાને પોતાનો આત્મા માન્યો. તે દિવસથી પપ્પાજી બાપાનું સાકાર સ્વરૂપ બન્યા જ હતા. ને પોતાનું ગણાતું બધું જ લહરતું મૂકી દીધું. આ સહેલું નથી. પોતાના બધા જ સંબંધોને ઝીરો પર લઈ ગયા. આવું માહાત્મ્ય એ વિપરિત સંજોગોમાં યોગીજીનું હતું. યોગીજીને પ્રભુનું સ્વરૂપ માનીને જે કાર્ય કર્યું છે તે ખરેખર અકલ્પનીય છે.

૧૯૫૬માં સારંગપુરમાં બાપાની પહેલી જન્મજયંતી ઉજવાઈ. તેમાં જો કોઈએ દાખડો કર્યો હોય તો કાકાજી-પપ્પાજી, ને પ્રમુખસ્વામીજીએ કરેલો. આ દિવ્ય પુરુષોના દાખડાને લીધે આપણે અત્યારે લહેજતથી, તકલીફ વગર આનંદપૂર્વક ગુણાતીતભાવને પામવાની સાધના કરી રહ્યા છીએ. ખરેખર આ બધું તેમની કૃપા, આશિષ, સંકલ્પનું તથા એમણે આપણને સાથે રાખીને જે કાર્ય કર્યું તેનું ફળ છે.

તો આવા દિવ્ય પુરુષોનું શું ઋણ અદા કરીશું ? બસ તેમણે મૂકેલા સમાજને દિવ્ય માની યત્કિંચિત આપણા ફાળે જે પળે જે સેવા આવે તે અહોહોભાવે કર્યા કરીએ. નિર્દોષભાવ, દિવ્યભાવ રાખી એકબીજાના પૂરક બનીને પપ્પાજીના કાર્યને આગળ ધપાવીએ. જે કામ કરતાં હોય તેને પ્રોત્સાહિત કરી ટેકો આપીએ. અરસપરસ સમ્યક નિર્દોષભાવ રહે, હળીમળીને એકમના થઈને ભક્તિ કરીએ. તેવું કરવાના બળ, બુદ્ધિ ને પ્રેરણા સૌ સ્વરૂપો આપે તેવી પ્રભુ ચરણે, ગુરુચરણે, સર્વ ગુણાતીત સમાજ વતી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દિનકરભાઈ :** પપ્પાજી ૧૯૮૮માં પહેલી વખત અમેરિકા પધાર્યા એ ઉંમરે પણ સત્સંગનો ખૂબ લાભ આપ્યો. ૧૯૮૩માં કાકાશ્રી પધાર્યા ત્યારથી અમેરિકામાં સત્સંગની શરૂઆત થઈ. વર્ષો સુધી કાકાજી, પપ્પાજીએ ખૂબ વિચરણ કર્યું. ૨૦૦૦ની સાલમાં પપ્પાજીની અમેરિકાની ૯મી યાત્રા હતી. ત્યારે મારી દીકરી એમીના લગ્નમાં આવ્યા હતા.



ત્યારે પપ્પાજીની ઉંમર ૮૪ વર્ષની હતી. પપ્પાજીના રસ્તે ચાલીને આપણે યુવાનીને શોભાડીએ.

બધાને અંતરથી એક માનતા થઈ જઈએ. અંતરની એકતા હશે તો જ બધું થશે. આપણે ખેંચાખેંચ કરીશું તો ૫૦, ૧૦૦, ૨૦૦ વર્ષનો ઈતિહાસ રીપીટ થશે. જે આપણે નથી કરવો. આપણે આપણા હૃદય ઉપર હાથ મૂકીને જીવવાનું ચાલુ કરીએ તો બીજા તો જીવવાના જ છે. એવું સૌ સ્વરૂપો કરી આપે એ જ પ્રાર્થના.

આ ઉત્સવ નિમિત્તે સ્મૃતિભેટમાં ઘડિયાળ અર્પણ કર્યું જેનું અનાવરણ પૂ.ગૌરવભાઈએ પ.પૂ.ગુરુજી પાસે કરાવ્યું. તેમાં વિશેષતા એ છે કે તેમાં દર કલાકે મ્યૂઝીક અને ત્રણ કલાકે વારાફરતી પપ્પાજીના સ્વરમાં જય સ્વામિનારાયણ, જીવનમંત્ર અને ભજન સંભળાય છે.



**આશીર્દાન પ.પૂ.ગુરુજી :** આજે સાહેબ આશીર્વાદ આપે કે કોઈ ભેદ દ્રષ્ટિ ન રહે. ગ્રંથિઓ ઓગળી જાય એટલે કે સ્વરૂપમાં લીન થઈ જાય. સૌ કાકાજી-પપ્પાજીના એક જ છીએ. એ જ્ઞાન બોલવામાં ન રહે. જ્યાં સુધી સામી વ્યક્તિ દેખાય છે ત્યાં સુધી આ જ્ઞાન આપણામાં ઠર્યું જ નથી. સામી વ્યક્તિમાં આપણે જ દેખાઈએ તો પછી એમાં દોષ દેખાય ?



આપણને આપણો દોષ દેખાય તો પ્રાર્થના કરીએ. મહારાજ પાસે માંગીએ, કાકલૂદી કરીએ ને એનાથી પર જતા રહીએ. ને આપણને એવું ભાસે કે ખરેખર મારામાં આ દોષ હતો ? ત્યારે સ્વરૂપનું સાચું સેવન કર્યું કહેવાય.

પપ્પાજીનો સ્મૃતિસૌરભનો દિવસ તે આજે પ્રાર્થના કરવાનો છે. આપણે જગતમાં બધા ઉજવે છે તે રીતે નથી ઉજવવાનો પણ આપણા બૌદ્ધિક મૂલ્યાંકનો ઓગળી જાય ને માત્ર ને માત્ર સ્વરૂપ જ રહે એ સાચો પપ્પાજી સ્મૃતિ પર્વ ઉજવ્યો કહેવાય. પપ્પાજીના જીવનમાં કાંઈ રહ્યું નહીં. આપણને કોઈ દિવસ એવો વિચાર આવ્યો કે હું પપ્પાજીનો પ્રકાશ છું ? તો સામી વ્યક્તિ ક્યાં દેખાય? સામી વ્યક્તિ દેખાય છે ત્યાં સુધી પ્રકાશ મેં જોયો જ નથી. હું મારા અંધારપટની અંદર જ રમમાણ કરું છું. એટલે મારી કલ્પનાઓમાં જ ખોવાયેલો છું. એ છોડીને પપ્પાજી જ દેખાય એ જ સાચો સ્મૃતિપર્વ ઉજવ્યો કહેવાય. પપ્પાજી, કાકાજી, સ્વામીજી જેવા પુરુષો ના મળ્યા હોત તો જગતના જીવોની જેમ ચીલાચાલુ જ જીવન જીવતા હોત.

રામકિષ્ન મિશન હોલમાં જડભરત અને મૃગલાના પ્રસંગનું પિક્ચર હતું. એક વખત ત્યાં શિબિર હતી ત્યારે પપ્પાજીએ મૃગલા તરફ આંગળી ચીંધીને કહ્યું કે, આ મુકુંદ કાકાજીનું મૃગલુ છે. મને તે વખતે સમજ ન પડી. થોડું મનમાં માઠુ લાગ્યું કે કાકાજી માટે પપ્પાજીએ આવું કેમ કહ્યું ! પણ પપ્પાજીનો કહેવાનો મર્મ એ હતો કે કાકાએ મુકુંદનું એવું જતન કર્યું છે.

કાકાજી પપ્પાજી વિષે કહેતા કે 'મારો ભાઈ બહુ પ્રામાણિક. એ પ્રામાણિકતાને પૂરવાર કરતા હોય તેમ કાકાજી પરદેશ ગયા હતા. મને પપ્પાજી સાથે હેત નહીં. એટલે હું બા પાસે પહેલા જાઉં ને પછી પપ્પાજીને પગે લાગવા જાઉં. એક વખત ઘરમાં દાખલ થતો હતો ને પપ્પાજી તારાબેનને કહે કે આ દિલીપને મારી જોડે બહુ ફાવતું નથી પણ છે આપણો. એટલે તેને સાચવજો. ત્યારે મને થયું કે, હું જેને પોતાના ગણતો નથી પણ પપ્પા તો મને પોતાનો ગણે છે ને! એટલે કંઈપણ બસૂરું છે તે આપણું પોતાનું છે.

આપણે અત્યારે આત્મીયતાની વાત કરીએ છીએ પણ પપ્પાજીમાં તો તે વખતથી આત્મીયતા તાદૃશ્ય હતી.

કાકાજી સ્વધામ ગયા પછી પપ્પાજી, સ્વામીજી, સાહેબ અને આખા સમાજે આત્મીયતાથી હુંફ આપી છે. પ્રસંગે આપણી પડખે ઊભા છે. આવા સ્વરૂપોએ આત્મીયતાથી જ્યાં ઠપકારવાનું યોગ્ય લાગ્યું ત્યાં ઠપકાર્યો છે. તે ઋણ કદી ભૂલીએ નહીં. અંતરમાં એક ગેડ બેસાડી દઈએ. પપ્પાજી, કાકાજી, સ્વામીજી આજે પણ આવા મુક્તો દ્વારા આત્મીયતાથી ઠપકારી પ્રગટ રહ્યા છે તે મુક્તોને ન જોતા કાકાજી, પપ્પાજી, સ્વામીજી જોઈશું તે જ સાચી આત્મબુદ્ધિ ને પ્રીતિ છે. એ જ સાચો સત્સંગ છે. આપણી આત્મબુદ્ધિ ને પ્રીતિ શરતી છે ત્યાં સુધી એ મર્યાદિત રહેશે. ગુરુ પૂરતી રહેશે. અલગ અલગ ગ્રુપના દર્શન કરાવશે. એનાથી ઉપર જઈ કેવળ ચેતનાના સંબંધે શ્રી અરવિંદોએ કહ્યું તેમ ચૈતસિક તે સ્વરૂપને, ચેતનાને અનુલક્ષીને ન બનીએ ત્યાં સુધી આપણે આપણા ગ્રુપમાં રમવાના છીએ. તેને સર્વદેશીય બનાવવા માટે સર્વત્ર હરેકની અંદર ગુણાતીત જ્ઞાનના પ્રતીકરૂપે કાકા ને પપ્પા બંનેને જોઈએ. આખો યોગીપરિવાર એક છે. સમાજ આપણી પાસે આ આશા રાખે છે. સર્વદેશીયતાથી વ્યાપકરૂપે આપણા પ્રગટ પ્રભુના દર્શન કરીએ. વહેલી તકે આવું કરતા થઈ જઈએ. સાહેબ આશીર્વાદ આપે. આપણે અક્ષરધામમાંથી આવ-જા કરીએ છીએ પણ અખંડ અક્ષરધામમાં રહેવું છે. જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિમાં કેવળ પ્રભુ જ દેખાય એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી :** આપણે બધા જ ઉત્સવ ઉજવીએ છીએ તેની પાછળ એક જ ભાવના છે કે કોઈપણ ભોગે, કોઈપણ સંજોગોમાં આપણા દસ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણ એની સેવામાં જ વપરાય. દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણનો લય થાય.

પપ્પાજીને પ્રથમ દર્શને જ આરાધ્ય દેવમાં મન, કર્મ, વચને ખોવાઈ જવાની મંગલકારી ભાવના દ્રઢ થઈ ગયેલી. પપ્પાજીના જીવન તરફ જોઈએ તો પપ્પાજીએ સુહૃદભાવના માર્ગે ચડાવ્યા. 'હું રાંક',' હું નહીં તું', 'તારા સંબંધવાળા મારા માથાના મુગટ' તે કેવળ પુણ્ય લૂંટવાના અદ્‌ભુત પાત્રો. પપ્પાજી, કાકાજી સનાતન પુરુષો છે. આ જ્ઞાનનું જ્ઞાન પૃથ્વી પર મૂકવા માટે જ દાખડો કર્યો છે. એવી અવસ્થા પર સેવન કરો કે જેના ફળ સ્વરૂપે વ્યાપકમાં મહારાજ દેખાય.



આપણે સૌએ જાગ્રત રહીને એક જ સંકલ્પ કરવાનો છે કે અમને બુદ્ધિયોગ આપજો જેના ફળ સ્વરૂપે તમારું સેવન થાય, તમે એક સનાતન દિવ્ય રસઘન છો, સાચું સેવન એ જ સાચી આરાધના છે. ભક્તિથી પરની પરાભક્તિ એ આશીર્વાદ વગર શક્ય નથી. કદાચ ધર્મ આવી શકે પણ ભક્તિ એ ભગવાનની દેન છે. માખણ જેવું કુણું હૃદય કરીને નિરંતર સંબંધે જીવાડનાર તાંતણો તે ભકિત છે. અમને આવો ને આવો ઉમંગ રહે. હવે પછીના દિવસોમાં, મિનિટોમાં, સેકંડોમાં અમે તમારામાં ખોવાયેલા રહીએ એવી કૃપા વરસાવી દેજો.

**આશીર્દાન પ.પૂ.કાકાજી મહારાજ :** સ્વરૂપ પાસે ભૂલકું બની જાવ. તેમનામાં ખોવાઈ જાવ. પ્રકૃતિને દિવ્ય બનાવ્યા સિવાય એ મગજમાં નહીં આવે. મારી સમજમાં જ નહીં આવે તો વર્તનમાં કેવી રીતે આવે? પપ્પાજી આવ્યા, એગ્રીઓરિયન્ટમાં નિર્દોષબુદ્ધિ રાખવી એ કાળજુ ફાટી જાય તેવી વાત હતી. પપ્પાજીએ સૂત્ર આપ્યું કે આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ રાખો. પ્રહ્‌લાદજીને છ દિવસ થયા. આપણે તો છ કલાક નહીં એક કલાકમાં થઈ જાય. ગૃહી-ત્યાગીનો મેળ નથી. અભિવ્યક્તિમાં ફેર હશે. રામ ભગવાન, કૃષ્ણ ભગવાન આવ્યા પણ શ્રીજી મહારાજે કળશ ચડાવ્યો. સર્વોપરી એવા પ્રભુનો 'હું'નો દીકરો ! પછી તે ભીખ માગે ? મન વગરના આપણને બનાવનાર યોગીજી



મહારાજ કેવા ! નિષ્ઠાની વાતમાં મેં કોઈની મહોબત નથી રાખી. પણ આપણી કમનસીબી છે ગુરુતંતીની. બહુ અધુરુ છે. અહીં આવ્યા છે તે બધા મરીને આવો. બહેનોના ક્રાંતિકારી કામમાં બાપાએ ખૂબ કામ કર્યું છે. ગુણાતીત સ્વરૂપ એક ન હોય. બધા જ બની શકે છે. એટલે આપણે બધા જ ખૂબ નસીબદાર છીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** જોગીબાપાએ સંકલ્પ કર્યો; ઘરમાં એક એકાંતિક હોય તો ઘરના બધા એકાંતિક બને. સંબંધે સંબંધ થયો. આ સત્યુગ ચાલી રહ્યો છે. લાખ લાખ વંદન યોગીજીમહારાજને કે એણે સંકલ્પ કર્યો કે દેહ ને ઘર મંદિર બને. આપણે કોઈ ને કોઈ એકાંતિકમાં જોડાયેલા છીએ. જે અખંડ પ્રભુના થઈને જીવે છે તેનું મહાપૂજાથી, સંકલ્પથી જતન કરે



છે. કદી કોઈનું ઘસાતું બોલવું નથી, સાંભળવું નથી, ચાલવા દેવું નથી. અક્ષરધામની સમાધિનું દુઃખના લેશ વગરનું સુખ ભોગવતા થઈએ એવા સંજોગો ઉભા કર્યા છે. કોઈપણ સંબંધવાળાના કાજી નથી થવું એ જાણે ને એના ગુરુ જાણે. બધા જ ધર્મમાં એ જ કહે છે. હંમેશા સૌનોય ગુણ લઈએ. માનવ બનીએ. મળ્યા છે એ પૂર્ણ છે ને પૂર્ણ કરીને મૂકશે. રીઝે કે ખીજે અક્ષરધામરૂપ રહેતા કરી દેશે જ. આપણા જેવું કોઈ નસીબદાર નથી. માટે મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જઈએ નહીં. આનંદ કર્યા કરીએ. પંચામૃત આપ્યું છે તે પ્રમાણે સૌ કોઈનું જીવન થઈ જાય તે માટે ખૂબ બળ મળે તે જ પ્રાર્થના.

ત્યારબાદ સૌનાં બહુમાન કરતા શાલરૂપે ભાવ અર્પણ કર્યાં.

ઉત્સવ સમાપનમાં એક વિશેષ સંકલ્પસ્મૃતિભાવ અર્પણ થયો. સંપ, સુહૃદભાવ, એકતાની સંયુક્ત પુષ્પપંક્તિ દરેક સ્વરૂપોના હાર સાથે જોડાયેલી હતી જેમાં એકત્વની ભાવના વ્યક્ત કરતા ગુણાતીત પ્રકાશના ભાઈઓએ એક સાથે સ્વરૂપોને પુષ્પહાર અર્પણ કર્યા. ત્યારે સ્વરૂપો, સાધકોએ એકબીજાના હાથ પકડી એ ભાવ ધારણ કર્યો. આ ભાવને રજુ કરતું પ.પૂ.દીદી રચિત 'ચાલો ભક્તો એક સંગાથે હાથમાં હાથ ઝાલી લઈને' એકત્વનું ભાવવાહી ભજન ગવાયું...

ભજન : (રાગ : આઓ બચ્ચો તુમ્હે દીખાએ...)

ચાલો ભક્તો એક સંગાથે,
હાથમાં હાથ ઝાલી લઈને
અક્ષરદ્વાર ખૂલી ગયા છે (૨)
નીરખો સ્નેહે શ્યામને
સ્વામિનારાયણ જય જય સ્વામિનારાયણ (૨)

મંદિરમાં મૂર્તિરૂપે ભક્તોના ભાવ ગ્રહે છે
પ્રેમલ નયને ભાવિકોને રૂડાં દર્શન દીયે છે
સૈનિકની અદાથી ઊભા ઊભા પુકાર સુણે છે
નાતજાત બાઈભાઈ એ બંનેને સ્વીકારે છે
સુણી પુકાર ભક્તજનને સુખની સીડી ચડાવે છે
અક્ષરદ્વાર ખૂલી ગયાં છે...
સ્વામિનારાયણ...

'મારું વચન મારું સ્વરૂપ છે' એવું પ્રભુ બોલ્યા છે
વચન તમારું જીવન અમારું કરવા શરણે આવ્યા છે
સંપ, સુહૃદભાવ, એકતા કેરા દોરથી સૌ બંધાયા છે
હઠ, માન, ઈર્ષા, અહં તો અહીંથી સીધા ભાગ્યા છે
હળવાફૂલ કરે છે પ્રભુ દાસના દાસ થવાય છે
અક્ષરદ્વાર ખૂલી ગયાં છે...
સ્વામિનારાયણ...

'સદા પ્રગટ રહીશ આ ભૂ પર' એવાં વચન દીધાં છે
પપ્પા સ્વરૂપે પડે પોતે વા'લા વાલમ મળ્યા છે
આરઝુ નિતાંત વહી રહી છે, એને રાજી કરવા છે
વાતવાતમાં ભાતભાતની સ્મૃતિ વેરાતી જાય છે
આવન જાવનની પળપળમાં દ્રષ્ટા કહે એમ થાય છે
અક્ષરદ્વાર ખૂલી ગયા છે...
સ્વામિનારાયણ...
ચાલો ભક્તો એક સંગાથે... (૨)
સ્વામિનારાયણ... (૪)

આમ પપ્પાજી સ્મૃતિસૌરભ ઉત્સવનો તેમ જ સંપ, સુહૃદભાવ, એકતાનો જયઘોષ કરી સભાનું સમાપન કર્યું. ત્યારબાદ મહાપ્રસાદ ગ્રહણ કરી સ્વસ્થાને પધાર્યા.









ચાલો ભક્તો એક સંગાથે, હાથમાં હાથ ઝાલી લઈને, અક્ષરદ્વાર ખૂલી ગયા છે નીરખો સ્નેહે શ્યામને...





પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની જય જય જય...

## પપ્પાજી તીર્થ – શાશ્વત ધામ દર્શન...















205



## તા.૨૬.૧૨.૨૦૨૧ :
## ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યદિન :
## પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની ઉજવણી
## વ્રતધારી બહેનોની સભામાં...

તા.૨૬મીના પરોઢે જ્યોતમાં સૌને ભાવથી સ્મૃતિ સૌરભ ઉત્સવના જય સ્વામિનારાયણ થયા. ને ઉત્સાહભર્યા સૌ પપ્પાજી તીર્થ પર જવા રવાના થતા ગયા. સર્વ કેન્દ્રોમાંથી બહેનો પધાર્યાં. તીર્થ પર અલ્પાહાર લીધા ને શાશ્વતતીર્થધામે દરેકના પૂજન અને પુષ્પ અર્પણ થયા. દર્શન-પ્રદક્ષિણાનો



લાભ લઈ સૌ ઉત્સવમંડપના દ્વારે પધાર્યાં. સૌ વ્રતધારી બહેનોને સભાખંડ પ્રવેશદ્વાર પર આવકારીને ઉત્સવ બેજ, પ્રસાદ અર્પણ કર્યા.

પ્રવેશદ્વારેથી જ લકી નંબરની ચિઠ્ઠી લઈ સૌ બહેનો યથાસ્થાને બિરાજમાન થયાં. ગુણાતીત જ્યોતના પ્રસન્ન અને શતાબ્દી ગ્રુપના સાધકોએ સ્વાગત કર્યા. એ પળોમાં પ્રથમ પપ્પાજી



સ્વરૂપો ગુણાતીત સ્વરૂપોના વારસદાર સ્વરૂપોને લઈને ઉત્સવમંડપમાં પધાર્યા. 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ સ્મૃતિચિહ્નનું પ્રતીક 'P' આજે સર્વ સ્વરૂપોની ગાડી આગળ પપ્પાજીથી સભર કરી રહ્યું હતું. સ્વાગત પથ પર પુષ્પોની કળીઓ ખીલતી ખીલતી પુષ્પોની સૌરભ ફેલાવતી હતી. આમ સ્વાગતયાત્રા શરૂ થઈ. ઉત્સવ મંડપમાં સૌએ યથાસ્થાનેથી તાલીઓના ગડગડાટ સાથે સન્માનભાવ ધર્યો. ત્યારે પરમસૂરવૃંદે ભજનો ગાયાં :

અમ હૈયાં ગાયે ગાયે તન–મન નાચે નાચે
ભગવાન–સાધુ બંને મળ્યા એ અહોભાવે
આવો સ્વાગતીયે પપ્પાજી પ્યારા... હાં
ચિદાકાશી સ્વરૂપો લઈ પધાર્યા
હે ગાઓ ગાઓ (૨) પ્રાણ પ્યારા પપ્પાજીની જય
ગાઓ ગાઓ પ્રભુ ચરણાર્વિંદની જય...

સાથે સાથે સ્વરૂપોનો જયનાદ થતો રહ્યો. આમ સ્વરૂપોનું હૃદયપૂર્વક સ્વાગત કરતા સૌ ચિદાકાશી આનંદ અનુભવતા હતા. એ ભાવ સ્વીકારી સૌ સ્વરૂપો મંચ પર પધાર્યા. મંચના અગ્ર ભાગમાં ખુરશી પર બિરાજ્યા.

આપણા સૌની આરાધ્યમૂર્તિ ગુરહરિ પપ્પાજી મહારાજના સ્વાગતનો ઉમળકો સૌના હૃદયમાં કંઈ અનેરો જ હતો. જયનાદ સાથે સ્વાગત શરૂ થયું. જેમાં પૂ.હીનાબેન વ્યાસ રચિત ભજનના સૂર વહી રહ્યા –

પ્રગટ્યા ધામના ધામી અવનીયે... કિરપાએ...
પ્રાણાધાર પપ્પાજીરૂપે મળીયા... કિરપાએ...
સ્વાગતીએ... ભાવવંદના સાથ...
આવીયા... શોભે શ્યામ સલૂણા હૈયા પાલખીએ...

શણગારેલી હૈયા પાલખીમાં બિરાજમાન ગુરુહરિ પપ્પાજી મહારાજ જાણે પ્રત્યક્ષ બિરાજ્યા હોય એવી







પ્રીતિભરી ભક્તિની સૌરભ રેલાતી રહી. સૌના હૈયાં અલૌકિક આનંદ અનુભવતા હતા. ઉત્સવમંડપમાં સૌ સાધકો હાથમાં ધ્વજ લહેરાવી રહ્યા હતા. પુષ્પવૃષ્ટિ થઈ રહી હતી. જેમ જેમ ગુરુહરિ પપ્પાજી મંચની નજીક પધાર્યા તેમ તેમ દર્શકો પણ સ્વાગતપથ પર ઉમંગે આવકારતા હતા. ત્યાર બાદ પાલખીમાંથી ગુરુહરિ પપ્પાજી મહારાજ મંચ પર આવી રહ્યા હતા ત્યારે ‘પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ’ ને ‘બ્રહ્મસમાજના ઘડવૈયા’નો જયનાદ કર્યો. અને છડી પોકારતા પરમસૂર વૃંદે આવકાર્યા.

એનાં દર્શને વહે બ્રહ્માનંદી લ્હેર,
એવા પપ્પાજી મહારાજને ઘણી ખમ્મા,
ઘણી ખમ્મા... ઘણી ખમ્મા... ઘણી ખમ્મા...

આમ ભક્તોના આનંદ હિલોળા સાથે ગુરુહરિ પપ્પાજી મહારાજ આસનસ્થ થયા. તેમજ સૌ સ્વરૂપોએ તેમની ચરણવંદના કરી સ્વઆસન સ્વીકાર્યા. ત્યાર બાદ પૂ.અરૂણાબેન પટેલ રચિત ‘આપ્યો રે જોગ, રૂડો આપ્યો રે જોગ...’ એ ગરબાના તાલે બહેનોએ ગુરુહરિ પપ્પાજીના મહિમાનો ભાવ વ્યક્ત કર્યો.



હે સહજાનંદી મૂરતિ, ગુણાતીતની સ્મૃતિ,
નખશિખ દિવ્યતાનો તેજરાશિ,
એવા કોટિ સૂરજના નયનોમાં તેજ,
શિતલ ચંદ્ર સમ હૈયે છે સ્નેહ,

એવા પપ્પાજીના જોગમાં આપણે સૌ ફાવ્યા. હવે પામી જવું છે. એના વચન અમૃતને પચાવી લેવું છે. એના બળે સદા વિજયી થવું છે. ને તે માટે આપણને જાગ્રત કર્યા છે. એટલે આ સ્વાગત ગરબામાં કહ્યા



પ્રમાણે બ્રહ્માનંદ જ કરવાનો છે. તો એ યાદ રાખી આજના કાર્યક્રમમાં માહાત્મ્યસ્મૃતિ સૌરભ સાથે વચ્ચે વચ્ચે બ્રહ્માનંદ માણ્યો.

સભા સંચાલિકા પૂ.બકુબેને સભાનો પ્રારંભ કર્યો. ને મહિમામાં રત



કર્યા કે, ભગવાન સ્વામિનારાયણની કૃપાથી જેમનું પ્રાગટ્ય થયું છે એવા ગુરુહરિ પપ્પાજીના પૃથ્વી પરના ૯૦ વર્ષના વિચરણમાં એક વિશેષ કાર્ય થયું તે ગુણાતીત સમાજના સર્જનનું. જે તેમના પ્રાગટ્યનું અદ્‌ભુત યુગકાર્ય બની રહ્યું. અને આજે ૧૦૫ વર્ષની પુણ્યપર્વણીએ એ દિવ્ય ચેતના અધ્યાત્મમાર્ગના પ્રવાસીને પ્રેરણા આપી રહી છે. સર્વ પ્રત્યે કૃપાદ્રષ્ટિ રાખનાર કાકાજી, પપ્પાજી, સોનાબાએ આ ગુણાતીત ચમનને ખીલવ્યો...

એવા સર્જક શ્રી ગુરુહરિ પપ્પાજીના સર્વ સાધકોએ યથાસ્થાનેથી કરવંદના સાથે ભક્તિવંદના કરી. અને ઠાકોરજીને, ગુરુહરિ પપ્પાજી



મહારાજને તથા સર્વ સ્વરૂપોને હાર અને બેજ અર્પણ થયા. ગુણાતીત સમાજના સર્વ કેન્દ્રો તરફથી પણ ગુરુહરિ પપ્પાજી મહારાજને ભાવાર્પણ થયા.








કાર્યક્રમનો આરંભ ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ બ્રહ્માનંદી જાગ્રતતા સાથે થયો.

**આશીર્વાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે ક્યાં રહેવાનું ? ચિદાકાશમાં. અક્ષરધામરૂપ



રહેતા થઈ મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવા અસમર્થ બની ગયા એટલા આપણે સ્વરૂપમાં લય ને લીન રહ્યા. જંગમતીર્થ બની અનંતના દ્રષ્ટિમાત્રે કલ્યાણ કરવા છે. કેફ રાખવો કે હું અક્ષરબ્રહ્મ છું. આત્માનો ગુણ આનંદ. આનંદમાં રહેશો કે મૂંઝાશો ? તમે ઝીણી ઝીણી બાબતમાં મૂંઝાવ છો. તે છોડી આનંદમાં રહેવું.

આપણા આરાધ્ય સ્વરૂપનું ચિંતવન કરવાનું. તો ચૈતન્ય સ્વરૂપ બની જવાય. ગુણાતીત સ્વરૂપમાં રહેલા મહારાજનું ચિંતવન કરો. મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જવા અસમર્થ બની જશો. આપણે અહંકાર, મમતામાં રાચીએ છીએ. જૂના પાસ છે તે ધોવા માહાત્મ્યેયુક્ત સેવા કરીએ. સૌને ભગવાનના સ્વરૂપ માની સેવા કરી લો એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

ગુરુહરિ પપ્પાજીના આશીર્વાદ બાદ માહાત્મ્યદર્શન અને સ્મૃતિલાભ લીધો તેનો સાર માણીએ.

**પ.પૂ.હંસાબેન ગુણાતીત :** ચાલો સર્વે પપ્પાજીના ગાઈએ ગુણગાન... એ ભજનની ટૂક સાથે મહિમાગાન કર્યું કે, જે માટે શ્રીજીમહારાજનો સંકલ્પ



વચ.છે.૨૬ તે સિદ્ધ કરાવવા પપ્પાજી પૃથ્વી પર પધાર્યા. ૨૦૦ વર્ષથી જે ચૈતન્યો આધ્યાત્મિક યાત્રા કરતા’તા તેને સાથે લઈને આવ્યા. તે સૌને દર્શનમાત્રે પપ્પાજી કલ્યાણદાતા મનાઈ ગયા. પપ્પાજીને આત્મા દેખાય છે. એમને મન સ્ત્રી–પુરુષ, આબાલવૃદ્ધ પાપી–પુણ્યશાળી એવા કોઈ ભેદ નથી. તો બ્રહ્મસમાજ પૃથ્વી પર સાકાર બન્યો તે પપ્પાજી, કાકાજી, બાની પ્રાર્થના ને બલિદાનથી થયું છે. સૌને સૌની રીતે સેવા આપી પરમ ભાગવત સંત બનાવ્યા. નારીને નારાયણી બનાવવાનું કામ પપ્પાજીએ સુલભ કરી દીધું. કોઈપણ

અપેક્ષા રાખ્યા વગર સંકલ્પથી કાર્ય કર્યું.જંગમમંદિર બનાવ્યાં. ભક્તોની પ્રગતિ માટે સેન્ટરો ખોલ્યાં. નીડરતાથી આચારસંહિતા જમાનાને અનુરૂપ કરવાનું કાર્ય પપ્પાજીમાં રહીને મહારાજ કરી ગયા.

શાસ્ત્રની રચના અદ્‌ભુત ને અદ્વિતીય – તેમનું વાક્ય બ્રહ્મસૂત્ર બની જાય છે. પપ્પાજી સહેજમાં, મોજમાં મળી ગયા. આત્મામાં બેસી ગયા. તેમના આકારે તંત્ર કરી દીધું.

બાએ શાસ્ત્રીજીમહારાજથી પપ્પાજી સુધીના સ્વરૂપોને સેવ્યા. પપ્પાજીને નિરંતર યાદ કર્યા જ કરે. એવાં બેન જગતનું ભગવાનપણું મૂકી સાધુ થવા પપ્પાજીના ચરણમાં આવ્યાં. એમને પપ્પાજીએ સાધુ કર્યા. પોકાર કરીને તારાબેન પપ્પાજીને આફ્રિકાથી લાવ્યાં. પપ્પાજી પધાર્યા. તેમના આત્માને ઓળખ્યા ને સ્વીકાર્યા. એવાં જ્યોતિબેન – સંબંધમાં આવનારને અક્ષરધામ પમાડે તેવાં. દીદીની પળેપળ બ્રહ્મસમાજ માટે વીતે છે. પોકાર કરો ભગવાન હાજર થાય. તે સૂત્ર બ્રહ્મસમાજને અર્પણ કરી દીધું. પપ્પાજી કહે છે કે, 'આનંદ કરો.' દેવીબેન હમણાંથી એ જ કહે છે. એમણે પપ્પાજી પાસે દાસત્વભાવ રાખી મન, બુદ્ધિ બંધ કરી જીવન જીવી લીધું. જસુબેને બધું સળગાવી, સાધના કરી પપ્પાજીને સાંગોપાંગ પ્રગટાવ્યા. પદુબેન શ્યામની સ્મૃતિમાં રત રહ્યાં ને તે રીતે સામાને જીવવાનો આદર્શ આપ્યો.

એવા પ્રેમબેન શાંત, સરળ. સ્વામીજીનો સમાજ સ્વામીજીની રીતે સાચવ્યો. સર્વેશ્વરને વારસો આપ્યો. એ પણ એવી રીતે સૌનું જતન કરી રહ્યાં છે. એવા જ સુમનબેન. આનંદીદીદી ગુરુજીની રીતે આખા ગુણાતીત સમાજમાં વર્તે છે. સૌને સાચવે છે. માધુરીબેન કાકાશ્રીના મંડળને સાચવી રહ્યાં છે. જયશ્રીબેન પણ સ્વામીજીનું કાર્ય કરે છે. એવાં જ મધુબેન, શોભનાબેન, માયાબેન વગેરે. આવા સ્વરૂપોનું સર્જન ગુણાતીત સ્વરૂપોએ કર્યું. એ ગયા પણ હૂંફ આપીને ગયા. દીદી આપણને એવા પુશ કરે છે કે આપણે ચડવું હોય કે ના ચડવું હોય તોય ચડાવી દે. તો હે પપ્પાજી! હે સર્વે સ્વરૂપો! કેવળ તમારા થઈને રહીએ એ જ આપના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ.ડૉ.નીલમબેન :** શ્રીજીમહારાજનો સંકલ્પ ઝીલવો અને તે પ્રમાણે વર્તવું તેના માટે કલેવર જોઈએ. તે કલેવર મન, બુદ્ધિ, ચિત્તથી પર હોય.



પહેલેથી જ અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીત પ્રગટ્યા અને એણે જે કાર્ય કર્યું તેના વારસદારોએ આપણો હાથ પકડ્યો. કાકાજી, પપ્પાજી, બા આપણા આલોક ને પરલોક બંનેના માવતર બન્યા. મન સાચવ્યું, તન સાચવ્યું.બધી સુખ સગવડો સાચવી અને બ્રહ્મરૂપ કરવાનું માથે લીધું. કેટલી બધી એમની સામર્થિ હશે તો બધા જીવને ગ્રહણ કર્યા !

પપ્પાજીને એકવાર એક હરિભક્તે પૂછ્યું કે, પપ્પાજી ! તમને બધા પપ્પાજી કેમ કહે છે ?



પપ્પાજી કહે, 'આ બધી બહેનોનો શ્રીજીમહારાજ સાથે હથેવાળો કરીને મેં કન્યાદાન આપ્યું છે.' એ બાપ જેણે શ્રીજી મહારાજને આપણું સમર્પણ કર્યું છે તે બાપનું જતન આજે આપણે જોઈ રહ્યાં છીએ.

રોજ બપોરે બે વાગ્યે પ્રભુકૃપા બંધ કરી દઈએ. આ સમયમાં મહેમાન આવ્યા. પપ્પાજીને ખબર પડી પછી મને બોલાવીને કહ્યું કે, 'નીલમ, તને ખબર છે આ પ્રભુકૃપાના પગથિયા શ્રીજીમહારાજના મોકલેલા હોય તે જ ચડી શકે. ને એની સંપૂર્ણ જવાબદારી મહારાજની છે. તારે તો ફક્ત બે જ સેવા કરવાની છે. ઉતારાની અને જમવાની. બીજું બધું જ મહારાજે માથે લીધું છે.' એ તમે ભૂલી જાવ છો પણ મને તો યાદ છે. એવા મહિમાથી ગરજ રાખીને સેવા કરવી.

સેવાનું એક મીષ લઈને ન જીતાય તેવા હઠ, માન, ઈર્ષા, લોભ, કામ, અહંકાર, પ્રકૃતિ, સ્વભાવ એનો સ્વીકાર કરાવ્યો ને તે ટાળવા માટે અંદરમાં પ્રેરણા આપી ને અંતરમાં સમજાવી દીધું કે આ સમાજની સેવા એ તારા ઈન્દ્રિયો, અંતઃકરણને જીતવાનું સાધન છે.

૧૯૮૩-૮૪માં હરિપ્રસાદસ્વામીનો ૫૦મો પ્રાગટ્ય પર્વ હતો ત્યારે હરિધામ બહેનોને દીક્ષા આપવાની હતી. પરંતુ સ્વામીજી સાધુ તરીકે દીક્ષા ના આપી શકે આવા અનંત વિરોધ વચ્ચે પપ્પાજીએ માથે લીધું કે હરિધામ નહીં પણ ગુણાતીત જ્યોતમાં બા, બેન અને સ્વરૂપોના હાથે દીક્ષા અપાવીએ. અને પછી જ્યોત થકી જ્યોત ચાલુ રહેશે. ને સ્વામીજીએ આ વાત સ્વીકારી લીધી. ને રાતોરાત આયોજન થઈ ગયું. હંસાદીદીએ મહાપૂજા કરી. સંકલ્પ કરાવ્યો ને વ્રત આપ્યું. એ આખો હરિધામનો મહિલા સાધક સમાજ. જ્યોત તો એક માતૃસંસ્થા છે.

બહેનોનું કાર્ય શરૂ કર્યું એટલે તો કાકા, પપ્પા, બાને વિમુખ કર્યા હતા. એમાં સ્વામીજી ક્યાંથી વિમુખ થાય ? પણ એ મહારાજનો મનોરથ ને એ કાર્ય માટે પોતે વિમુખની પદવી સહન કરી ને સોખડા પધાર્યા ને અનંત ભીડા ને તકલીફોની વચ્ચે ધીમે ધીમે દૈવત્વ વધારી સાધુતા- ઉપશમ ઐશ્વર્યમાં પ્રગટાવી દીધી. ને બહેનોને દીક્ષા આપવાનું શરૂ થયું.

એવું જ પવઈના બહેનોમાં થોડાં જ વર્ષો પહેલાં એક દિવસ જ્યોતિબેનને મનોરથ થયો ને દીદીને પૂછ્યું કે, 'આ બહેનોને આપણે વ્રત આપી દઈએ તો !' દીદી કહે, હા. ભરતભાઈને પૂછ્યું તો તે કહે 'ઓકે.' ને જ્યોતિબેન, દીદીએ પવઈનાં બધાં જ બહેનોને ત્યાં જઈને દીક્ષા આપી. એવું જ સાંકરદાના બહેનોનું.

કાકા ને પપ્પા એક સિક્કાની બે બાજુ છે. તેમ બા ને બેન, જ્યોતિબેન ને તારાબેન એક સિક્કાની બે બાજુ. આજે અખિલ ગુણાતીત સમાજની મહિલા પાંખનો જે વિકાસ થઈ રહ્યો છે તેમાં ક્વૉન્ટિટી નહીં પણ ક્વોલિટીમાં છે. કઈ ક્વૉલીટી ? તો તે અનુશાસન. સ્વતંત્ર છતાં આપણને બધાને વ્રત આપ્યું છે. સાધુ નથી બનાવ્યા. સંકલ્પથી, પ્રેમથી એવા બાંધ્યા તો અનુસાશન તેની જાતે પ્રગટી ગયું કે આ પપ્પાજીને કે મારા ગુરુને નહીં ગમે માટે એ મારાથી ન થાય.

હું ૧૯૭૪માં જ્યોતમાં આવી. મેં ગુરુ પણ નોતા કર્યા. પીડિયાટ્રીકનું ભણવાનું ચાલુ કરેલું. પપ્પાજીને વાત કરી તો પપ્પાજી કહે 'જ્યોતમાં બાળકો ક્યાંથી હોય ? તારે તો જે.સી.પટેલ અને બી.આર.પટેલ જેવું ભણવાનું. એટલે કે કાર્ડિયોલોજીસ્ટ અને એમ. ડી. ... ને એમાં મને એડમીશન મળ્યું એ જ ચમત્કાર ! પપ્પાજી જે ૧૯૭૪માં બોલેલા તે વાત મારા જીવનમાં સિદ્ધ થઈ.

૧૯૫૨માં બાપાએ વચ.ગ.પ્ર.૭૧મું સમજાવ્યું. નજરથી નજર મિલાવી ને પપ્પાજીના હૃદયમાં સ્થિત થઈ ગયું કે હું તો બાપાનો પ્રકાશ છું. એ તત્કાળ સાક્ષાત્કાર થયો તેના ફળ સ્વરૂપે પપ્પાજીમાં બાપા જેવી શક્તિ આવી. આપણે વર્ષોથી પપ્પાજી સાથે નજર મિલાવીને બેઠા છીએ, વાત કરીએ છીએ પણ સાક્ષાત્કાર એવો અનુભવાયો ?

પપ્પાજીએ મને એક વોલપેપર આપેલું તેમાં લખેલું કે – 'સ્વરહિત થાય તેની ભક્તિ નારાયણ સ્વીકારે છે.' મેં પપ્પાજીને કહ્યું કે, જો હું સ્વરહિત થઈને સેવા ના કરું તો નારાયણ સેવા ના સ્વીકારે તો મારે નથી કરવી સેવા. તો પપ્પાજી કહે, 'પહેલા સ્વરહિત થવા માટે સેવા કરો. ને સ્વરહિત થયા પછી પણ સેવાનું જ સાધન છે. બસ સેવા સેવા ને સેવા.નિઃસ્વાર્થભાવે, દાસભાવે, સ્વ ભૂલીને સેવા કરીએ એ નારાયણ

સ્વીકારે.

આજે સ્મૃતિ સૌરભ ઉત્સવ છે. બસ તેનું મારે ખાલી સ્મરણ રાખવાનું છે કે પપ્પાજીએ સંકલ્પ કરીને સ્થાન લીધું છે. તમે ગુણાતીત સાધુ બનો. એ સંકલ્પની સૌરભ બનીને રહીએ. ગુણાતીતની સૌરભ શું ? તો બુદ્ધિ જ ના ચાલે. જે થાય તે સાક્ષી બનીને જોતા જ રહીએ. મેં એક ભજન બનાવ્યું છે – ચાલ આતમ જઈએ પેલે પાર... જ્યાં દિવ્ય તેજ રહ્યું છે. અક્ષરધામનું સુખ રહ્યું છે તે મેળવવા પ્રાર્થના કરવી પડે. એ વર્તનમાં લાવવા આ ઉત્સવ ઉજવી રહ્યાં છીએ. હું બધામાંથી આનંદ લઈ શકું ને બધાને આપી શકું એવું મારું આખું તંત્ર બની રહે તેવી સર્વે સ્વરૂપોને અંતરની પ્રાર્થના છે.

**પ.પૂ.સર્વેશ્વરબેન :** પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવમાં જીવનનું અમૂલ્ય ભાથુ લેવાની તક મળી. સૌ માવતરના ચરણે પ્રાર્થના કરવાની તક મળી. બે સ્મૃતિ અંતરપટ પર છે. સ્વામીજીની ૬૩મી જન્મજયંતી પપ્પાજીએ લંડનમાં ઉજવી હતી. પપ્પાજી સ્વામીજીનું



જીવનદર્શન કરાવતા હતા – આજે હરિપ્રસાદસ્વામી કલ્યાણની યાત્રા માટે પધાર્યા છે. ભારતમાં બહુ બધા ભક્તોને છોડીને, કાર્યો છોડીને અહીં આજે બેઠા છે...આગળ પપ્પાજી સ્વામીજીના વખાણ કરવા જતા હતા. પપ્પાજીનું વચન પુરું થાય ત્યાં સ્વામીજી બોલી ઉઠ્યા અહીંયા કેવી રીતે કોઈ કામ યાદ આવે ! જ્યારે સત્પુરુષની સમક્ષ બેસવા મળે ત્યારે જીવનનો, સાધનાનો, જવાબદારીનો સંપૂર્ણ ભાર એ સત્પુરુષમાં જ મૂકી દેવાનો હોય. એની સામે ખાલી હાથ જોડીને બેસવાનું હોય.

બીજી સ્મૃતિ એ છે કે પપ્પાજીનો ૮૨મો પ્રાગટ્ય પર્વ ઉજવાતો હતો. ને ગુરુહરિ સ્વામીજીએ આપણા સૌ સાધકો માટે પરાવાણી ઉચ્ચારેલી કે આજે વિશેષ મુદ્દાની વાત એ છે કે આપણે જીવંત પરંપરામાં બેઠા છીએ. અને પપ્પાજીના ૮૨ વર્ષની લૌકિક ઉંમરે સ્વસ્થ, સુંદર શરીરના દર્શન એ સાધકો માટે લહાવો છે, પરમકૃપા છે. ગુણાતીત પરંપરાને સમજાવતા બોલ્યા છે કે ભગવાન સ્વામિનારાયણે જીવંત પ્રણાલિકા ભારતની ધરતી પર સ્થાપીને આપણને સૌને સનાથ કર્યા છે. આપણે સૌ બહુ મોટા નસીબ સાથે ભગવાન ભજીએ છીએ. એનાથી મોટા નસીબ આ કળીયુગમાં શું હોય! જે મને મળ્યા છે તેની દરેક વાત સાથે દિવ્યતા જોડાયેલી છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહમની પાર આ વાત સ્થિર કરવાની છે.

એક તો મહિમાગાન ને મળેલા સત્પુરુષના પરિશ્રમ તરફ સાધકે મીટ માંડી રાખવી. આ સત્પુરુષ આલોકના નથી. તેમાંથી મને પસંદ કરવા દેહ ધાર્યો છે. આજે કોઈપણ શાખાનાં બહેનોનાં દર્શન કરીએ ત્યારે ખબર પડે કે ખીલો કેટલો મજબૂત છે ! પરિસ્થિતિ



ને પ્રસંગ ઘડતર માટે જરૂરી છે. આપણને જે મળ્યા છે એને સમજીએ, તેમનું શોભાડીએ, તેમનું બળ લઈ સેવા ભક્તિમાં હોમાઈ જઈએ.

પપ્પાજીનું સૂત્ર છે કે કોઈનું જોશો નહીં. કાકાજી કહેતા ભૂલકું બનવું છે. આ સૂત્રો બહુ અગત્યના છે. તે જીવનમાં ચરિતાર્થ કરીએ. સૌ માવતર સ્વરૂપો અમારા માટે સંકલ્પ કરશો. આશીર્વાદ આપો તે અમે ઝીલી શકીએ, જાગ્રતતાનો રંગ દિવસે દિવસે ચડતો રહે એ જ પ્રાર્થના.


**પ.પૂ.અરૂણાબેન ભોજાણી લંડન :** પતંગિયું સૂર્યનો મહિમા શું ગાય ! પપ્પાજી મળ્યા ! ધન્ય થઈ ગયા. બહેનોને આ પ્રાપ્તિ થઈ ગઈ તે અદ્‌ભુત વાત કહેવાય. ૧૯૬૯થી ૧૯૭૯ સુધી બહેનોને ચાર વાર અહીંયા મોકલ્યાં. એમાં અમે ફાવી ગયા. સેવા, ભજન કરતા શીખવ્યું. પપ્પાજીનો મહિમા ગાયો ને પપ્પાજીને ઓળખાવ્યા. બેકગ્રાઉન્ડ તૈયાર થયું ને ૧૯૮૦માં પપ્પાજી પધાર્યા. સમૈયા, શિબિરો, સભા કરી. પપ્પાજી સૌને પર્સનલી ઓળખતા ગયા. અમને ધીમે ધીમે સ્વરૂપ ઓળખાતું ગયું.



કોઈ વાતની ખબર નો'તી. જગતની રીતે જીવતા હોઈએ. અહીંયા બધું જુદુ. સેવા કરવાની, નિર્દોષ માનવાના. તે બધું ધીમે ધીમે વર્તનમાં આવ્યું. પપ્પાજી એકવાર મને કહે, 'તું કામે જાય છે ને ત્યાં પ્રસંગ આવશે જો તું સત્સંગમાં રાંક ન રહે તો.' પણ પછી તો કામે પ્રસંગો આવતા જ બંધ થઈ ગયા. આ સ્વરૂપોનું વર્તન, જીવન જોઈએ ત્યારે ખબર પડે કે આવા સ્વરૂપો મળ્યા ! બસ પપ્પાજીને સાચા અર્થમાં ઓળખી લઈએ એ જ પ્રાર્થના.









ત્યારબાદ ગુરુહરિ પપ્પાજીને કેક અર્પણ થઈ. અને સર્વ સ્વરૂપોને પણ એક એક કેક અર્પણ કરી જેમાં 'P', 'A', 'P', 'P', 'A', 'J', 'I', '1', '0', '5' આ સીંગલ અક્ષર દરેક કેકની કેન્ડલ પાસે મૂકેલા. એક સાથે કેન્ડલ પ્રગટાવી, સાથોસાથ સ્ટેજ પર પણ પ્રભુપ્રાગટ્યની ખુશાલીમાં ફટાકડાના ફુવારાથી (Cold fire) રોશની કરી. ત્યારબાદ સ્વરૂપોએ કેકકર્તન કર્યું.

**પ.પૂ.આનંદીદીદી :** સર્વ ગુણાતીત સ્વરૂપોને અંતરના કોટિ કોટિ વંદન, ધન્યવાદ. દોઢ-બે વર્ષે જાણે પપ્પાજીએ જ બધાને ભેગા કર્યા. સ્વરૂપોને પ્રાર્થના છે કે ઓમીક્રોનમાં સર્વ હરિભક્તોની રક્ષા થાય. જેથી ૨૦૨૨માં ગુરુજીનો ૮૫મો પ્રાગટ્યદિન-સાધુતા પર્વ આપણે સાથે મળી ઉજવી શકીએ.



આપણી યુગલ ઉપાસના છે. જો મહારાજ ગુણાતીતાનંદસ્વામીજીને સાથે ન લાવ્યા હોત તો અધુરુ રહેત. તો ગુણાતીતાનંદસ્વામી કહે કે મહારાજ વગર મારું અસ્તિત્ત્વ નથી. કાકાજી, પપ્પાજી એકબીજામાં સમાયા છે. સિક્કાની બે બાજુ જેવા છે. કાકાજી કહેતા કે અમારી એકતાને તમે નહીં સમજો. અમારા તો મજીયારા હૈયાં. ઊંડાણથી જોઈએ તો જીવનશૈલી ઉપરથી જુદી લાગે પણ આંતરિક એકતા ખૂબ જબરજસ્ત હતી. યોગીબાપા પોતાનું કાર્ય કરવા બંને ભાઈઓને લઈને આવ્યા. સંતો, યુવકો, ગૃહસ્થોનો સમાજ તૈયાર કર્યો. બહેનોને એકાંતિક બનાવવાના અશક્ય કાર્યને શક્ય કરી દેખાડ્યું. આજે એ સ્વરૂપો સ્થૂળ રૂપે દેખાતા નથી. પણ દરેક અનુભવે છે તે કોઈ ને કોઈ સ્વરૂપે પ્રગટ છે જ. જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, પ્રેમદીદી, યોગીનીબેન આ સ્વરૂપો આપણા માટે પાયામાં ન સમાયા હોત તો ભગવાન ભજવાની કલ્પના જ કરવાની હોત. તેઓએ કૃપા કરીને આપણને આગળ લીધા છે. એ ઋણ કદી નહીં ચૂકવી શકાય. જગતની આધિ-વ્યાધિ-ઉપાધિ જોઈને સમજાય છે કે આપણા પર કેટલી કૃપા કરી છે !

મેં મારા ટેબલ પર ગુણાતીત જ્યોતનું કેલેન્ડર રાખેલું છે. જેમાં પપ્પાજીનું લખાણ છે. મારા મનમાં કંઈક ચાલતું હતું ને મેં તે કેલેન્ડરનું પાનું બદલાવ્યું. તેમાં બ્રહ્મસૂત્ર હતું : દરેક પ્રસંગે શ્રીજીને ઉપાયભૂત કરો. મારું મન એકદમ શાંત થઈ ગયું. પપ્પાજીએ કેટલી ચાવીઓ આપી છે ! પ્રસંગ બને ત્યારે કંઈ કામ આવતું નથી આવા સૂત્રો કામ આવે છે. આ સ્વરૂપોએ આપવામાં કાંઈ બાકી રાખ્યું નથી. પપ્પાજીએ ઊંચી કક્ષાએ રહીને આપણામાં મહિમા ભર્યો છે.

ભક્તિઉત્સવે રાકેશભાઈએ પપ્પાજીના માહાત્મ્યનું 'ભક્તિઉત્સવ આજ મનાયે...' એ ભજન બનાવ્યું હતું. સમૈયા પછી પપ્પાજીનાં દર્શને આવ્યા. ફરી એ ભજન પપ્પાજીએ ગવડાવ્યું ને અમે ગાયું. તેમાં લાઈન આવી કે 'શ્રીજી કહાં....' પપ્પાજીએ આ લાઈન ફરી ગવડાવી ને કહે, 'તમારા માટે શ્રીજી કહાં ? તમારા માટે ગુરુજીમાં છે.' આ સ્મૃતિ મૂર્તિ મને એકદમ ઈદમ થઈ ગઈ છે.

કાકાજીએ કહેલું કે સમાની ગમ પડી જાય તેને સમાગમ કહેવાય. અત્યારે સમય બહુ કિંમતી છે. મનના ભરનીંગળમાં ખોવાનો નથી. સ્વરૂપોના ચરણે પ્રાર્થના કે નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવની લીફટમાં બેસાડી દો. લહેજતથી કરાવી દો. સ્વરૂપો પાસે હાથ જોડી 'હાજી હા' કરીએ તેવી પ્રાર્થના.





આ ઉત્સવ નિમિત્તે સ્મૃતિભેટમાં ઘડિયાળ અર્પણ કર્યું જેનું અનાવરણ પૂ.નીનાબેને પ.પૂ.દેવીબેન પાસે કરાવ્યું. ઘડિયાળમાં વિશેષતા એ છે કે તેમાં દર કલાકે મ્યૂઝીક અને ત્રણ કલાકે વારાફરતી પપ્પાજીના સ્વરમાં જય સ્વામિનારાયણ, જીવનમંત્ર અને ભજન સંભળાય છે.



**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજે અક્ષરધામની સભા અહીં બેઠી છે. ખરેખર સંપ, સુહૃદભાવ, એકતા રાખીને આપણે અંદરથી જીવવાનું. અંદરના ઉલ્લાસ, આનંદથી, માહાત્મ્યથી ભેગા થયા છીએ. આપણને દિવ્ય ભાઈ-ભાભીઓ મળી ગયા! જુઓ સુરત, અમદાવાદ, વિદ્યાનગર, હાલોલ, વડોદરાના ભાઈ-ભાભીઓ સેવામાં આવ્યાં છે ને તેઓ આ સભામાં બેઠાય નથી. પણ તેઓને ખૂબ આનંદ છે. આ જ્યોતના હીરા તો જુઓ. આ ડેકોરેશન ને મંડપ વ્યવસ્થા, ભોજનખંડ કેટલું સરસ કર્યું છે ! માયાબેને બધું હેન્ડલ કર્યું છે. આ બધો સમૈયો દીદીના પ્રતાપે માયાબેન અને બકુબેને હાથમાં લીધો. ખરેખર ખૂબ માહાત્મ્યથી કર્યું. પપ્પાજી, કાકાજી, બા અક્ષરધામમાં રાજી થતા હશે. તો આપણા સ્વરૂપોને જે ગમે છે તેવી રીતે તેમની રુચિમાં ભળી જઈએ. તેમના સિદ્ધાંતે જીવીએ. સંબંધવાળો એટલે માથાનો મુગટ. કોઈનું જોવું નહીં. ને સ્વામી સ્વામી કર્યા કરવું. મારું-તારું ન જોઈએ. એકસાથે આટલા બધાનાં દર્શન થયાં એનો ખૂબ આનંદ થયો. એવો આનંદ પપ્પાજી અમે સદાય કર્યા જ કરીએ એ જ પ્રાર્થના.



૨૦૨૨નું કેલેન્ડર પ.પૂ.દીદીના હસ્તે પૂ.કલ્પુબેન મહેતાએ અનાવૃત કરાવ્યું. જેમાં દરેક મહિનાના સૂત્ર આપણા સંકલ્પની જાગ્રતતા આપે તેવા પ્રેરણાદાયી મનન, ચિંતનના છે.



**આશીર્દાન પ.પૂ.દીદી :** શાસ્ત્રીમહારાજે કાકાજી પાસેથી ભેગા કરેલા રૂા.૫૧ હજાર ભેટમાં ગઢડા મંદિર માટે માગી લીધા. એ પ્રસન્નતા યોગીજીમહારાજે ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૨માં સાક્ષાત્કાર કરાવીને પ્રસન્નતાનો પુરસ્કાર આપ્યો. આપણા માટે આ પુરસ્કાર મફત છે. કાકાશ્રીના સાક્ષાત્કારની વાત આફ્રિકા પહોંચી ને આફ્રિકાથી પપ્પાજી પધાર્યા. બેઉ ભાઈઓએ ગુણાતીત સમાજ યોગીજીમહારાજના સંકલ્પે સ્થાપ્યો. પપ્પાજી, કાકાજી, હરિપ્રસાદસ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી, સાહેબજી સ્વતંત્ર કાર્ય કરી શકે તે માટે પાર્ટીશન કર્યું. તો આપણે પામી શક્યા. આ બધા મહારાજના સ્વરૂપો, માથાના મુગટ. મને થયું કે મુગટ પહેરીએ તો ભાર લાગે. એ ભારમાં ભગવાન ના ભૂલાય જાય. જોગીબાપા સ્વધામમાં ગયા ત્યારે અનુપમમાં બધા જ સ્વરૂપો ભેગા થયા ને નક્કી કર્યું કે આપણે દરેકે પોતપોતાની રીતે ચૈતન્યોને આગળ લેવા ને એકબીજાને સ્વીકારી લેવા. બધાએ એક થઈને



કરવાનું. બધાનું માન્ય રાખવું. અત્યારે સાત સ્વરૂપોમાં સાહેબજી એક જ છે. પ્રથમ છ સ્વરૂપો અક્ષરધામમાં બેસીને રાજી થાય છે. સાહેબ તમારા હાથમાં આખા સમાજનું સુકાન છે. સાહેબ આપણા માટે પૂજનીય છે. સતત એમના માટે, ગુરુજી માટે પ્રાર્થના કરવી. તેઓ સાજાસમા રહેશે તો આપણને સંકલ્પથી બળ પૂરશે.

આ સમૈયો ગોઠવાયો તેમાં છેલ્લે મેં કહ્યું કે આપણું કર્તવ્ય શું છે ? તે ભૂલાવું ન જોઈએ. પપ્પાજી, કાકાજી, બાનો દાખડો આપણને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા માટે છે. દેહનો ભરસો નથી. સીન્સીયર રહેવું. એક બહેને લંડનમાં પૂછેલું ત્યારે પપ્પાજીએ કહેલું કે, આપણે આપણને વફાદાર રહેવાનું છે. જ્યારે મેં વ્રત લીધું ત્યારે હાથ જોડીને કહ્યું હતું કે તમે કહેશો તેમ કરીશ. 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' પુસ્તકમાં મહારાજની મૂર્તિ નીચે લખ્યું છે 'મારું વચન મારું સ્વરૂપ છે.' તો આપણને વચન પાળવામાં જે આડું આવે તેને હડસેલવાનું બળ ભજન-સેવાથી મળશે. એમનેમ માગશો તો સત્પુરુષ હા પાડશે પણ આપશે નહીં. આપણે બીજાનું જોઈશું તો બળ ક્યાંથી મળે ?

આપણે ઘણા સમૈયા ઉજવ્યા છે. એક વાત શીખીએ કે સંપ, સુહૃદભાવ, એકતા રાખવી હોય તો જેને જે સેવા સોંપી તે જે કરે તેને માન્ય કરતા શીખવું. દરેકના ચૈતન્યને જ્યાં જરૂર છે ત્યાં જોડ્યા છે. પપ્પાજીને સંપ, સુહૃદભાવ. એકતા રખાવવી છે તે રાખવા ન પડે, અંતરથી રખાઈ જાય. આ તો સ્વામિનારાયણનો પરિવાર છે. આ અત્યારે કાકા, પપ્પા, બાનો સમાજ બેઠો છે. આપણે એક ધ્યેયી છીએ. મારા અંતરમાં સુખ આવે તે કોઈથી ટાળ્યું ટળે નહીં એવી પ્રાપ્તિ કરવી છે. પપ્પાજીના, સ્વરૂપોના વીલમાં આપણાં જ નામ છે. મા-બાપ પોતાનું જે કંઈ હોય તે પોતાના દીકરાઓને જ આપે ને ! આપણે એમના જ છીએ આશીર્વાદ આપો એવું નથી કહેવું. તે આપે જ છે તે ઝીલીએ.



સત્પુરુષનું વચન આપણું જીવન, સાધના, કર્તવ્ય છે. વર્તનમાં મૂકવું તો પડશે જ. બધાયને ગરજ તો ક્યાંક રાખવી જ પડેને ! ગરજુ થઈને સેવા કરો ને દિવ્યભાવ રાખીને ખમો. એ પપ્પાજીનું સૂત્ર છે. આવું કરીશું તો એવું થઈ જશે. બ્રહ્મનો ગુણ આનંદ એ તેમનું વચન આપણું જીવન બને. અત્યારે સ્વરૂપો વચનરૂપી જે પીરસે તેમાંથી કંઈક શબ્દ આપણા માટે લઈ આપણા જીવનને સાચા અર્થમાં આપણા સત્પુરુષને સોંપી દઈએ, મન સોંપી દઈએ એવી કૃપા હે મહારાજ તમે કરજો.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે અક્ષરધામની સભાનાં દર્શન કરી ખૂબ આનંદ થયો. વચ.ગ.મ.૧૩માં મહારાજે કહ્યું છે કે સંબંધવાળાને અક્ષરમુક્ત માનવા. પણ ત્યારે આપણી તાકાત નો'તી. આ વખતે યોગીજીમહારાજે કૃપા કરી. ચારે પાંખે એકાંતિકો આદર્શ તરીકે આપ્યા. એમણે સંકલ્પ કર્યો. તેના ફળ સ્વરૂપે એકાંતિકો ભેગા થયા. કોઈને કોઈ સ્વરૂપમાં જોડાયા છીએ.



કાકાજી કહેતા કે, મુક્તોનું માહાત્મ્ય સમજાય તે પૂર્ણાહુતિ. કર્તવ્ય કર્મો કર્યા છતાંય, આજે મહામાનવનું,

અક્ષરધામનું સુખ ભોગવી રહ્યા છીએ. જગતને છોડી દેવાનું નથી. એવા ગુણાતીત સ્વરૂપો મળ્યા તેમની જોડે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ ગઈ છે. હેતનિષ્ઠામાંથી જ્ઞાનનિષ્ઠામાં જઈએ. મારી પળેપળના કંડકટર મારા ગુરુહરિ છે. કર્તવ્ય કર્મો કર્યા છતાં અક્ષરધામની સમાધિ જાય નહીં તે જ પ્રાર્થના ને આશીર્વાદ.



★ આજના ઉત્સવમાં ગુરુહરિ પપ્પાજી મહારાજે ભજનના નિરૂપણ કર્યા છે એ પરાવાણીની 'સૂર સૌરભ ભાગ ૨'ની પેન ડ્રાઈવ સ્વરૂપોને તથા ઉત્સવ સ્મૃતિભાવ સર્વે કેન્દ્રોના સ્વરૂપો તથા બહેનોને અર્પણ કર્યા.

★ સ્મૃતિવિશેષમાં લકી ડ્રોમાં : એક ભજનની કડી–

પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ ઉજવીએ આચારથી

સંપ, સુહૃદભાવ, એકતા સંકલ્પ સાકાર કરી...

તે લખેલી ચિઠ્ઠી જેની પાસે હોય તે લકી બનેલા અને આ બધી ચિઠ્ઠીઓમાં 'ધું' અક્ષર લખેલી ચિઠ્ઠી જેની પાસે હોય તેમણે 'આ ઉત્સવમાંથી શું લીધું ?' એના પર લાભ આપવાનો હતો. ને તે ભક્તિઆશ્રમના સત્યશીલ હતાં. જેમણે ખૂબ સુંદર પ્રેરણાદાયી સૂત્ર લીધા – આપણે ગમે ત્યાં જઈએ સાધુતા રાખવી જોઈએ અને વફાદારી રાખવી જોઈએ... આવા સૂત્રો સૌની પ્રેરણા બની રહી. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.



★ આ કપરા સંજોગોમાં સૌ ડૉક્ટર બહેનોએ ગુણાતીત સમાજના સર્વ ભક્તોની દેખભાળ કરી છે. ને આ સ્મૃતિ સૌરભ ઉત્સવની તક આપી છે. તેઓએ સ્વરૂપોને બહુમાન કરી હાર અર્પણ કરી, ગુરુહરિ પપ્પાજીને ૧૦૫મા પ્રાગટ્યદિન નિમિત્તે પુષ્પકલગી અર્પણ કરી.

★ ગુણાતીત સમાજના દરેક કેન્દ્રોના પ્રતીકચિહ્નને એકતારૂપી પુષ્પસાંકળથી સંયોજીત કરી બહેનોએ હસ્તમાં ધારણ કર્યા. અને મહાપૂજામાં નિત્ય કરાતી પ્રાર્થનાના ભાવો પ્રત્યક્ષ ગુરુહરિ અને સ્વરૂપોના ચરણે ધર્યા...

સંપ, સુહૃદભાવ, નિર્દોષબુદ્ધિ રાખી રાજી કરીએ,

એકતા રાખી માહાત્મ્ય સમજી, સેવા તારી રીતે કરીએ,

તવ સંકલ્પ અમ જીવન બને એવું કરી દે નાથ,

જય અક્ષરપતિ જય ઘનશ્યામ;

જય ગુરુહરિ પપ્પાજી મહારાજ.

આ પ્રાર્થનાગાન સાથે સભાનું સમાપન થયું.

અંતમાં પ.પૂ.દીદીએ મહારાજનો અને ગુરુહરિ પપ્પાજી મહારાજનો આભાર માન્યો કે વાતાવરણ ખૂબ સરસ રાખ્યું, વરસાદ કે ઠંડી ન પડી. ને સૂર્યદેવ પધાર્યા. આહ્‌લાદક ઠંડક સભા દરમ્યાન રાખી. તેમજ સમગ્ર આયોજનમાં ભાગ લેનારા કાર્યકરો, સેવકો સૌનો આભાર માન્યો. ત્યાર બાદ સર્વ સ્વરૂપોની નિરામયતા માટે ધૂન કરી, સર્વ મુક્તોએ મહાપ્રસાદના ખંડમાં પ્રવેશ કર્યો. જ્યાં સૌએ આનંદબ્રહ્મની સ્મૃતિ લ્હાણીના બ્રહ્માનંદ સાથે મહાપ્રસાદ ગ્રહણ કર્યો. ત્યાર બાદ પ્રભુકૃપાતીર્થ ધામનાં દર્શન માણી સૌ યથાસ્થાને પહોંચ્યા.

આ બ્રહ્માનંદી આનંદ અમ સૌમાં ટાણે–પ્રસંગે સર્વશક્તિમાન પ્રભુની કૃપાને ઝીલવામાં બળ પ્રેરે અને હવે જે કર્તવ્ય છે તે તરફ વફાદારીથી મંડીએ.





પ્રાર્થનાભાવ અને જયઘોષ...





પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવની જય જય જય...

## તા.૨૭.૧૨.૨૦૨૧ : પૂ. મણિબાના ૯૦મા પ્રાગટ્યદિનની ઉજવણી...

ગુરુહરિ પપ્પાજી મહારાજે બ્ર.સ્વ. યોગીજીમહારાજના વચને જે જે ચૈતન્યની સેવા સ્વીકારી તેમાંના પ.પૂ.મણિબેનના ૯૦મા પ્રાગટ્ય પર્વે સમૈયો થયો.

૯૦મો પ્રાગટ્ય એટલે ગુરુહરિ પપ્પાજી મહારાજની પૃથ્વી પરની આયુ અને તા.૨૭ એટલે ગુરુ પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિનની સ્મૃતિ. બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજના વખતથી દિવ્ય સંબંધ પામનાર એકાંતિક, રાજરાણી જેવા વૈભવશાળી કુટુંબના ચૈતન્યને બ્ર.સ્વ.યોગીજીમહારાજે તેમના પતિને સાધુ થવા પસંદ કર્યા. ત્યારે બાપાએ કહ્યું કે તમારા ઘરનાં મહાએકાંતિક છે. બે બાળકો સહિત તેમને ધોકાપંથી બાબુભાઈને સોંપી સાધુ થઈ જાવ.







અને સાચા અર્થમાં આ સત્ય, મહાસત્ય સાબિત થયું. સેવાસમ્રાટ, કોઠાસૂઝની રાણી, સાધુતાભરી સંકલ્પશક્તિ, રાંકભાવ, બ્રહ્માનંદી, સર્વદેશીયતા, વિશ્વાસુ, દાસત્વભક્તિના સાકાર ગુણો સહજ વહેતા રહ્યા તેવા સ્વરૂપને વધાવી પર્વનો બેજ અર્પણ કર્યો. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ તથા મણિબેનને સાધકો, ભકતો વતી સ્વાગતહાર અર્પણ થયા. પૂ.હીનાબેન વ્યાસ રચિત 'વરસી આનંદ કેરી હેલ...' ભજનમાં સૌ લીન થયાં. અને માહાત્મ્યગાનની અદ્‌ભુત હેલી વહી તેમાં ભીંજાઈએ.

**પૂ.હેમીબેન ખાનપરા :** ૧૯૬૬માં વિદ્યાનગર આવ્યા ત્યારે હું, સવિબેન, મણિબા સાથે રહેતાં. મણિબા આખો દિવસ સેવા કરે. રાત્રે પગ દુઃખે એટલે પગમાં મલમ લગાડી દઉં. એક વખત સભા ચાલતી હતી. પ્રભુકૃપાની ચોકડીમાં પપ્પાજી બેઠા હતા. મણિબાને શ્રીખંડ કરવો હતો. મણિબા મને કહે કે તું મને થોડું ખોદી દે ને. મારી તબિયત સારી ન હતી પણ મણિબાના વચને મેં તે સેવા કરી લીધી. પછી તેના પણ ઘાસ પાથરીને મણિબાએ શ્રીખંડની સેવા કરી. મણિબા રાજી થઈ ગયાં. ને પપ્પાજી પાસે મને લઈ ગયા ને પપ્પાજીને બધી વાત કરી. તો પપ્પાજી રાજી થકા બોલ્યા હતા કે, આપણે આવી સેવા કરીશું તો મૂંઝવણ, વિક્ષેપ, અભાવ આવશે નહીં ને ખરેખર મને

તેમાં અટવાવા દીધી નથી.

મણિબા ગુજરાતના ભોમિયા. બધા સાથે બહાર જાય. રસોડાની સેવા કરે પણ સમૈયામાં જવાની આશા જ નહીં. માસીબા સાથે ને અમારી સાથે સવારે ૩ વાગ્યે રસોડામાં આવે. ખૂબ મહિમાથી સેવા કરે ને કરાવે. ૧૩ વર્ષની ઉંમરે પ્રભુતામાં પગલા માંડ્યા. ત્યારથી શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજની ભાવથી સેવા કરી. તેના ફળ સ્વરૂપે સુખિયા થઈ ગયા. ૧૯૬૦માં ગોંડલ ગયા ત્યારે મારે સાધુ થવું છે એવી પ્રાર્થના કરી ને ખરેખર સાધુ થયા ને સાધુતા દીપાવી. મણિબાના વચને ગૃહસ્થો પણ સુખી સુખી થાય છે. મણિબા બધા માટે મહાપૂજા, ભજન, પ્રાર્થના કરે છે. મણિબાના જીવમાં બા, પપ્પા, દેવીબેન સિવાય કાંઈ નથી. મણિબાની જેમ નિર્માની થઈને સેવા કરવાનું બળ મળે તેવી પપ્પાજીને અને મણિબાના ચરણોમાં પ્રાર્થના.





**પૂ.મંજુબેન ઝાટકિયા** : હું ખૂબ નસીબદાર છું. મને મણિબા સાથે ટ્રીપમાં સેવાનો લાભ મળ્યો છે. પ્રસંગોમાં તેમને જોઈએ તો કર્તાહર્તા પ્રભુને માન્યા છે. મણિબા નિર્માની છે. તેમના જીવનમાં નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવ ખૂબ જોવા મળે. એકવાર બહેનો દિલ્હી ગયાં હતાં. એકાદશી હતી એટલે પપ્પાજીએ કહ્યું કે, બહેનો નકોરડી કરશે... પછી સાંજના પપ્પાજીએ કહ્યું કે બહેનોને સૂકીભાજી ને ચોપડા જમાડીએ. એકાદશી હતી તો અંદરમાં પ્રશ્ન થાય ને કે આજે એકાદશી છે ને ? તો મણિબા કહે, ‘પપ્પાજી કહે ત્યારે વિચાર નહીં કરવાનો. વચનની કિંમત છે. વચન પાળે તેના પર પપ્પાજી રાજી થાય જ છે.’ પછી ગરમ ચોપડા ને સૂકીભાજી કર્યા. પપ્પાજી રાજી થઈ ગયા.



૧૯૯૬માં ભક્તિ ઉત્સવે રોટલા કરવાના હતા. એક પતરું લીધું તેના પર એક સાથે ચાર રોટલા થાય તેવી રીતે ચૂલા તૈયાર કરાવ્યા. ત્યારે પપ્પાજી ખૂબ રાજી થયા હતા. રોટલા થતા હતા ત્યાં પપ્પાજી પધાર્યા અને કહે કે આ કોનો આઈડિયા છે ? બધા કહે, મણિબેનનો છે. તો પપ્પાજી કહે, ‘મણિ, તારી આ સૂઝ કોઈને આપજે હં...’

એકવાર અમારે જલેબીનો આથો નાખવાનો હતો. મેં લોટ જોયા વગર આથો નાખી દીધો. તેમાં જળ નાખવાનું ભૂલી ગઈ હતી તો જળ નાખવા ગઈ તો આથામાં ઈયળ જોઈ. મણિબાને વાત કરી તો મણિબા કાંઈ બોલ્યા નહીં ને કહે કંઈ નહીં. આ ફેંકી દ્યો. ને પછી બીજો લોટ મંગાવી આથો નાંખ્યો. પછી મને એકલીને બોલાવીને કહે, ‘પપ્પાજી પર વિશ્વાસ રખાય. પણ આવી વાતમાં કોઈ પર વિશ્વાસ ન રખાય.આપણે ચેક કરવું જોઈએ. આજે તું પાણી લે કે આપણા ફાળે સેવા આવી હોય તે બરાબર ચોકસાઈથી કરીશ.’ ત્યારથી દરેક સેવામાં ચોકસાઈનું ધ્યાન રાખતી થઈ ગઈ એ મણિબાનો પ્રતાપ.

કેરી આવે, મરચા આવે તો કહે કે મને અતાણા કરવા બોલાવજો. આમ સેવાની ગરજ એમણે ખૂબ રાખી છે. તો અમે પણ હંમેશા સેવાની ગરજ રાખી પ્રભુની રીતે સેવા કર્યા કરીએ. આ દેહ સ્વરૂપોને, પપ્પાજીને રાજી કરવામાં વાપરું એ જ પ્રાર્થના.

**પૂ.સંગીતાભાભી કાછિયા-નડિયાદ** : મણિબા સંકલ્પસિદ્ધ

છે એ કોઈપણ વસ્તુ વિચારે તે થાય જ. પપ્પાજી તીર્થની વાત છે કે, 'આ જમીન લેવી છે' તો તે મળી જ. તેવું જ મારા માટે સંકલ્પ કરે છે. એ કહે કે તું આમ કરજે. આમ નહીં કરતી વગેરે.

મણિબાએ મારા દીકરાના મેરેજ વખતે કહેલું કે, બહુ ખર્ચો ના કરશો. પછી સમાજની રીતે જે વ્યવહાર કરવો પડે તેમ અમે ગોઠવ્યું. તો વરસાદ એટલો બધો આવ્યો કે પ્રોગ્રામ બધા કેન્સલ કરવા પડ્યા. આમ વ્યવહાર પ્રધાન કર્યો તો અનુભવ જ્ઞાન આપ્યું.

અમારા આખા કુટુંબનું ખૂબ જતન કર્યું છે. નાના બાળકોને પણ સત્સંગનું ખૂબ છે. મણિબા માટે જેટલું કહીએ તેટલું ઓછું છે. બસ તેઓ સદાય રાજી રહે તેવી પ્રાર્થના.

**પૂ.હસુબેન કાછિયા – નડિયાદ :** મણિબા મારું સર્વસ્વ છે. મારું જતન મણિબાએ કર્યું છે. ૨૩ વર્ષની ઉંમરે હું વિધવા થઈ ત્યારથી મણિબાએ મારું ખૂબ ધ્યાન રાખ્યું છે. બીજા દિવસે મણિબા મને મળવા આવેલા. તે મને એકાંતમાં મળ્યાં ત્યારે તે મને ભેટ્યાં ને મારું રડવાનું જતું રહ્યું. અંતરમાં શાંતિ થઈ ગઈ. થોડા થોડા વખતે મણિબા ફોન કરીને ખબર પૂછે જ છે. ને બળ આપે છે. બીમારીમાં ય ખૂબ હૂંફ આપી છે કે તને કશું જ થવાનું નથી. ને ખરેખર સરસ થઈ ગયું. મારામાં સેવાનું માહાત્મ્ય ન હતું તે મણિબાએ ઉગાડ્યું છે. મણિબાના વચને સેવા કરી તો સુખિયા થઈ ગયા. આવા સ્વરૂપો યાદ કરે છે તે જ ભાગ્ય છે. સોનલના પતિ વિપુલભાઈ ધામમાં ગયા ત્યારે પણ મને ને સોનલને, બાળકોને ખૂબ સાંત્વન આપ્યું છે. મણિબા તમે જુગ જુગ જીવો. ને પપ્પાજીને પ્રાર્થના છે કે મણિબાને દીર્ઘાયું રાખજો. તેમની ને બહેનોની સેવા સદાય કરી શકીએ એવી પ્રાર્થના.

**પૂ.માનસીબેન કાછિયા – નડિયાદઃ** પ્રાર્થનાનો જન્મ થયો ત્યારે મણિબાએ ગળથૂથી પીવડાવી છે તો મણિબા જેવું બધું એનામાં છે. તો નિત્યાને જ્યોતિબેને ગળથૂથી આપી છે તે પણ એવી ભક્તિવાળી છે. હે મણિબા, મારી બંને દીકરીઓની રક્ષા કરજો ને ભેળા રહેજો તેવી પ્રાર્થના છે.



ત્યાર બાદ પૂ.દેવયાનીબેન સુરત તરફથી પૂ.ઉષાબેન અને પૂ.ઋજુબેને મણિબાને કેક અર્પણ કરી અને કીર્તન કરાવ્યું. અને પૂ.પ્રાર્થનાએ ભાવનૃત્યથી પોતાનો ભાવ ધર્યો.

**પૂ.શાંતિબેન ઝાલાવાડિયા :** મણિબા છેલ્લા બે વર્ષથી બીમાર રહે છે. થોડા દિવસ પહેલાં મણિબા કહે, 'બહેનોને શું ખવડાવીએ તે તું ને ઉષા નક્કી કરો.' તો અમે કહ્યું કે અડદિયા કરીએ તો ખુશ થઈ ગયાં. મણિબાએ સામેથી કહ્યું કે, 'મારો સમૈયો ઉજવી લ્યો ને આ ગોઠવાયું... મણિબાની સંકલ્પશક્તિ ખૂબ છે. આજે બહેનો ડેકોરેશન કરતા હતાં તો કહે બહેનોને નાસ્તો કરાવ. એવા પ્રેમાળ ને ભાવવાળાં છે. અમે ભગવાનને રાખીને મણિબા રાજી થાય તેવી માહાત્મ્યથી સેવા કરીએ એ જ પ્રાર્થના.

ત્યાર બાદ પૂ.અલ્પેશભાઈ પરમારે પ્રાર્થનાભાવ લખ્યા હતા તેનું વાંચન કર્યું.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ગુજરાતમાં પપ્પાજીને ઓળખાવનાર પ્રથમ મણિબેન છે. મણિબેનને સત્સંગનો જોગ મળ્યો પછી મણિબેનને થયું કે મારે પણ આ રસ્તો લેવો છે. ને તેમને મુંબઈ આવવાનું થયું. પછી અમારી સાથે વધુ ઓળખાણ થવા લાગી. અમારી જોડે એક બેનની જેમ રહ્યાં. મણિબેનને મધુભાઈ તરફથી એવું સુખ નહોતું. ઝઘડા થાય. તો

એકવાર બાપા મધુભાઈને કહે, 'તમારા ઘરમાં ઝઘડા અમે કરાવતા'તા.' મણિબાને ભગવાન ભજવા હતા ને યોગીબાપાને મધુભાઈને સાધુ કરવા હતા તો બાપાએ કહ્યું કે, 'મણિબેનને ધોકાપંથી બાબુભાઈને સોંપી દ્યો.' ને મણિબેન જ્યોતમાં આવી ગયાં. તો અત્યારે કેવું ભગવાનનું કામ કરે છે !

પપ્પાજી તીર્થ મણિબેનના સંકલ્પની દેન છે. રસોઈ તો મણિબેનની. સમૈયા, ટ્રીપમાં મણિબેન રસોડામાં જ હોય. કોઈની જોડમાં જવું હોય તો મણિબેન તૈયાર જ. વિશેષ કંઈ કરવું હોય તો મણિબેનનો આશરો લેવો પડે. અમે સાઉથમાં ગયા તો મણિબેને બધું સંભાળી લીધેલું મણિબેન હોય એટલે નિશ્ચિંતતા જ હોય.





મણિબાએ પોતાની આવડત સેવા માટે વાપરી. આણંદમાં તેમના સાસરાના ઘરે બધા સંતો પધારતા ત્યારે ખૂબ સેવા કરી છે. તેના ફળસ્વરૂપે પપ્પાજીનો જોગ મળી ગયો.

મણિબા ખૂબ છૂપાં છે. તેમનું મોટું મંડળ છે. મણિબાના શબ્દોનું ભક્તોમાં સ્થાન છે. સત્સંગી ભક્તોને અનેક અનુભવો છે. મણિબા તાકાતવાન છે. પ્રભુ રાખવામાં ભણતર, હોંશિયારીની જરૂર નથી પણ ગરજની જરૂર છે. ને મણિબાએ ગરજ રાખી તો દરેક ટ્રીપ, શિબિરો, ઉત્સવોમાં રસોડાની સેવામાં મણિબા વગર ના ચાલે. ને તેમણે પ્રભુ અર્થે સેવા કરી તો તેમનામાં એવી દિવ્ય તાકાત આવી છે તે ભક્તોમાં વહેંચી રહ્યાં છે.

અત્યારે બીમાર છે પણ તેમને હે પપ્પાજી, હે દેવીબેન એમ પોકાર થયા કરે છે. હે મણિબા ! તમારી જેમ અમે સૌ ગરજુ થઈ અહોહોભાવે સેવા કરીએ જેથી તમારી જેમ સંકલ્પ શક્તિ વધે. તક ના ચૂકીએ. બે હાથ જોડીને 'હાજી' એમ વર્તીએ તેવા તમે આશીર્વાદ આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** મણિબેન એટલે મણિબેન. તેમની સાથે મારે બેનપણીનો સંબંધ. મને મણિબેન જીવથી મોટાં લાગે. દીદી ને જ્યોતિબેનને ભાદરણ જવું હતું. સાથે કોને લઈ જાય ? પપ્પાજી કહે 'મણિબેનને લઈ જાવ.' બહેનોને વિચરણમાં જ્યારે જવાનું હોય તો મણિબેનને લઈ જાય. મારે પ્રથમવાર સુરત જવાનું થયું ત્યારે પપ્પાજીએ મણિબેનને લઈ જવાનું કહ્યું હતું. એવાં મણિબેને પપ્પાજીનો ખૂબ રાજીપો લીધો છે.

**પૂ.અમીબેન પંચાલ :** હે મણિબા ! તમે જેમ સેવા કરી છે એમ અમે પણ સેવા કરતા રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પૂ.મણિબા :** પપ્પાજી અને સ્વરૂપો એમાં કાંઈ કહેવાનું નથી. અંતરથી માંગશું તો એ આપશે. તન, મન, ધન, બધામાં ભગવાન ભજ્યા છે. બધું એણે કર્યું છે. આપણે કરવા જઈશું તો થશે પણ નહીં. એના માથે નાખીશું તો બધું થશે જ. આજ સુધી બધું એમણે જ કર્યું છે ને હજુ પણ એજ કરશે.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજે સરસ સમૈયો ગોઠવાયો. ઓછા ટાઈમમાં બધી તૈયારી કરી દીધી. પધારેલ બધા જ ભાભીઓને ખૂબ ધન્યવાદ.

એક વખત હું કોઈકના લગ્નમાં મણિબા સાથે ગઈ હતી. લગભગ ૩૫ જેટલા ભાઈઓ વારાફરતી આવીને પગે લાગી ગયા. હું તો જોઈ જ રહી કે ખરા મણિબેન ! તેમનું મંડળ મોટું છે. કાર્ય ગહન છે દેખાય નહીં. શક્તિ જબરી છે. જેની પર દૃષ્ટિ પડે તેને સુખી કરે દે.

એક વખત પપ્પાજી સાંકરદા જતા હતા. બહાર નીકળ્યા મણિબેનને પપ્પાજી કહે, 'મણિ આજે તેં મને પાપડીનો લોટ આપ્યો નથી.' તરત જ મણિબેને લોટ

બનાવીને આપ્યો. તેમના જીવનમાં પ્રભુનું પ્રાધાન્ય છે તો વચન અધ્ધર ઝીલી લીધું.

આણંદમાં મણીકાકાનું ઘર સાધુ-સંતોને ઉતરવાનું થાણું. તેમાં જ મહંતસ્વામી પ્રગટ્યા. મણિબેન ખૂબ મોટાં, ખૂબ છૂપાં. માન-મોટપ જ ન જોઈએ. જાણપણું જ નહીં. રસોડાની સેવા ધૂણી ધખાવીને કર્યા જ કરી. પહેલા તો રસોડામાં તકલીફો કેટલી બધી હતી! તેમાં મણિબાએ મહિમાથી સખત સેવા કરી છે. મણિબાને ધન્ય છે ધન્ય છે. મણિબેન સંકલ્પશક્તિવાળાં છે તો આપણી માટે પ્રાર્થના કરે કે આપણી સંકલ્પ શક્તિ પણ વધી જાય એવી પપ્પાજીને અને મણિબાના ચરણોમાં પ્રાર્થના.



**પ.પૂ.માયાબેન :** ૧૯૬૩થી ગુજરાતમાં પપ્પાજીનું પ્રાધાન્ય મણિબાએ કરાવ્યું છે. અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ પૃથ્વી પર પપ્પાજી સ્વરૂપે છે એવો બુંગિયો મણિબાએ ગુજરાતમાં ફૂંક્યો. પપ્પાજીની પ્રતિભા જ એવી હતી કે જેણે જેણે દર્શન કર્યા તેમને પુરુષોત્તમનારાયણ મનાઈ જાય. બધા જીવો પર કૃપા હતી. મણિબાને એક વખત ભગવાન મનાયા પછી સૌને તેની પ્રતીતિ કરાવી છે. મણિબાનો આદેશ છે કે, ભગવાન ઉપર બધું નાખી દેતા આપણે શીખી જઈએ. જેથી અંગૂઠે કમાડ ઠેલાય એવું જીવન આપણું બની જાય. તો તે ઝીલીને જીવન બનાવીએ. એ માટે મોટેરાં સ્વરૂપો આપણા પર કૃપાનો કુંભ ઢોળ્યા જ કરે એવી પપ્પાજીને પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** મણિબેનનો આજે દષ્ટાદિન. ગૃહસ્થ હતાં, પૂર્વના હતાં એટલે એકાંતિકને ઘેર લગ્ન કરાવ્યાં. મણીકાકાનું ઘર એટલે નિર્દોષબુદ્ધિવાળું શાસ્ત્રીમહારાજનું ઘર. હક્ક કરીને રહે. સ્વરૂપ હક્ક કરે એટલે કેવા ભક્તો હોય ! મણિબેનનું અંગ જ સેવા. તેમનામાં કોઠાસૂઝ ખૂબ છે. સરસ આવડત છે. ભક્તોની હાશ લઈએ તો મહારાજ રાજી થઈ જાય. અને જે માહાત્મ્યેયુક્ત સેવા કરે તેને મહારાજ ઉગાડે જ. ગોંડલમાં ખૂબ સેવા મણિબેને કરી છે. બાની દષ્ટિ હતી. મણિબેને પણ માગ્યું કે મારે પણ ભગવાન ભજવા છે. તો તેમના ઘરવાળા મધુભાઈને બાપાએ સાધુ કર્યા ને મણિબેન પ્રથમ ૫૧ બહેનોમાં ભગવાન ભજવા આવી ગયાં.

૧૯૬૬માં બહેનો આવવાનાં હતાં. અનાજ બધું ભેગું કરવાનું તે સેવાય કરી છે. મણિબેન અહીં હતાં એટલે ગુજરાતમાં જે જે ગામડે જવું હોય ત્યાં બેનના મુખનું પાન મણિબેન હતાં. ક્યાંય ઊભા ન રહે. સેવા કરી જાણે છે. નિષ્ઠા કરવાનું ને કરાવવાનું બાપાનું કામ કરે છે. દિલથી મણિબેનની જેમ પ્રાર્થના કરો તો સ્વરહિતની સ્થિતિ બાપા કરી આપે. મણિબેન સૌમાં આવું ઉગાડવાનું કાર્ય કરે એવી પ્રાર્થના.



આમ મણિબાના ૯૦મા પ્રાગટ્યદિનના જયઘોષ સાથે સભાનું સમાપન થયું. અંતમાં દેવીબેન, દીદીએ સુરતનાં ભાભીઓ સમૈયાની સેવામાં આવેલાં તે સૌ પર અંતરથી રાજીપો વ્યક્ત કરી તેઓની સેવાને બિરદાવીને આશિષ આપ્યાં.

## તા.૩૦-૩૧.૧૨.૨૦૨૧ : સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિનની ઉજવણી...



★ આજે તા.૩૦મી ડિસેમ્બરે પ.પૂ.દીદીના સાંનિધ્યે સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યતિથિ નિમિત્તે સભા થઈ. તેમાં પૂ.ડૉ.વિણાબેન અને પૂ.મધુબેનનો લાભ લીધો. તેનો સાર માણીએ.

**પૂ.ડૉ.વિણાબેન :** પપ્પાજીએ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સેવા કરો એ સૂત્ર આપ્યું. બ્રહ્મરૂપ થયા વગર તમારી ભક્તિ ભગવાન નથી સ્વીકારતા. એ આખી વાત પપ્પાજીએ સ્થાપિત કરી. આપણને ઉપાસના દ્રઢ થઈ એ દીદી અને સદ્‌ગુરુ સ્વરૂપોના પ્રતાપે છે. પપ્પાજી જ બધું કરી રહ્યા છે. એ વાત તેમના બોડીમાંથી વહીને બહાર આવી એટલે સાધના કરી શકયા. સાધનામાં ટકી શક્યા. એ કેટલી બધી કૃપા! આપણે નસીબદાર કે પપ્પાજીએ આપણામાં આ વસ્તુ નાખી છે.

પૃથ્વી પ્રગટ થઈ ત્યારથી મંત્રનો ખૂબ મહિમા છે. દરેક ધર્મમાં - જૈન, બુદ્ધ, શ્રી કૃષ્ણ - દરેક સ્વરૂપે મંત્ર આપ્યો. ભગવાન ધારીને તપ કરવું એ સરળ નથી પણ સરળતાથી જેને ભગવાનની નજીક જવું હોય તે નામરટણ દ્વારા જઈ શકે. સ્વામિનારાયણ મંત્ર એ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવા માટેનો મંત્ર છે.

થોડા દિવસ પહેલાં હું બહુ ડિસ્ટર્બ થઈ ગઈ ત્યારે થયું કે લેવલમાં પાછું આવવું કઈ રીતે ? પપ્પાજીને પ્રાર્થના કરી ને મનમાં વિચાર કર્યા વગર સ્વામિનારાયણ મંત્ર રટયા કર્યો તો બહાર નીકળી જવાયું. એટલે મંત્રની શક્તિ બહુ છે. સ્વામિનારાયણ મંત્રનો ઉપયોગ ભગવાન પાસે દોષ ટળાવવા ને દોષ સ્વીકારવામાં કરીએ તો ખૂબ સરસ છે. અમને કર્મયોગીને પપ્પાજીએ કહ્યું હતું કે, રોજ અડધો કલાક જપયજ્ઞ કરજો તો નીરવ રહેવાશે.

સ્વામિનારાયણ ભગવાને આપેલો મંત્ર હંમેશા રટયા જ કરીએ. પપ્પાજી ઘણી વખત બેઠા હોય ને તેમની પોઝીશન બદલે કે તરત સ્વામિનારાયણ બોલે. સતત પ્રભુમાં જ વૃત્તિ. આ મંત્ર બહુ બળિયો છે. તો આપણે તેનું રટણ કરીએ. એવી કૃપા સર્વે સ્વરૂપો કરે તે જ પ્રાર્થના.

**પૂ.મધુબેન :** સ્વામિનારાયણ ભગવાન ફણેણીમાં બિરાજમાન હતા. રામાનંદસ્વામી ધામમાં ગયા બાદ મહારાજે કહ્યું કે, આજથી હું 'સ્વામિનારાયણ' મંત્ર આપું છું. એ મંત્રથી કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જશે. તમારું ધાર્યું થશે ને અમારું નામ પણ સ્વામિનારાયણ રહેશે. સ્વામિનારાયણ મંત્ર એ પણ અમારી મૂર્તિ છે. ત્યાગી-ગૃહી ગમે તે ક્રિયા કરતા સ્વામિનારાયણ રટણ કર્યા કરશો તો સ્વામિનારાયણની મૂર્તિ અખંડ નજર સમક્ષ આવી જશે. નહીં તો તીવ્રતાથી પ્રાર્થના નહીં થાય.

જોગનું મૂલ્ય બહુ છે. ખરેખર પપ્પાજીએ કૃપા કરીને આ જોગમાં લાવીને મૂકી દીધા. અદ્‌ભુત કાર્ય કર્યું છે. આપણું પરિવર્તન વાણીમાં કહેવાય એવું નથી. શરૂઆતમાં ઘણું થતું હતું. પપ્પાજીને સંભારીને ધૂન કરીએ તો હલકાં થઈ જવાય. આમ પપ્પાજીને પ્રાર્થના કરતા થઈએ તો બધું ઓગળતું જાય. બધું સ્વીકારતા થવાય. બીજાનો ગુણ લેતા થવાય, ગાતા થવાય. ગૃહસ્થોનાય ઘણા અનુભવો છે.

કોરોનાનું ચાલતું હતું. સુરતનાં ભાભી ગુલાબબેનને

થાય કે પપ્પાજીનું ઉજવાય ત્યારે વિદ્યાનગર આવવું છે. પપ્પાજીને પ્રાર્થના કરી. ને પૂ.મીનાબેને તેમને પૂછ્યું કે 'તમે સેવામાં આવશો ?' પ્રાર્થના કરી તો તેમની ઈચ્છા પૂરી થઈ. પપ્પાજી કેવું કામ કરે છે ! એક હરિભક્તના ઘરે મહાપૂજા હતી ને તેમણે તે વખતે મહાપૂજા માની ને તેમને દીકરો આવ્યો. પછી અમે એમના ઘરે મહાપૂજા કરવા ગયા તો તેમણે પપ્પાજીને પ્રાર્થના કરી કે બહેનો વહેલાં ન આવી જાય. તો ટ્રેન સુરતની નજીક દોઢ કલાક ઊભી રહી ને અમે મોડા પડ્યાં. આમ એમની પ્રાર્થનાથી પપ્પાજીએ કાર્ય કર્યું. ગુલાબબેનના ભાઈના ગામમાં વરસાદ નહોતો. ગુલાબબેને તેને કહ્યું કે, તું બોર કરી નાખ. તેના ભાઈ કહે કે, તળમાં જ પાણી નથી તો ક્યાંથી આવે ? ગુલાબબેન કહે, મહાપૂજાનું જળ નાખજે. અને બોર ખોદીને તેમાં જળ નાખ્યું તો પાણીનો ધોધ નીકળ્યો. આખા ગામના લોકોને ખૂબ નવાઈ લાગી. આમ મનથી મંત્રનું રટણ કરવાની ટેવ પાડી દઈએ તો સહેજમાં કામ થઈ જાય છે. બુદ્ધિના ઉપાય અજમાવ્યા વગર આ મંત્રનો ઉપાય લઈએ ને પપ્પાજીની વીશ પૂરી કરીએ એ જ પ્રાર્થના.

અંતમાં દીદી રચિત 'ચાલો ભક્તો એક સંગાથે...' એ ભજનમાં ગરકાવ બની સભાનું સમાપન કર્યું.

★ ભગવાન શ્રી સ્વામિનારાયણે ફણેણી ધામે સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો એ મહામંગલકારી તારીખ ૩૧મી ડિસેમ્બર. આ મહાશુભ દિવસે મહામંત્રના મહિમામાં સૌ રત થયા તે માણીએ.

**પૂ.માયાબેન :** સ્વામિનારાયણ ભગવાને આપણને એમના ઘરમાં, એમની ચૂંદડી ઓઢાડીને બેસાડ્યાં છે. એનું મૂલ્ય અંકાય તેવું નથી. પપ્પાજી કહેતાં કે, હું મળ્યો એ પ્રાપ્તિનો આનંદ કર્યા કરો. ખપ છે, ખટકો છે, ગરજ છે. પૂર્ણની પ્રાપ્તિએ પૂર્ણતા છે. આપણે જાણીએ કે ન જાણીએ, માગીએ કે ન માગીએ, ઉપરની સુવિધા જેવી જ ભીતરની સુવિધા, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં કર્યા જ કરે છે. પ્રભુ જીવમાં બેઠા ને કચરો બધો સાફ કરે છે. બધું કાર્ય પપ્પાજી જ આપણામાં કરી રહ્યા છે. માટે આનંદ જ કરવો છે. પપ્પાજીએ એટલે સભા, શિબિરો કરાવી છે. કર્તાહર્તા પપ્પાજી જ છે. તેવું માનીને વર્તવા જપયજ્ઞથી જાગ્રત રહેવું છે. સૌ સૌની રીતે જેટલી જાગ્રતતા રાખીશું એટલો આપણને ફાયદો છે. આપણા મનને ભગવાનમાં રાખવું છે. ભગવાનમાં રહીશું તો કાંઈ કરવાનું નથી. પપ્પાજીએ આપણને કેટલું બધું આપ્યું છે. તેમનાં ચિહ્ન, ચરિત્ર, ચેષ્ટા સંભારવા. સમૈયા કરે છે તે સમૈયાની સ્મૃતિ થઈ જાય તો આપણે ઉગરી જઈએ.

નિયમમાં નિયમ એક જ છે કે મારા આશ્રિતનું જોશો નહીં ને આપણું મન એ જ કરે છે. આપણે એમાં પાસ થવું છે. આપણી જાતને જ પકડવાની છે. મનને આપણે ચેન્જ કરવાનું છે. ૨૦૨૨ની સાલમાં બાની વીશ પ્રમાણે અડધો કલાક ભજન કરીને અંદરનો કચરો બધો કાઢી નાખીએ. એમને પ્રસન્ન કરવાનો હજી આપણી પાસે ચાન્સ છે તો તેવું કરવાનું મહામંત્ર પ્રાગટ્યદિને બળ આપે એ જ પ્રાર્થના.

**પૂ.ડૉ.પંકજબેન :** પ્રભુના નામનો મહિમા અનંત કાળથી ચાલ્યો આવે છે. સ્વામિનારાયણ મંત્ર મહારાજે સ્વયં આપ્યો છે. ને તેનો પ્રાગટ્ય ઉત્સવ થાય છે.



સ્વામિનારાયણ ધર્મમાં જ મંત્રનો પ્રાગટ્ય ઉત્સવ થાય છે. એ સ્વામિનારાયણ ભગવાનની વિશેષતા છે અને મંત્રની વિશેષતા છે. સ્વામીની વાતમાં બહુ જગ્યાએ આ મંત્રનો મહિમા આવે છે. કાળા નાગનું ઝેર ઉતારે. શાસ્ત્રીમહારાજે જોગીમહારાજને કરડેલા કાળા નાગનું ઝેર મંત્રથી ઉતાર્યું. અક્ષરદેરીમાં લઈ ગયા ને જપયજ્ઞ કરાવ્યો તો ઝેર ઉતરી ગયું. શોભનાબેને વાત કરી હતી કે હઠ, માન, ઈર્ષા આપણામાં કાળા નાગનું ઝેર છે. એ ઉતારવા માટે સ્વામિનારાયણ મંત્ર છે. પપ્પાજીએ લખ્યું છે કે જે કામ ભજન કરે તે કોઈ ન કરે. આમ જપયજ્ઞથી અશક્ય શક્ય થાય. એ માટે જપયજ્ઞ કરવો. સ્વામિનારાયણ મંત્રમાં પાવર છે. અખંડ જપયજ્ઞ કર્યા કરીએ ને કોઈનું જોઈશું નહીં. તો કાંઈ કરવાનું નથી. આપણે સૌ આ મંત્રના અનુભવી છીએ. સ્વભાવ, પ્રકૃતિના પરિવર્તન માટે મંત્રજાપ કરીએ. ને એવા અનુભવ કરીએ. ભજન કરતાં કરતાં સેવા કરવી. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મને ધારવા જપયજ્ઞ કરીએ. સો ટકા પપ્પાજીનું કર્તાહર્તાપણું મનાયેલું રહે એ માટે મંત્ર પડવા દેવો નથી. અખંડ કરવો છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** સ્વામિનારાયણ મંત્ર મહાબળિયો. કાળા નાગનું ઝેર ઉતારે. ગંગાબેનને સાપ કરડ્યો હતો ત્યારે કાશીબાએ તરત ધૂન બેસાડી. ઉંઘવા ન દીધાં. આખી રાત ભજન કર્યું ને આ મંત્રથી ઝેર ઉતરી ગયું.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, બધાને ક્યાં કાળો નાગ કરડે છે, પણ માન, સ્વાદ, સ્નેહ, લોભ એ કરડે છે. તે ટાળવા મંત્રરટણ કરીએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પણ ધૂન કરાવતા. મુંબઈમાં હોલ બાંધવો હતો. જોગીમહારાજ કહે 'હાલો ધૂન કરો.' તેમ વરસાદ પડતો હોય ને કાર્યક્રમ બંધ રહે તેવું હોય તો કહે, 'કરો ધૂન.' ને જેમ જેમ ધૂન કરીએ તેમ વરસાદ વધુ પડે. આવી તો કેટલીય નિર્દોષબુદ્ધિની કસોટીઓ કરી છે. અત્યારે તો સારું છે, નિર્દોષબુદ્ધિ છે ને ઘર મંદિર બની ગયાં છે. આ બધા સ્વરૂપો ચોવીસ કલાક જંગમતીર્થ બનીને રહે છે તેની સ્મૃતિ કરજો. તમારી ફરજ છે કે તમારે એવી સ્મૃતિ કરવાની. તેમને ઓશિયાળા નહીં કરવા. હાલો, જય સ્વામિનારાયણ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** સ્વામિનારાયણ ભગવાને મંત્ર આપ્યો ત્યારે જ પોતાનું નામ સ્વામિનારાયણ પાડ્યું એ પણ આજનો દિવસ. રામાનંદસ્વામી ધામમાં ગયા ને ૧૪મા દિવસે જ આ મંત્ર આપ્યો. કેવો પ્રભાવ હશે કે મોટા મોટા સંતોએ પણ તેમને સ્વીકાર્યા ! આ મંત્રનો પ્રાગટ્યદિન તિથિ પ્રમાણે ગઈકાલે હતો. તારીખ પ્રમાણે આજે. ૧૯૬૬માં અમે અહીં રહેવા આવ્યા ત્યારે દિવસમાં ત્રણ વખત ધૂન જપયજ્ઞના હોલમાં કરતા હતા. નંબર પ્રમાણે બેસવાનું. બધા સીન્સીયર ધૂન કરતા. પપ્પાજીના સંકલ્પે ધૂન કરતા તો કોઈ દિવસ કોઈ તકલીફ થઈ નહીં. તાકાત આવી ગઈ. આમ બધું જ પપ્પાજીએ કર્યું. પપ્પાજીને મળવા જઈએ તો એ ધ્યાન જ કરતા હોય. ભજન જ કરતા હોય. તેમના સંકલ્પે બધા સેફ થઈ ગયા. કોઈપણ સારું-માઠું કાર્ય હોય તેમાં ધૂન, ધૂન ને ધૂન જ. આ સર્વોપરી ઉપાય છે. પોતાના શુદ્ધિકરણ માટે ધૂન કરતા થઈએ. મારામાં હઠ, માન, ઈર્ષા છે એ જોઈ લેવાનું. બચાવ નહીં. આપણામાં બધું જ છે તે સ્વીકાર થાય તો જતું રહેશે. કાઢનારો સમર્થ છે.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધું જ જુદુ છે. સ્વામિનારાયણ ભગવાને બાઈ-ભાઈની સભા જુદી કરાવી. મૂળ જ પકડે. સાધુ કર્યા તો સ્ત્રીનું મોં નહીં જોવાનું. ચિત્રની મૂર્તિમાં પણ નહીં જોવાનું. માળા ફેરવવાની રીત પણ જુદી. કંઠી ડબલ સેરની, વસ્ત્ર પણ જુદાં. પ્રભાતિયાં ગાવાનાં, પોઢે ત્યારે ચેષ્ટા ગાવાની, નામ પણ જુદુ – સ્વામિનારાયણ. કપાળમાં પુરુષો તિલક ચાંદલો કરે. મહારાજે બધું જુદુ રાખ્યું. કારણ જે એમના છે જેના યોગક્ષેમનો ભાર પોતાના માથે લીધો એ જુદા પડે. ક્યાંક બહાર જતા હોય ને કોઈ તિલક ચાંદલાવાળું મળે તો હૂંફ લાગે, આત્મીયતા લાગે. આપણા છે તેવું અનુભવાય.

આજે વર્ષનો છેલ્લો દિવસ, જૂના વર્ષની વિદાય અને નવા વર્ષના ઉદયના બધાને જય સ્વામિનારાયણ.

## ૨૦૨૧ની વિદાય અને ૨૦૨૨ના આગમને...

૨૦૨૧ની વિદાય અને ૨૦૨૨ના સ્વાગતે પ્રભુકૃપાતીર્થે મધ્ય મંદિરે 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'ના ૧૦૫ સંકલ્પદીપની સાક્ષીએ સર્વ સ્વરૂપોએ, મુક્તોએ આરતી કરી. પ્રભુકૃપાના સર્વ મૂર્તિસ્થાને દર્શન કરી, પપ્પાજીના નિવાસસ્થાનની પ્રદક્ષિણા કરી, પ્રસાદથાળ અર્પણ કરી સૌએ આશિષપ્રસાદ અને સ્મૃતિપ્રસાદ લીધો.







**આશીર્દાન પ.પૂ.દીદી :** હે મહારાજ ! હે યોગીજીમહારાજ ! હે પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી મહારાજ ! આજે અમે ઈ.સ.૨૦૨૧ને વિદાય આપવા અહીં આવ્યા છીએ. આપના શરણે આપની પાસે ૨૦૨૨નો સત્કાર કરવા આવ્યા છીએ.

તો હે પપ્પાજી ! આપે અમને બહુ સુખ આપ્યું છે. હવે અમને ભક્તિનું સુખ આપો. તમે સદાય અમ પર પ્રસન્ન રહો, આપનું વચન અમારું જીવન બને ને અમે આપના સાચા ભક્ત બનીએ. ને પ્રભુ પપ્પાજી! તમને એક વિનંતી કરું છું. આ ૨૦૨૨નું વર્ષ આવતીકાલથી શરૂ થાય છે. આખું વર્ષ રોગ માત્ર નહીં જોઈએ. કોઈને પણ નહીં હં... બસ સેવા કરી બધા તમારું સુખ લે ને ખરેખર એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો અમારો ને આપનો સંકલ્પ સિદ્ધ થાય. અને અમે જે કંઈ કરીએ તેમાં આપનું બળ આપજો ને અમને એકાંતિક બનાવજો. એ જ પ્રાર્થના છે પ્રભુ.

ત્યારબાદ સૌ સૌના નિવાસસ્થાને પધાર્યા.

★ ૨૦૨૧ની વિદાય અને નૂતનવર્ષ પ્રારંભે ભાઈઓએ ગુરુહરિ પપ્પાજીના ચરણે ભાવો ધરી આરતી કરી.






## તા.૧.૧.૨૦૨૨ – નવું વર્ષ સુખદાયી રહે તેવી ભાવના સાથે મહાપૂજા...



ઈ.સ.૨૦૨૨નો એ જ સૂર્ય, એ જ સ્થાન, એ જ મુક્તો છતાં આપણે માટે જાગ્રતતા, જાણપણું રાખવાની દ્રષ્ટિએ નૂતનવર્ષ. આ દિવસની તક લઈ પ.પૂ.દીદીએ જ્યોતનાં બહેનો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓની સંયુક્ત સભા કરી નિષ્કામ મહાપૂજાનું આયોજન કરાવ્યું. ને નવા વર્ષના આશિષનો સૌને કૃપાલાભ મળ્યો.



**સ્મૃતિ-પ્રેરણાલાભ પૂ.સુરેશભાઈ ગાંધી :** શ્રીજીમહારાજને મૂર્તિમાં જોયા ને પપ્પાજી મળ્યા તેમાં એ બધું દેખાઈ આવ્યું. પપ્પાજીએ દેહ છોડ્યા પછી દેહ આત્મા જુદા કરીને આપણા આત્મામાં સમાયા ને આ સ્વરૂપો દ્વારા અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે. પપ્પાજી વ્યાપક થયા પછી દહીંસરનો મીરેકલ સોદો થયો. આવા ઘણા કાર્યો કરી રહ્યા છે. દીદીએ કહ્યું કે, તમે અમારા દીકરાઓ છો. ને ટકોર કરેલી કે હવે આપણી પાસે સમય કેટલો છે ? તો શેષ જીવનમાં એમની પાસે અમે પ્રકાશના ભાઈઓ સાચા દીકરા બનીને જીવીએ.

કોવીડ વખતે દીદીએ ખૂબ ધ્યાન રાખ્યું છે. ફોનથી બધા ભક્તોના સમાચાર પૂછતાં ને પ્રાર્થના કરતાં.

અમારું ધ્યેય પપ્પાજી ને તેમનો પરિવાર રહે. અમે જવાબદારી પૂર્ણપણે નિભાવીએ. તમે અમને ખૂબ આપ્યું છે. પપ્પાજી એકોએક જગ્યાએ રખોપું કરે છે. આ બધા સ્વરૂપો ખૂબ મોટાં છે. ગુણાતીત પ્રકાશના ભાઈઓની પપ્પાજીએ જવાબદારી લીધી. એ પણ નસીબની વાત છે. હવે અમારો સમય ના વેડફીએ.

અમે સૌ પ્રકાશના ભાઈઓ તમને જે ઈચ્છા છે તેવા બનીએ અને તમને અમારા જીવનથી નિશ્ચિંતતા થાય તેવા અમારા ઈંદ્રિયો અંતઃકરણ બનાવજો એ જ અંતરની પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેનઃ** પપ્પાજી એટલે પપ્પાજી. ને તેમનો વારસો રાખનાર ચારેય બહેનો જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન ને બધા સ્વરૂપો કાકાજી, પપ્પાજી, બા મળ્યા. કોઈ જગ્યા એવી નથી કે જ્યાં પપ્પાજી ના હોય. પપ્પાજી ક્યાં નથી ? જ્યાં જેની જેવી જરૂર ત્યાં બધું આપી દીધું છે. આપણે સેવા કરવાના જ અધિકારી છીએ. અહીંયા ગમે તેવો જીવ આવ્યો તે સૌના સંબંધે કલ્યાણ. આપણે સંબંધવાળાના દાસ બનવું છે. બીજું – દરેકના અંગ જુદા, રીત જુદી, પ્રારબ્ધ જુદાં એ કદી જોવા નથી. જેને જોગીનો, પપ્પાજીનો સંબંધ છે તે કોઈ ખોટું કરી શકે નહીં. કારણ... સંબંધમાં આવ્યા એટલે તેના ચાર્ટ દોરાઈ ગયા છે. પછી બધું જ તેનું મહારાજ જ ગોઠવતા હોય છે. બે ભિન્ન અંગવાળાને ભેગા કર્યા હોય ને કંઈ ના ગમે તો આપણો દેહભાવ છે તેમ માનીએ. આપણામાંથી કંઈક કાઢવા નાનાને પણ વાપરે. માટે આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. પુરષોત્તમનારાયણનું સ્વરૂપ આપણને મળ્યું

છે. આપણે કેવા હતા ને કેવા કર્યા ! તે કેફ રાખવો. બસ આપણે લીલા જોયા કરીએ. સામું નિર્દોષ છે. તેમ માની ગરજુ થઈને સેવા કરી લઈએ. બળ આપનારા દીદી-દેવીબેન છે તો પામી જઈએ. પપ્પાજીના સિદ્ધાંતે જીવન જીવીએ. તમારા ગમતામાં રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આપણા સૌ માટે સત્યુગ આવી ગયો. જોગીબાપાએ, પપ્પાજીએ કૃપા કરીને આપણને મહંત દીદી આપ્યાં. દીદીને બે દિવસ પહેલા વિચાર આવ્યો કે આ વર્ષ આપણા માટે સારું જ હોવું જોઈએ. આપણને તેમજ સૌ ભક્તોને આ વર્ષ સુખદાયી, લાભદાયી નીવડે તે માટે દીદીને સંકલ્પ થયો ને આ મહાપૂજા પ્રથમ દિવસે થઈ. પપ્પાજી કહેતા કે, દીદી ધારે તે થાય. સંકલ્પ કરે તે પૂરા થાય. એવા મહંત દીદીબા મળ્યાં. ઓહોહો ! ગઈકાલે પ્રભુકૃપામાં પણ દીદીએ સરસ આશીર્વાદ આપ્યા. આપણે હમણાં મોટા સમૈયા કર્યા. એ પણ દીદીનો સંકલ્પ. તો વ્રતધારી સંતો, ભાઈઓ, બહેનોનો સમૈયો થયો. તેમણે વિચાર્યું ને તે સાકાર થઈ ગયું. ખરેખર આપણે ખૂબ નસીબદાર છીએ. દૃઢ તીવ્ર સંકલ્પથી દીદી કાર્ય કરી રહ્યાં છે. સુરેશભાઈએ સરસ માંગણી કરી કે અમે સાચા દીકરા બનીએ. તો આપણે સૌ પપ્પાજીના દીકરા-દીકરીઓ છીએ. તો આપણા વિચાર, વાણી, વર્તન કેવા હોવા જોઈએ ? બોલવામાં ના રાખીએ. તેને જીવન બનાવીએ. જોગીબાપા, કાકાજી, પપ્પાજી પૃથ્વી પર આવીને ખૂબ ભીડો વેઠીને અક્ષરધામનું સુખ આપવા બેઠા છે તો એળે ના જવા દઈએ. હે સ્વરૂપો ! તમે બધાએ ખૂબ કૃપા કરી અમારી સાથે અમારા જેવા થઈને રહો છો તો આપની વીશ છે કે પરમ ભાગવત સંત બની જઈએ. તમે મેદાનમાં મૂક્યું છે તો બાળકવેડા મૂકીને સુખ, શાંતિ, આનંદથી પરમ ભાગવત સંત બની રહીએ એ જ પ્રાર્થના.



**આશીર્દાન પ.પૂ.દીદી :** ૨૦૨૨ના પ્રથમ દિવસે આપ સૌનાં દર્શન થયાં. ખૂબ આનંદ થયો. આપણે તો નિત નવું વર્ષ. આપણે પપ્પાજીના થયા. તેમણે આપણા પર કેટલો બધો વિશ્વાસ મૂક્યો ! પપ્પાજી આપણો અહંકાર લે છે ને સુખી કરે છે. તેમનું સ્વરૂપ આપણી અંદર કામ કરે છે. તે કેટલી મોટી પ્રાપ્તિ કહેવાય ! પપ્પાજીને આપણી પાસે જબરજસ્ત કાર્ય કરાવવું છે. એ કરવા માટે લાયસન્સ જોઈએ. તું ભગવાન રાખ ને તારામાં રહીને ભગવાન કામ કરશે. પ્રાર્થના કરીએ તો બધું તેને આવડે છે. તે જ સંજોગો એવા સર્જી દેશે. પપ્પાજી રાજી થાય તે માટે બા ૨૪ કલાક ભજન કરતાં. પપ્પાજીએ બાને કહ્યું કે આ છોકરાઓની મા થઈને રહેજો. બાએ પપ્પાજીના વચનને જીવનમાં પાળ્યું છે. ક્યારેય વચન ઉથામ્યું નથી. આપણેય પપ્પાજીનાં વચન પાળવાનું અનુસંધાન રાખવું. તેવું જીવવાનું બળ મળે. એ માટે અડધો કલાક ભજન કરવું છે. આપણે ભજન કરતાં કરતાં ક્રિયા કરવી છે. સમૈયા, ઉત્સવ કરી લીધા.

તારદેવમાં એકવાર હું ને દેવીબેન સભામાં બેઠા હતાં તો પપ્પાજીએ કહ્યું કે, 'આ દેવીએ મને કદી ઓશિયાળો નથી કર્યો.' એટલે અંતરમાં મને એક ઘા લાગ્યો. મારું જીવન મારે બદલવું જોઈએ. પપ્પાજીએ મારું ધાર્યુ કરવું પડતું હશે તો આ નોંધાયું. એમ પોઝીટીવ લઈએ તો પ્રસંગે સૂઝ આપી દે. બળ આપી

દે. તેવું જ એક દિવસ મેં પપ્પાજીને પૂછ્યું કે, 'તમે કરવાના છો એટલે મને દેખાય છે કે મને થાય છે એટલે તમે કરો છો ?' તો પપ્પાજી કહે, 'તને થાય છે એટલે.' આમ આપણે નોંધીએ, ભજન કરીએ ને સ્વથી પર જતાં રહીએ. તેવું ભક્તિમય જીવન કરવું છે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. પણ ક્યાં ને ક્યારે ? અહીં જ કરવું છે. પપ્પાજીનો ડીવાઈન પાવર ક્યારેય જતો નથી. આપણે આ વર્ષ ભક્તિ કરવી છે. ભક્તિનો આનંદ કરવો છે. એકબીજામાં ભગવાન જોઈને આનંદ કરવો છે. સુખ લેવું છે. બહુ મોડું નથી કરવું. આ એક વર્ષમાં કરી લેવું છે. તમને બધાને અમે જોઈએ ને આનંદ થાય એ આનંદનો પૂરવઠો અક્ષરધામમાં પપ્પાજી, બા, જ્યોતિબેન, તારાબેનને મોકલીએ. શંકા-કુશંકાનો ત્યાગ કરીએ. સ્વનિષ્ઠા નહીં પણ સ્વરૂપનિષ્ઠા રાખવી છે. તે રાખવાથી બહુ મજા આવશે.

પપ્પાજી નવા વર્ષમાં રોગાદિકથી રક્ષા કરે સાથે સાથે આપણા અહંકારથી રક્ષા કરે. મારી અંદર બેઠેલા દોષરૂપી દુશ્મનથી રક્ષા કરે. એને કાઢો તેવી પ્રાર્થના કર્યા કરીએ.

આ વર્ષમાં તન, મન, ધનની એકેય બીમારી ન જોઈએ. ભગવાન આપણું રખોપું જાગતા-ઉંઘતા કરે છે. ભગવાનને અને પપ્પાજીને કહ્યું છે કે ડાહ્યા રહેજો. તો સામે આપણે પણ ડાહ્યા રહેવું પડશે. એકબીજાને જોઈને આનંદ કરીએ. દિલની સચ્ચાઈથી, વફાદારીથી જીવીએ. ભગવાન મને ૨૪ કલાક જોઈ રહ્યો છે. એવું રાખીએ તો આપણી રક્ષા થઈ જાય. સંકલ્પ, ભાવ, ક્રિયામાં પપ્પાજી તમારું રખોપું છે જ. આજે પહેલો દિવસ, પહેલી જ મહાપૂજા કરી. આખું વર્ષ આવું જ માહાત્મ્ય રહે એકબીજાને જોઈને આનંદ કર્યા કરીએ એવી કૃપા પપ્પાજી મહારાજ તમે કરજો એ જ પ્રાર્થના.



**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે તો રોજ નવું વર્ષ. પ્રભુના થઈને જીવવા માંડ્યું. લાખમાં લાધે નહીં એવા પ્રભુની નિષ્ઠાથી જીવનારો સમાજ આપ્યો. આત્માનું પ્રગટીકરણ કરવા માટે ઘર, મંદિરની જરૂર છે. દેહ પણ મંદિર છે. વિષય કંટાળો આપે જ. સ્વામિનારાયણ ભગવાન આવ્યા ને જીવવાની રીત શીખવાડી. અક્ષરધામના હેવા પડાવ્યા કે દેહને તમારું સ્વરૂપ નહીં માનતા. બધા પ્રગતિ કરતા ચૈતન્ય છે. આપણે આ બ્રહ્મસમાજમાં આવીને બેઠા ! એણે ગ્રહણ કર્યા ! ખલાસ ! આપણને ચોખ્ખા કરે છે. માટે નિરંતર પ્રાપ્તિનો કેફ રાખીએ. આજે જેવો આનંદ છે એવો ચોવીસ કલાક રહેવો જોઈએ. આત્માનું પ્રગટીકરણ કરવા દેહ આપ્યો એ કર્યા કરીએ. ભગવાને રૂડા સાધુનો સંગ આપ્યો છે. ભગવાને કૃપા કરી છે. સત્યુગ આપ્યો છે. આનંદ એ ભજન છે. બહાર આનંદ શોધીશું તો કૂદાકૂદ જ કરીશું. ભગવાને આપણા માટે બધું કર્યું છે. રાજી તો થયા છે. આપણે હવે જાગ્રતતા રાખવાની છે તે રાખતા થઈ જઈએ. સૌને Happy New Year.



**તા.૧.૧.૨૦૨૨ - નૂતનવર્ષે કીર્તન આરાધના...**

૨૦૨૨ની પ્રથમ કીર્તન આરાધનામાં પૂ.નીલમબેને ખૂબ મનન, ચિંતન કરીને ગુરુહરિ પપ્પાજી મહારાજના મૂર્તિના ભજનો 'અનુરાગના સંગીત' જે સ્મૃતિબેન દવેએ બનાવેલા છે તેને અનુરૂપ સ્મૃતિઓ ને પપ્પાજીના મૂર્તિ દર્શન સાથે ભજનોમાં સૌને રત કર્યા.

ત્યારબાદ પ.પૂ.દેવીબેન, પ.પૂ.દીદી, ગુરુહરિ પપ્પાજીના આશિષ માણ્યા તેનો સાર માણીએ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજની કીર્તન આરાધનામાં નીલમબેને ખૂબ સરસ ભજનો શોધ્યાં ને તેને અનુરૂપ કેટલી બધી સ્મૃતિઓ કરાવી ! પાછું તેને અનુરૂપ વિડિયોમાં પપ્પાજીનાં દર્શન કરાવ્યાં. જેવા ભજનના શબ્દો તેવી પપ્પાજીની મૂર્તિ આવે. નીલમબેન તથા ગોઠવનાર ને તેમાં જેણે જેણે મદદ કરી તે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. એક – દોઢ કલાક મૂર્તિમાં રાખ્યા. બધાને મૂર્તિમાં લય થઈ જવાય તેવો આનંદ કરાવ્યો. બધા લાઈવ જોઈ રહ્યાં છે. તેમને પણ આનંદ આવ્યો હશે. અમને તો ખૂબ આનંદ આવ્યો. આવો ને આવો બ્રહ્માનંદ કરાવતાં રહેજો ને આપણે સૌ પણ પપ્પાજીને વિધ વિધ રીતે સંભારતા રહીએ. સૌને Happy New Year.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજની કીર્તન આરાધનામાં ખૂબ મઝા આવી. સ્મૃતિબેને ૧૯૮૨માં ૨૬ જ વર્ષની ઉંમરે આ મૂર્તિનાં ભજન બનાવ્યાં છે. ખરેખર તો પપ્પાજીની મૂર્તિના વર્ણનનાં ભજન બનાવવા એટલે ખૂબ અઘરાં. ખરેખર આ તો ભક્તિ કાવ્ય કહેવાય. સ્મૃતિબેન પપ્પાજીના ભગવાનના ભાવથી દર્શન કરતાં હશે ને પપ્પાજીનું ચિંતવન કરતાં હશે તો જ આવા ભજનો બને. ખૂબ આનંદ આવ્યો. ૧૯૮૨માં આ સમયે પપ્પાજીને બરોડા હૉસ્પિટલમાં દાખલ કરેલા. તાળવે જીવ હતા. તે અરસામાં આ ભજનો તેણે બનાવ્યા છે. ધન્યવાદ છે સ્મૃતિબેનને !

દર મહિને કીર્તન આરાધનામાં આમાંથી એક એક ભજન ગાવાનું. બહુ સરસ મૂર્તિમાં લય થઈ જવાય તેવા ભજનો છે. જ્ઞાનના શબ્દો સાધનામાં આગળ લઈ જાય અને પ્રાપ્તિના કેફમાં રહેવું હોય તો, પપ્પાજીની સ્મૃતિ કરવી હોય તો આવાં ભજનો ખૂબ કામ લાગે.

આજે આ મૂર્તિનાં ભજનો રજુ થયા તો પપ્પાજીની સ્મૃતિમાં ગરકાવ થવાનો લાભ મળ્યો. પાછું પપ્પાજીના મૂર્તિનાં દર્શન પણ વિડિયો દ્વારા થયાં. આપણને પપ્પાજીએ કેટલી બધી સ્મૃતિઓ આપી છે તેનું દર્શન કરવાનું મળ્યું. બસ આ વાગોળ્યા કરવું.

ખરેખર આજની કીર્તન આરાધના ખૂબ સરસ થઈ તો આજે એકોએકના સ્વપ્નમાં પપ્પાજી આવવાના છે. બસ આજની આ સ્મૃતિ સાથે ટહેલતાં ટહેલતાં આપણા નિવાસે જઈએ ને પપ્પાજીને સંભારીને સાથે લઈને પોઢી જઈએ. જય સ્વામિનારાયણ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપ સૌને ઝાઝા કરીને Happy New Year. આજે જોગીબાપાની બોધકથામાં વાત આવેલી કે, એક રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કૂવામાં પડી કોરો નીકળે તેને ૧૦ હજાર સોનામહોર આપવી. એક જણ પડયો ને ભીનો નીકળ્યો. તેનો તે જ રાજાના વચને સાત વાર કૂવામાં પડયો ને ભીનો નીકળ્યો. પછી રાજાએ તે છોકરાને પૂછયું કે 'તું પડીશ તો કોરો નીકળીશ તેવી તને ખબર હતી ?' તો તે કહે 'ના. પણ તમે મારા રાજા છો તેથી મારે તમારું વચન હેઠે પડવા દેવું ન હતું. બાકી ભીનો નીકળીશ તેવી ખબર હતી જ. મારે તમારું વચન અધ્ધર ઝીલવું હતું.' રાજા કહે, 'જા તું પાસ.' ને સોનામહોર આપી દીધી. એવું અત્યારે મેં કહ્યું કે નિર્દોષબુદ્ધિ રાખો. મારું વચન પડવા ના દેશો ભઈ ! અધ્ધર ઝીલજો હં. ને ખરેખર એ અધ્ધર વચન પદુએ, માયાએ ઝીલ્યું. એ જાણે છે કે નિર્દોષબુદ્ધિ રહે તેમ નથી. પણ પપ્પાનું વચન છે એટલે ઝીલો. એ બળ આપશે ને અધ્ધર ઝીલ્યું તો અખંડ અક્ષરધામમાં રહેતાં થઈ ગયાં. એટલે હાં હાં ગડથલ કરીએ ને પછી ગેડચ બેસી જશે. રાઈટ...

આમ આશિષ વચનો જે મળ્યા ને મળતાં રહે તે આપણે પાળવાનું તાન રાખીએ. એવી પ્રાર્થના સાથે આજની કીર્તન આરાધાનાનું સમાપન કર્યું.

## અનુપમ મિશન – બ્રહ્મજ્યોતિ : શ્રી સ્વામિનારાયણ મંદિર કલશ મહોત્સવની ઉજવણી...

બ્ર.સ્વ.યોગીજી મહારાજના આશીર્વાદે અને આજ્ઞાએ સંત ભગવંત સાહેબજી અને તેમના અષ્ટ સખા સ્વરૂપોએ યુનિવર્સીટી હોસ્ટેલની રૂમ નં.૧૪માં મંદિર સ્થાપી અનંત ગણી પ્રાપ્તિ કરી. એ પ્રથમ મંદિરને કોટિ વંદન હો. જંગમ મંદિર બની અનેકને મંદિર બનાવવા શ્રી સ્વામિનારાયણ સ્થાવર મંદિરો રચી, મંદિરજીના કળશ મહોત્સવનો ઘંટનાદ વહેતો મૂક્યો. ત્યારે એ પ્રસંગોના સાક્ષી બની અનેક સ્મૃતિઓમાં અમને સભર કર્યા. આર્ષદ્રષ્ટા શ્રી યોગીજી મહારાજે સાહેબજીને શ્રી કાકાજી મહારાજનો જોગ આપ્યો. સાહેબજીએ કાકાજીમાં યોગીદર્શન કર્યું તે સહજ ને સરળ થયું.

મંદિરની વાતમાં યુનિવર્સીટી હોસ્ટેલની ૧૪ નંબરની રૂમમાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી પછી જે આજ્ઞાપાલનનો પ્રકાશ પથરાયો... તે ઝીલી શ્રીજી કોલોનીમાં સ્થિત થયા. એ બ્ર.સ્વ.યોગીજીએ કાકાશ્રીમાં રહી ગુરુહરિ પપ્પાજી મહારાજનો જોગ આપ્યો. ત્યાં પણ સાહેબજીએ જોગીનું જ દર્શન કર્યું. ને યથાર્થ સમાગમ કર્યો. એ જોગમાં સતત ને સતત રહી ગુરુહરિ પપ્પાજી તેમજ પ.પૂ.બાની હૂંફમાં ગુણાતીત જ્ઞાન પચાવ્યું. એ જોઈ ગુરુહરિ પપ્પાજીએ કાકાજી ને બાને કહ્યું, ‘આ ભાઈઓ જોગી અર્થે જ જીવી રહ્યા છે. યોગીજીમહારાજના અભિપ્રાયની ભક્તિ કરે છે તો આપણે તેઓને વ્રત આપીએ.’ ને શ્રીજી કોલોની મંદિરે ત્રણેવ સ્વરૂપો પહોંચ્યા. સાહેબજીને વાત કરી અને તેઓએ સહર્ષ વધાવી અને એ દિવસ એટલે ૧૯૬૭ની પોષીપૂનમ. ને તેઓ આ દિવસે વ્રતધારી બન્યા. એ શ્રીજી કોલોની મંદિરને કોટિ વંદન હો. ત્યાં રહી તેઓ પ્રભુકૃપાતીર્થે નિત્ય સંઘધ્યાન, વચનામૃત વાંચન, રાત્રિસભા કરતા. ને સંજોગોની સાનુકુળતાએ તેઓનું જે નિવાસસ્થાન થયું એ ‘અનુપમ’ મકાનના મંદિરે પણ સભા કરતાં. અને આ સમયગાળા દરમ્યાન દરેક પોષીપૂનમે ગુણાતીત જ્યોત મંદિરે ગુણાતીત ભાવને પામવાની જ્ઞાનશિબિરો થઈ છે ને એ જ્ઞાનને વર્તન બનાવ્યું. એ પ્રભુકૃપા મંદિર, અનુપમ મંદિર, જ્યોત મંદિરને કોટિ વંદન હો... સમય જતા બ્રહ્મજ્યોતિ – પારમિતા મંદિર બન્યું ને સ્વતંત્રપણે ભગવાનનું કાર્ય કરતા થયા ને અનેક સ્થાવર મંદિરોની રચના થઈ એ મંદિરોને વંદન હો... જોગીપ્રસાદીની ભૂમિ બ્રહ્મજ્યોતિ પર ઈ.સ.૨૦૨૦માં ભવ્ય મંદિરની રચના થઈ ને ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૨માં કલશ મહોત્સવ યોજાયો.

*એ કલશના દર્શન, પૂજન, અર્ચન, આરતી કરવાનો લ્હાવો બહેનોને ગુણાતીત જ્યોતના આંગણે મળ્યો. શ્રી ગુણાતીત જ્યોત મંદિરથી પ્રભુકૃપા સુધી કલશયાત્રા કરી. પ્રભુકૃપામાં ગુરુહરિ પપ્પાજીની સંનિધિમાં તા.૫.૧.૨૦૨૨ના પ.પૂ.દીદી, પ.પૂ. દેવીબેન તેમજ સ્વરૂપોએ કલશનાં પૂજન અને આરતી કરી દૈવત પૂર્યા. તેમજ ગુણાતીત પ્રકાશના ભાઈઓએ પ્રભુકૃપા, સ્મૃતિમંદિરમાં કલશનાં પૂજન કરી પ્રભુને પ્રાર્થના ધરી.*

★ હાલ કોરોના મહામારીની ત્રીજી લહેર ચાલી









**અનુપમ મિશન – બ્રહ્મજ્યોતિ – શ્રી સ્વામિનારાયણ મંદિર કલશ મહોત્સવની ઝલક...**







રહી છે તેમાં સરકારશ્રીની ગાઈડ લાઈનને લક્ષમાં રાખીને તા. ૧૪થી ૧૭ જાન્યુઆરી, ૨૦૨૨ સુધી બ્રહ્મજ્યોતિ તીર્થસ્થાને શ્રી સ્વામિનારાયણ મંદિર કલશ મહોત્સવ દિવ્યતાસભર, ભક્તિસભર, ભવ્યતાથી ઉજવાયો.

જેમાં ગુણાતીત જ્યોતમાંથી પૂ.માયાબેન અને બહેનો તેમ જ ગુણાતીત પ્રકાશના ભાઈઓએ નિયત સંખ્યામાં કળશ મહોત્સવના બધા જ અવસરોનો લાભ અને આશિષ માણ્યા.

★ તા.૧૪મીએ કળશ મહાયાત્રાનો શુભારંભ આનંદ – ઉલ્લાસ સાથે શિસ્તબધ્ધ ઉપાસનાધામથી થયો. સૌએ દર્શન કરી ધન્યતા અનુભવી. ત્યારબાદ નૂતન મંદિરના પ્રાંગણમાં ૧૮ કુંડી યજ્ઞની સ્થાપનામાં શ્રી કળશનું સ્થાપન કરવામાં આવ્યું. વેદોક્ત વિધિએ મહાપૂજા થઈ. અંતમાં પ.પૂ. સાહેબજીના આશિષ પામી સૌએ ધન્યતા અનુભવી.

સાંજના શ્રી સ્વામિનારાયણ મંદિર કલશ મહોત્સવ

ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય સદ્‌ગુરુ સંત સ્વરૂપોએ કરી મહોત્સવ ખુલ્લો મૂક્યો. જેનો શુભારંભ કીર્તન આરાધનાથી થયો. તેમ જ સંત સ્વરૂપોના માર્ગદર્શન સાથે આશિષ પ્રાપ્ત કર્યા.

★ તા.૧૫મીના રોજ કળશ મહોત્સવ માહાત્મ્ય પર્વ ઉજવાયું. નિષ્ઠાવાન સમર્પિત ભક્તોના ગુણાનુગાન ગવાયા. ને સાંજના શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષાદીન નિમિત્તે સભા થઈ જેમાં તેમના પ્રસંગોનું વર્ણન કરી પ્રત્યક્ષ સ્વરૂપોના જીવન સાથે સંમિલિત કરીને, સાંપ્રત સમાજને સૂઝ ને પ્રેરણાઓ આપી.

★ તા.૧૬મીના રોજ સવારે 'શાલિન માનવ રત્ન' સન્માન સમારંભનું આયોજન થયું. ગુજરાતના નારીરત્ન, હાલ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ મહામહિમ શ્રી આનંદીબેન પટેલ તેમજ આમંત્રિત મહાનુભાવોના સન્માન થયા. આજના દિને પ.પૂ.દીદીએ આ અવસરમાં પધારી સૌને દર્શનદાન દીધાં. પ.પૂ.સાહેબજી ને મહાનુભાવોના આશિષ લીધાં ને સાંજની સભામાં શ્રી મંદિરની વિશિષ્ટ પ્રસ્તુતિ કાર્યક્રમ : સંપ, સુહૃદભાવ, એકતાના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને કરેલો. આખો કાર્યક્રમ ખૂબ સરસ ને ચિંતનીય હતો. ત્યારબાદ નૂતન મંદિરે શ્રી ઠાકોરજી અને કળશની મહાઆરતી કરી.

★ તા.૧૭મી પોષીપૂનમના દિને નૂતન મંદિરના શ્રી ઠાકોરજી મહારાજના દ્વિતીય પાટોત્સવની સ્તુતિવંદના મહાવિધિ થઈ. ત્યારબાદ સ્વામિનારાયણ મંદિર કલશ મહોત્સવ પૂર્ણાહુતિનું માહાત્મ્ય પર્વ ઉજવાયું. જેમાં ૮ ભાઈઓને વ્રત આપ્યું તેમજ ઉત્સવના મહિમાગાન સાથે સ્વરૂપોના આશિષ માણ્યા.

આ મહોત્સવ દરમ્યાન ઓડિયો, વિડિયો તથા પુસ્તકરૂપે પ્રકાશનો પ્રકાશિત થયા. મહોત્સવના અંતે પ.પૂ. સાહેબજીએ ખૂબ મનનીય, પ્રેરણાદાયી માર્ગદર્શન સાથે, પોતાના હૃદયભાવો રજુ કરી આશીર્વાદ આપ્યા તે માણી સૌ ધન્ય થયાં.

ન ભૂતો ન ભવિષ્યતિ એવો અદ્‌ભુત ઉત્સવ ઉજવાયો. આયોજનના પ્રેરક સંત ભગવંત સાહેબજી ને આયોજનને સફળતાપૂર્વક સાકાર કરનારા આયોજકો, કાર્યકરો તેમ જ ભાગ લેનાર સૌને અનંત વંદન.

---

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ લેસ્ટરના પૂ.વિમુબેન પટેલ તા.૨૧.૧૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.વિમુબેન ખૂબ જ ભક્તહૃદયી હતાં. એમને કાકાજી પ્રત્યે દિવ્યભાવની નિષ્ઠા હતી. એમણે પ.પૂ. જ્યોતિબેનને ગુરુપદે સ્વીકાર્યા હતા. પૂ.મીનાબેન વિઠ્ઠલાણીને ત્યાં સભા ને સમૈયાનો લાભ લેવા જતાં.



૧૯૮૫માં પ.પૂ.દીદી અને પ.પૂ.જસુબેન આફ્રિકા પધાર્યાં ત્યારે વિમુબેન એમની સાથે ગયાં હતાં અને ગુરુહરિ પપ્પાજીના પ્રસાદીના સ્થાનોની વિડિયો પાડી હતી જે અમૂલ્ય મૂડી આપણને મળી છે.

પપ્પાજી, બેન, જ્યોતિબેન વગેરે સ્વરૂપો લેસ્ટર પધારે ત્યારે પોતાના ઘરે પધરામણી કરાવે, જમાડે અને રાખ રખાવટ કરે.

આમ તો એમની તબિયત નરમગરમ રહે પણ સેવામાં પાછી પાની ન કરે. સ્વરૂપો જ્યારે સુશીલામાસીને ઘરે ઉતર્યા હોય ત્યારે ખડે પગે સેવામાં રહે. પોતાની કાર હતી તો વડીલ ગૃહસ્થ બહેનો પપ્પાજીનો લાભ લેવા આવ્યા હોય તેમને પોતે ડ્રાઈવ કરીને ઘરે મૂકવા જાય. પોતાને ઘણીવાર હૉસ્પિટલમાં જઈને ઑક્સિજન લેવો પડે એવી તબિયત હોય તો પણ સત્સંગી માત્રની સેવામાં તત્પર રહેતાં. સત્સંગી નિષ્ઠાવાન સુશીલાબેનને પોતાની સાથે રાખ્યા હતા. બંને સંપીને ખૂબ સેવા કરતાં.

આવા સેવાભાવી મુક્ત વિમુબેનને કોટિ વંદન.

**★ વડોલી ગામના પૂ.સુમનબેન ઈશ્વરભાઈ પટેલ તા.૨૩.૧૨.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

સુમનબેન એટલે ગુરુહરિ પપ્પાજીને ૧૯૭૩ની સાલમાં પોતાના નિવાસમાં આમંત્રી હરખઘેલા થઈ દર્શનાર્થે સર્વેને બોલાવ્યા. પૂ.જસુબેન સાથે પાકી મિત્રતા. રસોઈ બનાવી હતી ૧૫-૨૦ મુક્તોની અને ગુરુહરિએ



તો બધાને પ્રસાદ લઈને જવાનું કહ્યું. પૂ.જસુબેને કહ્યું કે ચિંતા ન કરો. એ જ બધું બરાબર કરી જશે. આપણે જળ ધરાવી બધી રસોઈ પર છાંટી દઈએ. શ્રધ્ધાવાન અને નિષ્ઠાવાન સુમનબેને તેમ કર્યું ને અનુભવ્યું કે દોઢસો મુક્તો જમ્યા પછી પણ રસોઈ વધી. એક અનુભવ તેમને માટે બસ હતો. પછી તો બધાને આ રીત શીખવી પણ જળ કરવાની રીત ભૂલાઈ ગઈ. તેથી મૂર્તિને જળમાં ઝબોળતાં. પૂ.જસુબેન ફરી વિચરણમાં જાય એટલે નવી મૂર્તિની માંગ કરતા.

પોતાની ચારેય દીકરીઓ, દીકરા – વહુને આધ્યાત્મિક વારસો આપ્યો. ગામમાં તથા આડોશપાડોશમાં પણ પ્રભુ ઓળખાવ્યા કે જેઓ પરદેશ ગયાં ત્યાં પણ એ જ નિષ્ઠાથી જીવ્યાં.

ધન્ય છે કે જે પોતે પામ્યા તે બીજાને પણ વહેંચ્યું. એવા સુમનબેનને અંતરથી અંજલિ.

સર્વ પરિવારજનોને ખૂબ બળ મળે તે માટે પ્રાર્થના.

**★ વિદ્યાનગરના નિષ્ઠાવાન મુક્તરાજ પૂ.બળદેવભાઈ ઠક્કર તા.૨૭.૧૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.બળદેવભાઈની ૯૪ વર્ષની જીવનયાત્રા પૈકી ૧૯૭૬ થી ૨૦૨૧ના ૪૫ વર્ષનો કાર્યકાળ ગુરુહરિ પપ્પાજી તથા સ્વરૂપોની નિશ્રામાં જીવવાનો તેમને લહાવો મળ્યો. વર્ષ ૧૯૭૬માં પ્રથમ પત્ર દ્વારા અને રૂબરૂ પૂ.આચાર્યસ્વામીનો જોગ થયો. નિમિત્ત હતું તેમના પુત્રો હરિશભાઈ અને પૂ.સુહાસભાઈના ઉચ્ચ અભ્યાસ અર્થે સાંકરદા મંદિરે રહીને વડોદરા અભ્યાસ કરવા અંગેનું. પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી અને પૂ.આચાર્યસ્વામીજીએ પૂ.બળદેવભાઈને પ્રત્યક્ષની ઉપાસના કરાવીને, પ્રભુના સાચા સુખના ભોક્તા બનાવ્યા. તેમના થકી જે જીવનમૂલ્યો અને ઉચ્ચ સંસ્કાર મળ્યા તે બળદેવભાઈએ જીવનમાં સાંગોપાંગ ઉતાર્યા. જેમ કે,

– જયારે જ્યાં ત્યાં જેમ તેમ ચલાવી લઈ યથાર્થ સ્વરૂપનિષ્ઠા અને નિર્દોષબુદ્ધિ રાખી ધોખા-વાંધા કર્યા વિના, સંપ, સુહૃદભાવ, એકતાથી જીવન જીવ્યા.

– ભજન કરતાં કરતાં ક્રિયાયોગ કરવા.

– નવરાશની પળમાં મંત્રલેખન, ભજન ગાવા, સતશાસ્ત્રોનું વાંચન કરવું. સવારે નિયમિત પૂજાપાઠ, મહાપૂજા કરવી. સમૈયા ઉત્સવનો લાભ લેવો.

– વિદ્યાનગર આવ્યા બાદ પણ જ્યાં સુધી હાલી-ચાલી શકાતું હતું ત્યાં સુધી સંઘધ્યાનમાં, નાના-મોટા ઉત્સવોમાં તેઓ હાજર જ હોય. ભક્તિ એ જ તેમનું જીવન હતું.

તેમનું આખું કુટુંબ એકાંતિકી ભક્તિના માર્ગે પ.પૂ. દીદીબા, પૂ.આચાર્યસ્વામીની આજ્ઞા એ જ ઉપાસના એમ જીવન જીવવાના રાહ પર છે.

બળદેવભાઈએ અંતકાળે પ્રભુસ્મરણ કરતા કરતા ગુરુહરિ પપ્પાજીને યાદ કરતા કરતા દેહત્યાગ કર્યો તે મોટા અહોભાગ્ય. એમ જીવન અને મરણ ધન્ય કર્યા. એવા મહામુક્તરાજ પૂ.બળદેવભાઈને અંતરથી અનંત વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ.

**★ મૂળ નડિયાદ અને હાલ વડોદરા નિવાસી પૂ.વિમળાબેન અંબાલાલ ઠક્કર તા.૧૧.૧.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**

વિમળાબેન એટલે ખૂબ નિષ્ઠાવાન, આત્મીય, રાંક પ્રકૃત્તિના, સેવાભાવી અને સમતાનું સ્વરૂપ.



તેઓ જ્યારથી પૂ.જસુબેનના જોગમાં આવ્યાં ત્યારથી એક નિષ્ઠાથી પ્રભુ પપ્પાજીના સિદ્ધાંતે જીવ્યાં. પ.પૂ.પપ્પાજીની પ્રભુ તરીકેની નિષ્ઠા હૃદયમાં થઈ તો સર્વે સાથે નિર્દોષબુદ્ધિ ને માહાત્મ્યથી જીવ્યાં. પરિવારમાં પણ સંપની સાંકળ બની રહે તે માટે પોતે સમજપૂર્વક જીવતા ને બીજાને સમજાવી પ્રભુને જ ઉપાયભૂત કરતાં શીખવતાં.

પૂ.વિમળાબેને પોતાની એક દીકરી ભગવાન ભજવા

આપી તો બીજી દીકરીને પ્રભુ આપી સાસરે મોકલી. બંને દીકરીઓ, દીકરાઓને, વહુઓ તથા પરિવારજનો આજે પણ જ્યોતનાં અનન્ય સેવક થઈ જીવી રહ્યા છે. વિમળાબેને ક્યારેય કોઈ ફરિયાદ નથી કરી. તો વળી કોઈ અપેક્ષા પણ નથી રાખી.

એક જ વાત કરતાં કે, 'અમે તો સેવા કરવાના અધિકારી છીએ ને બાકીનું અમારા ચૈતન્યનું કામ તો ગુરુ કરી જ રહ્યા છે. કોઈ ચિંતા નથી. આનંદમાં છું હું.'

આવા જબરજસ્ત આંતરિક સંબંધ ધરાવનાર, અધ્યાત્મ પથ પર ચાલનાર ચૈતન્યને અનંત વંદન.


**★ અમદાવાદના પૂ.સુશીલાબેન નવનીતલાલ પરમાર તા.૧૨.૧.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**



અમદાવાદ જ્યોતમાં તેઓ પધારે ત્યારે હંમેશા હસમુખા સ્વભાવને કારણે સૌ સંત બહેનોને રાજી કરતાં. ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.જ્યોતિબેન અને પ.પૂ. ઈન્દુબેનમાં તેઓને અપ્રતિમ શ્રદ્ધા અને વિશ્વાસ. તેઓના ઘરે જ્યારે કોઈ પણ જાય ત્યારે તેઓ ખૂબ જ ભાવથી આગતાસ્વાગતા કરી જમાડે. ઘરમાં પણ તેઓ ટ્રસ્ટી તરીકે જીવન જીવતાં. ઘરમાં સૌને સંપનો વારસો સહજપણે આપેલ છે. મિતભાષી, વિશ્વાસુ, હસમુખા, પ્રત્યક્ષની ભક્તિમાં ભાવવાળા તેઓ હંમેશા ઈશ્વરઈચ્છાને પ્રાધાન્ય આપે. સૌ સાથે હળીમળીને રહ્યાં છે. સત્સંગીજનો સાથે પણ દીનભાવે વર્તી રાજીપો મેળવ્યો છે. એકાદશીની સભામાં અચૂક પધારતા. દશાંશ-વિશાંશ ભાગ પણ રાજીખુશીથી આપતાં. એવાં ભક્તરાજને અંતરથી નમન અને કુટુંબીજનો તેમનો સંપનો વારસો ખૂબ આગળ વધારે તેવી ગુરુહરિને પ્રાર્થના.

**✱ યુ.કે.ના નોર્ધમ્પટન મંડળના અનન્ય નિષ્ઠાવાન પૂ.અશોકભાઈ શાહ તા.૧૬.૧.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.અશોકભાઈ અને તેમનાં પત્ની પૂ.મધુબેન શાહ ઈ.સ.૧૯૭૬માં લંડનમાં પ.પૂ.બેનના જોગમાં આવ્યા. પ.પૂ.બેન થકી ગુરુહરિ પ.પૂ.પપ્પાજી વિશે ભગવાનપણાનો ભાવ જીવમાં દ્રઢ થયો. ગુણાતીત મિશન અને ગુણાતીત જ્યોતનાં બહેનોની આત્મીયતાથી માહાત્મ્યેયુક્ત સેવા કરી છે. પૂ.અશોકભાઈ ખૂબ આનંદી સ્વભાવના હતા.



તેઓને સંગીતનો પ્રખર શોખ હતો. પોતાનો આ શોખ ભક્તિ અર્થે વાપરી યુ-ટ્યુબ પર ચેનલ શરૂ કરી. જેમાં ગુણાતીત જ્યોતનાં ભજનો સાથે પપ્પાજીની વિધ વિધ મૂર્તિવાળી વિડિયો ક્લીપ બનાવીને મૂકતા. આમ અખંડ મનન ચિંતન ગુરુહરિ પપ્પાજીનું કર્યા જ કર્યું છે. સાથે સાથે આપણને પણ ભક્તિસભર રાખી પુણ્ય કમાયા છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી ગુણાતીત જ્યોતમાં ભજનો માટે કેરોયકી - ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝીક આપવાની અમૂલ્ય સેવા કરી, પોતાની ભક્તિને ચિરંજીવ બનાવી, ગુણાતીત જ્યોતનાં સર્વે સ્વરૂપોની પ્રસન્નતા મેળવી છે.

૭૦ વર્ષની ધર્મયાત્રા પૂર્ણ કરીને ગુરુહરિ પપ્પાજી અને દિવ્ય બેનના ચરણોમાં બિરાજી ગયા. ભક્તિમય જીવન જીવ્યા છે તેવા અશોકભાઈને કોટિ કોટિ વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ. તેમના આત્માને ખૂબ શાંતિ મળે અને કુટુંબીજનોને બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી અને દિવ્ય બેનના ચરણોમાં પ્રાર્થના.

## નિર્ણય

★ એકાદશી :
પોષ વદ-૧૧, શુક્રવાર, તા.૨૮.૧.૨૦૨૨

★ બ્ર.સ્વ.કાકાજીમહારાજનો સાક્ષાત્કારદિન :
ગુરુવાર, તા.૩.૨.૨૦૨૨

★ બ્ર.સ્વ.શાસ્ત્રીજીમહારાજ જયંતી :
વસંતપંચમી, મહા સુદ-૫, શનિવાર, તા.૫.૨.૨૦૨૨

★ એકાદશી :
મહા સુદ-૧૧, શનિવાર, તા.૧૨.૨.૨૦૨૨

★ પ.પૂ.તારાબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
સોમવાર, તા.૧૪.૨.૨૦૨૨

★ પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજીનો પ્રાગટ્યદિન :
મંગળવાર, તા.૧૫.૨.૨૦૨૨

To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2022-24**
**Lic Valid Upto: 31.12.2024**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT) :**
**Vallabh Vidyanagar MDG 388120**




Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India